અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


06 APRIL-2026 MONDAY | Vol. : 17 | Issue : 273 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3




ટ્રમ્પનું ઈરાનને અલ્ટીમેટમ- હોર્મુઝ ખોલો: કહ્યું- હવે સમય પૂરો થઈ રહ્યો છે, નહીં માનો તો તબાહ કરી દઈશું

4




ઈરાનના ક્રૂડ બાદ ત્યાંથી આવેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સે ભારતને ધમરોળ્યું

6



છેલ્લી ઓવરમાં 11 રન ના કરી શકતા GT સતત બીજી મેચ હારી, RRના તુષાર દેશપાંડેએ રંગ રાખ્યો

7



કસ્ટમ એક્સચેન્જના દર ઘટતા સોના ચાંદીમાં ઈફેક્ટીવ ઈમ્પોર્ટ ડ્યુટીમાં ઘટાડો

# TMCના પાપોનો ઘડો ભરાઈ ગયો છે: PM મોદી

## એક ખાસ ધર્મના લોકો બંગાળમાં હિંદુઓનું રહેવું મુશ્કેલ કરી દેશે

**કોલકાતા, તા.05**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પશ્ચિમ બંગાળના કૂચબિહારમાં એક ચૂંટણી સભામાં કહ્યું કે TMCના પાપોનો ઘડો ભરાઈ ગયો છે અને હવે જનતા પરિવર્તન ઈચ્છે છે. ચૂંટણી પછી ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી થશે, એક-એકનો હિસાબ લેવામાં આવશે.

PM મોદીએ કહ્યું કે 1905માં ધાર્મિક શક્તિઓએ બંગાળમાં લાલ ઈશ્તેહાર બહાર પાડ્યો હતો, જેના પછી હિંદુઓનો નરસંહાર થયો હતો. TMC તે જ યાદ અપાવવા માગે છે. એક ખાસ ધર્મના લોકો બંગાળમાં હિંદુઓનું રહેવું મુશ્કેલ કરી દેશે. વડાપ્રધાને આરોપ લગાવ્યો કે TMC શાસનમાં લોકતંત્ર નબળું પડ્યું છે. બંધારણીય સંસ્થાઓની અવગણના કરવામાં આવી રહી છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત 40 નેતાઓના નામ શામેલ છે.

પીએમ સાથે ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા અને નીતિન ગડકરી જેવા વરિષ્ઠ નેતાઓના નામ શામેલ છે.

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાને પણ સ્ટાર પ્રચારકોમાં સ્થાન આપવામાં આવ્યું છે.

કૂચબિહારમાં ચૂંટણી રેલી દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ ભાજપના કાર્યકરો સાથે વાતચીત કરી. તેમણે સમર્થકોને પૂછ્યું કે મહિલાઓ અને યુવાનો મત આપશે? જેના પર કાર્યકરોએ કહ્યું કે બધા મત આપશે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન શમશેરગંજમાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી. મમતાએ કહ્યું- જો TMCને સત્તામાં પાછી નહીં લાવવામાં આવે, તો ભાજપ બંગાળી ભાષા ખતમ કરશે. ગૃહમંત્રી અમિત શાહે રવિવારે બેપોર વિધાનસભા મતવિસ્તારમાં રોડ શો કર્યો. 9 એપ્રિલની ચૂંટણી પહેલા NDA માટે પ્રચાર કરી રહેલા ભાજપના નેતાનું સ્વાગત કરવા માટે હજારો લોકો એકઠા થયા હતા.

શાહે બેપોર વિધાનસભા મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર એડવોકેટ કેપી પ્રકાશ બાબુ માટે રોડ શો કર્યો.

રાજ્યમાં 9 એપ્રિલ, 2026ના રોજ વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, જેમાં કેરળ વિધાનસભાના 140 સભ્યોની ચૂંટણી યોજાવાની છે.



શાહ શનિવારે સાંજે કાલિકટ પહોંચ્યા, જ્યાં તેમણે માથોટ્ટમ બિજિથ જંકશનથી નાદુવટ્ટમ સુધી રોડ શો કર્યો. સેંકડો ભાજપના કાર્યકરો અને સમર્થકો રસ્તાની બંને બાજુ લાઈનમાં ઉભા હતા, તેઓ પક્ષના ધ્વજ લઈને અને ભગવી પાઘડી પહેરીને ઉભા હતા.

TVKના ચીફ વિજયે અગાઉ ચૂંટણી સોગંદનામા કર્યા હતા જેમાં કોઈ પેન્ડિંગ ફોજદારી કેસનો ઉલ્લેખ નહોતો. તેમણે હવે તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે રિટર્નિંગ ઓફિસર સમક્ષ દાખલ કરેલા નવા સોગંદનામામાં બે પેન્ડિંગ FIR જાહેર કરી છે.

આ નવું સોગંદનામું, જે 3 એપ્રિલના રોજ સૂચિત કરવામાં આવ્યું હતું, તે 4 એપ્રિલના રોજ એક પ્રતિનિધિ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. તેમાં ચેન્નાઈ અને મદુરાઈના બે કેસનો ઉલ્લેખ છે.

ભાજપના નેતા અને ખડગપુર સદર વિધાનસભા બેઠકના પક્ષના ઉમેદવાર દિલીપ ઘોષે કુલ 2 કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે. આ 2024ની લોકસભા ચૂંટણી દરમિયાન જાહેર કરાયેલા 1.82 કરોડ રૂપિયા કરતા વધારે છે. તેમણે 2024ની લોકસભા ચૂંટણી બર્ધમાન-દુર્ગાપુર મતવિસ્તારમાંથી લડી હતી પરંતુ તેમને સફળતા મળી ન હતી.

તેમના ચૂંટણી સોગંદનામા મુજબ, તેમની જંગમ સંપત્તિ હાલમાં 28.75 લાખ છે અને રોકડ આશરે 3.5 લાખ છે. તેમના પત્ની, રિંકુ મજુમદાર પાસે 22.98 લાખની જંગમ સંપત્તિ છે અને રોકડ આશરે 50 લાખ છે.

2026ની વિધાનસભા ચૂંટણી માટેના તેમના સોગંદનામામાં, ઘોષે એમ પણ જણાવ્યું હતું કે તેમના પર કોઈ દેવું નથી.

આસામના ઢેકિયાજુલી મતવિસ્તારના ભાજપના ઉમેદવાર અશોક સિંઘલે કહ્યું, '5 માર્ચે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને એક આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. 40-50 મતદારોના જૂથો 2,500 સ્થળોએ એકઠા થશે, જેમાં કુલ 1-1.25 લાખ લોકો હશે.'

ઉમેદવારો ઓનલાઈન ભાષણો આપશે, જેનું આ બધા સ્થળોએ એકસાથે લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આ નવો અભિગમ પ્રચાર ખર્ચ ઘટાડે છે, કારણ કે મતદારો નજીકના સ્થળોએ ભેગા થાય છે, જેનાથી મુસાફરી ખર્ચ ઓછો થાય છે. કોઈપણ મતવિસ્તારમાં અન્ય કોઈ ઉમેદવારે અગાઉ આવો ડિજિટલ પ્રયોગ કર્યો નથી.

CPIM નેતા બ્રિન્દા કરાતે કેરળના કન્નુરમાં જણાવ્યું હતું કે, 'કેરળમાં એક વિશાળ અભિયાન ચાલી રહ્યું છે. તેમાં કોઈ શંકા નથી કે લોકો LDFના ત્રીજા કાર્યકાળને સમર્થન આપવા માટે મોટી સંખ્યામાં બહાર આવી રહ્યા છે. આ LDF સરકારે કેરળ માટે કરેલા શાનદાર કામને કારણે છે. આ એક અનોખું મોડેલ છે કારણ કે તે લોકો-કેન્દ્રિત વિકાસ પર આધારિત છે.'

કેરળના વાંડૂરમાં શનિવારે કોંગ્રેસના સાંસદ શશિ થરૂરના ચૂંટણી પ્રચાર દરમિયાન તેમના કાફલાને રોકવા અને દુર્વ્યવહાર કરવાના આરોપમાં પોલીસે બે લોકોની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ચેલીથોડુ વિસ્તારમાં લગભગ પાંચ યુવાનોએ થરૂરના કાફલાને અટકાવ્યો હતો અને તેમને અપશબ્દો કહ્યા હતા. થરૂરના ગનમેનની ફરિયાદના આધારે આ મામલે એફઆઈઆર નોંધવામાં આવી છે. થરૂરે આ ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી, પરંતુ કહ્યું કે તેનાથી તેમના પ્રચાર પર કોઈ અસર થશે નહીં અને તેઓ તેમના કાર્યક્રમ ચાલુ રાખશે. ઘટના સમયે, થરૂર યુડીએફ ઉમેદવાર એપી અનિલ કુમારના સમર્થનમાં પ્રચાર કરી રહ્યા હતા. કેરળમાં 9 એપ્રિલે વિધાનસભા ચૂંટણી માટે મતદાન થશે, અને મતગણતરી 4 મેના રોજ થશે.

# અમદાવાદ પ્લેન દુર્ઘટનાના પીડિત પરિવારોનો PMને પત્ર

## કહ્યું- અમે પૈસા નહીં, અકસ્માતનું કારણ જાણવા માંગીએ છીએ, બ્લેક બોક્સ ડેટાની માગ

**અમદાવાદ, તા.05**

અમદાવાદમાં એર ઈન્ડિયા પ્લેન ક્રેશના 10 મહિના પછી લગભગ 30 પીડિત પરિવારોએ શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે PM પાસે ફ્લાઈટનો બ્લેક બોક્સ અને કોકપિટ વોઈસ રેકોર્ડર (CVR) ડેટા સાર્વજનિક કરવાની માગ કરી છે. પરિવારજનોએ કહ્યું, "અમને પૈસા નથી જોઈતા. અમારે સત્ય જાણવું છે. અમે જાણવા માંગીએ છીએ કે અકસ્માત શા માટે થયો અને શું તેમાં કોઈ તકનીકી ખામી હતી." પરિવારજનોનું કહેવું છે કે જો બ્લેક બોક્સ ડેટા સાર્વજનિક ન કરી શકાય, તો ઓછામાં ઓછો તેને ખાનગી રીતે પરિવારો સાથે શેર કરવામાં આવે. 12 જૂન 2025ના રોજ અમદાવાદથી લંડન જઈ રહેલું બોઈંગ 787-8 વિમાન ટેકઓફના તરત જ પછી મેડિકલ કોલેજ હોસ્ટેલ પર પડ્યું હતું. આ દુર્ઘટનામાં 241 મુસાફરો અને અન્ય 19 લોકો સહિત કુલ 260 લોકોના મોત થયા હતા.

પીડિત પરિવારોએ PMને લખેલા પત્રમાં એર ઈન્ડિયા તરફથી મદદના અભાવનો આરોપ લગાવ્યો. અકસ્માતમાં પોતાની માતા ગુમાવનાર કિંજલ પટેલે એર ઈન્ડિયાની વેબસાઈટના ઉપયોગમાં આવી રહેલી મુશ્કેલીઓનો ઉલ્લેખ કર્યો, જ્યાં પીડિતોના સામાનની ઓળખ કરવાની હોય છે.



તેમણે કહ્યું, "વેબસાઈટ પર 25,000થી વધુ સામાનની યાદી છે, પરંતુ તસવીરો સ્પષ્ટ નથી. આનાથી કંઈપણ શોધી કાઢવું કે ઓળખી કાઢવું લગભગ અશક્ય છે." જ્યારે પોતાની માતા, ભાઈ અને પુત્રી ગુમાવનાર ખેડાના રોમિન વોરાએ જણાવ્યું કે ડિજિટલ સાધનોની જાણકારી ન હોવાને કારણે ઘણા પરિવારોને મુશ્કેલી પડી રહી છે. તેમણે કહ્યું, "માત્ર એક ઈમેલ આઈડી છે અને જવાબ આવવામાં 15 દિવસ સુધી લાગી જાય છે. ગામના ઘણા લોકો ઈમેલનો ઉપયોગ કરતા પણ નથી જાણતા." તેમણે એમ પણ કહ્યું કે વેબસાઈટ પર ખાનગી સામાનને સાર્વજનિક રૂપે દર્શાવવું અસંવેદનશીલ છે. પ્લેન ક્રેશમાં 24 વર્ષના પુત્રના મૃત્યુ પછી નીલેશ પુરોહિતે કહ્યું, "હવે મારું ઘર બિલકુલ ખાલી લાગવા માંડ્યું છે. કોઈ પણ વળતર આ ખોટને પૂરી કરી શકતું નથી. અમને પૈસા નહીં, પરંતુ સત્ય જાણવું છે."

પીડિત પરિવારોએ પત્રની નકલ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB), ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ મોકલી છે. આ મામલે એર ઈન્ડિયાની પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ ગયા વર્ષે જુલાઈમાં પ્લેન ક્રેશનો પ્રારંભિક તપાસ રિપોર્ટ સુપરત કર્યો હતો. ફાઈનલ રિપોર્ટ આ વર્ષે જૂનમાં, એટલે કે દુર્ઘટનાની પ્રથમ વર્ષગાંઠની આસપાસ આવવાની સંભાવના છે.

AAIB એ 12 ફેબ્રુઆરીએ જણાવ્યું હતું કે અમદાવાદ પ્લેન ક્રેશની તપાસ હજુ ચાલુ છે. AAIB એ ઈટાલીના જાણીતા અખબાર કોરિએરે ડેલા સેરાના તે રિપોર્ટને ખોટો ગણાવ્યો હતો જેમાં ઘટના માટે પાયલટને દોષિત ઠેરવવાની વાત કહેવામાં આવી હતી. ઈટાલીના અખબારે અજ્ઞાત સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે તપાસકર્તાઓ આ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે આ દુર્ઘટના કોઈ ટેકનિકલ ખામીને કારણે થઈ ન હતી, પરંતુ પાયલટે જાણી જોઈને ફ્યુઅલ સ્વીચ બંધ કરી દીધી હતી. આ અંગે AAIBએ જણાવ્યું કે- તપાસ હજુ ચાલુ છે. કોઈપણ અંતિમ નિષ્કર્ષ પર પહોંચવામાં આવ્યું નથી.

# જસ્ટિસ નાગરત્ના બોલ્યા- ચૂંટણી પંચે સ્વતંત્ર રહેવું જોઈએ: કોઈ રાજકીય પ્રભાવ ન હોવો જોઈએ

**પટના, તા.05**

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીવી નાગરત્નાએ શનિવારે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ સંપૂર્ણપણે સ્વતંત્ર રહેવું જોઈએ અને તેના પર કોઈપણ પ્રકારનો રાજકીય પ્રભાવ ન હોવો જોઈએ. તેમણે કહ્યું કે અન્ય બંધારણીય સંસ્થાઓએ પણ પોતાની ગરિમા જાળવી રાખવી જોઈએ. તેમણે પટનાની ચાણક્ય નેશનલ લો યુનિવર્સિટીમાં 'કોન્સ્ટિટ્યુશનલિઝમ બિયોન્ડ રાઈટ્સ: વાય સ્ટ્રક્ચર મેટર્સ' વિષય પર વાત કરી. જસ્ટિસ નાગરત્નાએ કહ્યું- જો બંધારણીય માળખું ધીમે ધીમે નબળું પડે, તો તેનાથી બંધારણીય ભંગાણની સ્થિતિ ઊભી થઈ શકે છે, ભલે અધિકારો ઔપચારિક રીતે અસ્તિત્વમાં હોય.

જસ્ટિસ બીવી નાગરત્નાએ વધુમાં કહ્યું કે જ્યારે સંસ્થાઓ એકબીજાની તપાસ અને દેખરેખ કરવાનું બંધ કરી દે છે, ત્યારે જ



સાચી સમસ્યા શરૂ થાય છે. ચૂંટણી પંચ, કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (CAG) અને નાણા પંચ જેવી સંસ્થાઓ નિષ્પક્ષ વ્યવસ્થા જાળવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તેમણે ચૂંટણી પ્રક્રિયા પર કહ્યું કે આપણા લોકતંત્રમાં સમયસર ચૂંટણીઓ થવાથી સરકારો યોગ્ય રીતે બદલાતી રહે છે. આ પ્રક્રિયા પર નિયંત્રણનો અર્થ રાજકીય હરીફાઈના નિયમોને પોતાના હાથમાં લેવાનો છે.

આ પહેલા પણ સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ અને તેના અધિકારીઓના સંબંધમાં ટિપ્પણી કરી હતી. ખરેખરમાં ગુરુવારે પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં SIR સાથે સંકળાયેલા 7 ઈલેક્શન ઓબ્ઝર્વરને બંધક બનાવી લેવામાં આવ્યા હતા. આ ઘટના પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી.

કોર્ટે કહ્યું હતું- તેમને નવ કલાક બંધક બનાવી રાખ્યા. ખાવા-પીવાનું પણ મળ્યું નહીં. આ ઘટના સુનિયોજિત અને ઉશ્કેરણીજનક લાગે છે. અમને ખબર છે કે ઉપદ્રવીઓ કોણ છે, તેમનો હેતુ ન્યાયિક અધિકારીઓનું મનોબળ તોડવાનો અને ચૂંટણી પ્રક્રિયાને અવરોધવાનો છે.

CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ પંચોલીની બેન્ચે કહ્યું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે. બેન્ચે રાજ્યના ગૃહ સચિવ, DGP અને અન્ય અધિકારીઓ પાસેથી તેમની નિષ્ક્રિયતા પર જવાબ માંગ્યો. CEC જ્ઞાનેશ કુમારે કેસની તપાસ NIAને સોંપી હતી.

# શંકરાચાર્ય બોલ્યા- મોહન ભાગવત લગ્ન કરીને બાળકો કેમ નથી કરતા

## પહેલા પોતે કરો, પછી બીજાને કહો, ગૌ-માતાની રક્ષા માટે કાયદો બનાવો; અમે તમારી સાથે ઊભા રહીશું

**બરેલી, તા.05**

'અમે તો કહ્યું હતું કે મોહન ભાગવત અને તેમના પ્રચારકો આવે, લગ્ન કરે, બાળકો કરે, વસ્તી વધારો કરે. એક તરફ સરકાર કહી રહી છે કે વસ્તી વિસ્ફોટ થઈ રહ્યો છે. બીજી તરફ, આ લોકો વસ્તી વધારવાની વાત કરે છે. જો સંખ્યા વધારવી એટલી જરૂરી છે તો તમે લગ્ન કરીને બાળકો કેમ નથી કરતા. બીજાઓ પર બોજ કેમ નાખો છો. પહેલા પોતે કરો, પછી બીજાને કહો.' શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ રવિવારે બરેલીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ વાતો કહી. તેઓ RSS પ્રમુખના 3 બાળકો કરવાના નિવેદન સંબંધિત સવાલ પર જવાબ આપી રહ્યા હતા. ખરેખર, ભાગવત ઘણી વાર કહી ચૂક્યા છે કે હિંદુઓ માટે ત્રણ બાળકો હોવા જરૂરી છે. વિપક્ષને સમર્થન આપવાના સવાલ પર શંકરાચાર્યે કહ્યું કે સત્તા પક્ષ કહે છે કે અમે વિપક્ષની સાથે છીએ. હું તેમને કહેવા માંગુ છું કે તમે અમારી વાત સાંભળો. ગૌ-માતાની રક્ષા માટે કાયદો બનાવો. અમે તમારી સાથે ઊભા રહીશું. હું પક્ષ-વિપક્ષ કોઈની સાથે નથી. જે પણ અમારી વાત સાંભળશે. તેની સાથે ઊભો રહીશ. દેવભૂમિ ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું- જ્યારે યુદ્ધ થાય છે ત્યારે હંમેશા બે પક્ષ હોય છે, તેમાં એક ન્યાયનો અને બીજો અન્યાયનો હોય છે. જેમ કે આજે એક પક્ષ અમેરિકા અને ઈઝરાયેલ છે તો બીજો ઈરાન છે. આશ્ચર્ય છે કે આ મુદ્દે આખી દુનિયાના વિદ્વાનો મૌન છે. આ માનવતા સામેનો અપરાધ છે.

શંકરાચાર્યે કહ્યું કે યુદ્ધ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શું પ્રતિક્રિયા રહી. આ અંગે હું કંઈ કહેવા માંગીશ નહીં, પરંતુ એક વિદ્વાનનું આ કર્તવ્ય હોય છે કે તેણે



જણાવવું જોઈએ કે આ વ્યક્તિ અન્યાય કરી રહ્યો છે અને આ વ્યક્તિ અન્યાય સહન કરી રહ્યો છે, કારણ કે યુદ્ધમાં બંને સારા પક્ષો હોઈ શકે નહીં.

તેમણે કહ્યું- ભારત શરૂઆતથી જ બિનજોડાણવાદી દેશ રહ્યો છે. ભારત ક્યારેય યુદ્ધમાં કોઈની સાથે ઊભું રહ્યું નથી. આ પહેલો અવસર છે, જ્યારે વડાપ્રધાનના મૌનને કારણે લોકોના મનમાં આ સવાલ થઈ રહ્યો છે કે તેઓ કદાચ કોઈના પક્ષમાં ઊભા છે. શંકરાચાર્યે કહ્યું કે વડાપ્રધાન ખુલ્લેઆમ યહૂદીઓના પક્ષમાં છે. આ વાત આપણને ચિંતામાં મૂકે છે. શું ભારત યહૂદીઓની જાળમાં ફસાઈ રહ્યું છે? યુદ્ધને કારણે ગેસ સિલિન્ડરની અછત છે, પરંતુ વડાપ્રધાન અને મુખ્યમંત્રીને તેનો અહેસાસ નથી, કારણ કે તેમના આવાસની ન તો વીજળી જાય છે. ન તો રાશનની અછત થાય છે. તેમના માટે તો બધું સારું છે, પરંતુ જનતા ત્રસ્ત છે.

શંકરાચાર્યે કહ્યું કે મેં સરકારને ગૌ-માતાના મુદ્દે કાયદો લાવવા માટે સમય આપ્યો હતો, પરંતુ મારી વાત સાંભળવામાં આવી નહીં. હું વિપક્ષના નેતાઓને કહીશ કે ગૌ-માતાના મુદ્દે વોટ આપવા માટે લોકોને પ્રેરિત કરે. જનતાને કહેવા માંગીશ કે તેઓ ગૌ-માતાની રક્ષાના મુદ્દે વોટ આપે.

તેમણે કહ્યું કે જેમ જેમ ચૂંટણી નજીક આવશે લવ જેહાદ-ધર્મ પરિવર્તન જેવા અનેક મુદ્દાઓ ધ્યાન ભટકાવવા માટે સામે લાવવામાં આવશે, પરંતુ જનતાએ વિચલિત થવાનું નથી. તેમણે ફક્ત પોતાના મુદ્દાઓ પર જ મત આપવાનો છે. હિંદુ ધર્મમાં ગાય-માતાનું મોટું મહત્વ છે. જ્યારે પણ હિંદુઓના ઘરોમાં રોટલી બને છે ત્યારે પહેલી રોટલી ગાય-માતાને જ ખવડાવવામાં આવે છે.

શંકરાચાર્યે કહ્યું- અમે વારાણસીથી ચાલીને દિલ્હી થઈને ઋષિકેશ જઈ રહ્યા છીએ. ભગવાન બદ્રીનાથજીના ગ્રીષ્મકાલીન કપાટ ખુલવાના છે. તેના માટે પરંપરા અનુસાર જે જ્યોતિનો તેલનો ઘડો છે, તે રાજ પરિવાર તરફથી ઋષિકેશ આવ્યો છે. હવે ઋષિકેશથી 8 એપ્રિલે તેને બદ્રીનાથજી માટે જ્યોતિર્મઠ થઈને રવાના કરવામાં આવશે. આ પરંપરા છે. તેમણે જણાવ્યું- આ વખતે જે સમિતિ છે, તેમણે અમને વિનંતી કરી હતી કે તમે આવો. અમે તેના માટે જઈ રહ્યા છીએ. જતા સમયે અમારા મનમાં આ વાત આવી કે બરેલી ધર્મ-નગરી છે. અહીંના વિદ્વાનોએ જે રીતે સનાતન ધર્મ પ્રત્યે લોકોને હંમેશાથી જોડી રાખ્યા છે.



# શેર બજારમાં વધુ વળતરની લાલચ આપી 30 લાખની છેતરપિંડી

## દર મહિને 10 ટકા વળતર આપવાની લાલચ આપી શરૂઆતમાં વળતર ચૂકવ્યું; પૈસા આપવાનું બંધ થતા બે સામે ફરિયાદ




અમદાવાદ, તા.05

ચાંદખેડામાં રહેતા 65 વર્ષીય નિવૃત્ત નિરંજન મોદી સાથે 30 લાખની છેતરપિંડીનો આચરવામાં આવી છે.શેરબજારમાં રોકાણ કરાવવાનો વિશ્વાસ અપાવી દર મહિને 10 ટકા વળતર આપવાની લાલચ આપી ફરિયાદી પાસે રોકાણ કરાવ્યું હતું.

શરૂઆતમાં થોડું વળતર આપીને વિશ્વાસ જીત્યા બાદ કુલ 30 લાખ લઈ લીધા હતા.ત્યારબાદ આરોપીઓએ પૈસા આપવાનું બંધ કરી દીધું અને અલગ અલગ બહાનાં આપી સમય પસાર કર્યો હતો.અંતે રૂપિયા પરત ન મળતાં નિરંજન મોદીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં વિશાલ ભુવા અને ભૌમિક સોની સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

ચાંદખેડા વિસ્તારના નિરંજન મોદી નિવૃત જીવન જીવે છે. વર્ષ 2020માં રેલવે ડિપાર્ટમેન્ટની ડી.એફ.સી.સી. અંતર્ગત એન. કે.સી.નામની કંપનીની ઓફિસમાં નોકરી કરતા હતા. ત્યારે વિસ્ટા ઈન્ફોર્મેશન પ્રા. લિમિટેડ નામની કંપનીમાં નોકરી કરતા વિશાલ ભુવા સાથે મુલાકાત થઈ ગઈ હતી. ફરિયાદી રેલવે ડિપાર્ટમેન્ટમાંથી રિટાયર્ડ થયા હોવાની વિશાલ ભુવાને માહિતી મળી હતી.જેથી વિશાલ ભુવાએ ફરિયાદીને તેનો મિત્ર ભૌતિક સોની ફાઈનાન્સ કંપનીમાં કામ કરે છે અને શેર બજારનો ધંધો કરે છે.

જરૂરિયાત મંદ લોકોને ધિરાણ કરી ધિરાણ કરતા લોકોને 10 ટકા વળતર આપે છે અને વળતરની રકમ દર મહિને 1થી 10 તારીખમાં આપી દેવાનું વચન ફરિયાદીને આપ્યું હતું. જેથી ફરિયાદીને પણ વળતરની લાલચમાં રોકાણ કરવાની ઈચ્છા થઈ હતી. જે બાદ ફરિયાદીએ રોકાણ કરવા માટે વિશાલ ભુવાને 5 લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો.

જે બાદ વધુ રોકાણ કરી વધુ વળતર મેળવવાની ફરિયાદીને લાલચ આપવામાં આવી હતી.જેથી ફરિયાદીએ નફો મેળવવા માટે 15 લાખ બીજા રોકાણ માટે આપ્યા હતા.જેના થોડા સમય બાદ વિશાલ ભુવાએ વળતર પેટે કેસથી ટુકડે ટુકડે અલગ અલગ સમયે ફરિયાદીને 1.50 લાખ આપ્યા હતા.

જેથી ફરિયાદીને વિશ્વાસમાં લઈને વધુ વળતર મેળવવાની લાલચ આપીને કુલ 30 લાખ રૂપિયા લઈ લીધા હતા. જો કે થોડા સમય પહેલા પૈસા આપવાનું બંધ કરી દીધું હતું. જેથી ફરિયાદીએ રૂપિયાની માંગણી કરતા રોકાણ કરેલા રૂપિયા ભૌમિક સોનીએ રોકાણ કર્યા હોવાનો દાવો કર્યો હતો. ફરિયાદી તેની પાસેથી રૂપિયા પરત માંગતા વહીવટ સંભાળનારનું અવસાન થઈ ગયું હોવાનું કહી સમય પસાર કરી દીધો હતો. અનેક વખત ફરિયાદીએ રૂપિયાની માંગણી કરતા વળતર આપવાની લાલચ આપીને 30 લાખ મેળવી પરત ન આપતા ફરિયાદીએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ વિશાલ ભુવા અને ભૌમિક સોની સામે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બોડકદેવમાં રહેતી 27 વર્ષીય યુવતી 3 વર્ષથી એસજી હાઈવે પર આવેલી એક કંપનીમાં નોકરી કરે છે. આ કંપનીમાં ટીમ મેનેજર તરીકે કામ કરતો મનન મહેતા (રહે. મુંબઈ) મુંબઈ ઓફિસમાં બેસે છે. વર્ષ 2024માં મનને તેનું ખાતુ ફ્રીઝ થઈ ગયું હોવાનું કહીને યુવતી પાસે નાણાં માંગ્યા હતા. જેથી સાથીકર્મી હોવાના કારણે યુવતીએ મનનને 22 હજાર આપ્યા હતા. યુવતીએ એક વાર નાણાં આપતા જ મનનને આદત પડી ગઈ હતી અને વારંવાર નાણાં માગતો હતો. ક્યારેક તે ઈમોશનલ બ્લેકમેલ કરતો હતો અને પૈસા નહીં આપે તો આત્મહત્યા કરવાનો વારો આવશે તેમ કહીને નાણાં પડાવતો હતો.

મનને યુવતીને તારી નોકરીનું પ્રમોશન મારા હાથમાં છે અને પૈસા નહિ આપે તો અટકાવી દઈશ દેવી ધમકી પણ આપી હતી. આમ, યુવતીએ તેની બચત, પર્સનલ લોન કરાવીને, ક્રેડિટકાર્ડ અને મ્યુચ્યુઅલ ફંડ તોડાવીને મનનને પૈસા આપ્યા હતા. મનન મહેતાએ ખોટા બહાના બતાવીને યુવતી પાસે 18 લાખથી વધુની રકમ પડાવીને પાંચ છ માસમાં પરત આપવાનો વાયદો કર્યો હતો. પરંતુ બાદમાં નોકરી છૂટી ગઈ છે તેમ કહીને નાણાં ન આપતા આખરે યુવતીએ પોલીસનો સહારો લીધો છે. યુવતીએ મનન મહેતા સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પાકિસ્તાનની ગેંગનો વોન્ટેડ આરોપી ઝડપાયો: ISIનું કામ કરતી ગેંગમાં રહી ભારતમાં પોલીસ સ્ટેશન-સુરક્ષા એજન્સીના એકમો પર વિસ્ફોટ કરાવતો



અમદાવાદ, તા.05

ગુજરાત ATS અને બનાસકાંઠા SOGએ સંયુક્ત ઓપરેશન કરીને પાકિસ્તાની ગેંગસ્ટર શહેઝાદ ભટ્ટી ગેંગના સભ્ય અને ભારતના પંજાબ રાજ્યના ગ્રેનેટ કેસમાં વોન્ટેડ બિક્રમજીતસિંઘની ડીસામાંથી ધરપકડ કરી છે.આરોપી ગ્રેનેટની સપ્લાય અને સુરક્ષા એજન્સીઓના એકમો ઉપર ગ્રેનેટ મારફતે વિસ્ફોટ કરાવવાનું કામ કરાવતો હતો.હાલ આરોપી કેટલાક સમયથી ડીસા ખાતે એક ઢાબામાં છૂટક મજૂરી કામ કરી રહ્યો હતો. આરોપીની ધરપકડ કરી ATSએ વધુ તપાસ હાથ ધરી છે.

પંજાબ પોલીસે ગુજરાત ATSને વોન્ટેડ આરોપીની માહિતી શેર કરી હતી.જેના પર કામ કરીને તપાસ કરતા વોન્ટેડ આરોપી બિક્રમજીતસિંહ છે જે હાલ ડીસા ખાતે એક ઢાબામાં છૂટક મજૂરી કામ કરતો હોવાની માહિતી મળી હતી. ATSએ અલગ અલગ ટીમ બનાવી બનાસકાંઠા SOGની મદદથી ડીસાના એક ઢાબામાંથી બિક્રમજીતસિંઘની ધરપકડ કરી હતી.

આરોપીની પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે આરોપી શહેઝાદ ભટ્ટીની સાથે મળીને ગ્રેનેટ સપ્લાય અને સુરક્ષા એજન્સીના એકમો ઉપર ગ્રેનેટ મારફતે વિસ્ફોટ કરવાનું કામ કરાવતો હતો. આરોપી પંજાબથી દૂર રહી શહેઝાદ ભટ્ટી માટે પંજાબના સ્થાનિક માણસોને ગેંગમાં જોડતો અને ભટ્ટીની સૂચના મુજબ પોલીસ સ્ટેશન અને અન્ય સુરક્ષા એજન્સીના એકમો ઉપર હુમલો કરાવવાના કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવતો હતો.

આરોપી પાકિસ્તાની ઈન્ટેલિજન્સ એજન્સી ISI માટે કામ કરતો પાકિસ્તાની ગેંગસ્ટર છે. જે ભારતના પંજાબ રાજ્યમાં ISI માટે આતંકવાદી પ્રવૃત્તિને અંજામ આપે છે,તેમજ સુરક્ષા એજન્સી અને પોલીસ સ્ટેશન ખાતે ખ્યાતનામ વ્યક્તિ ઉપર ગ્રેનેટ મારફતે હુમલો કરાવી રહ્યો છે.જે અંગે સ્પેશિયલ ઓપરેશન થતા અમૃતસર ખાતે ગુનો પણ નોંધવામાં આવ્યો છે. અગાઉના ગુનામાં કેટલાક આરોપીની ધરપકડ પણ કરવામાં આવી છે.ત્યારે હવે આ ગુનામાં વોન્ટેડ બિક્રમજીતસિંઘની ધરપકડ કરીને પંજાબ પોલીસને આપવામાં આવશે.

# ટીન્ડર પરની મિત્રતા યુવકને ભારે પડી!: ડેટિંગ એપ પર સંપર્ક કરી યુવતીએ રોકાણની લાલચ આપી રૂ.56 લાખની છેતરપિંડી આચરી




અમદાવાદ, તા.05

શહેરમાં ફાર્મા કંપનીના ડેપ્યુટી મેનેજર યુવકે ડેટિંગ એપ પર યુવતી સાથે મિત્રતા કરી જે બાદ યુવતીની વાતોમાં આવીને અજાણી એપ્લિકેશનમાં રોકાણ કર્યું હતું. યુવકે લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું, જેની સામે મોટો નફો બતાવતા હતાં, જેથી યુવકે નફો ઉપાડવા વધુ લખો રૂપિયા ભર્યા છતાં યુવકને કોઈ રકમ પરત આપી નહોંતી. યુવક સાથે થયેલી 56.35 લાખની છેતરપિંડી મામલે યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મણીનગરમાં રહેતો 40 વર્ષીય યુવક ફાર્મા કંપનીમાં ડેપ્યુટી મેનેજર તરીકે નોકરી કરે છે. યુવક પાંચ વર્ષથી ડેટિંગ એપ્લિકેશન ટિન્ડર વાપરે છે. યુવકને ટીન્ડર પર આરોહી ગુપ્તા નામની યુવતી સાથે સંપર્ક થયો હતો. બંને થોડા સમય વાતચીત કરી જે બાદ આરોહીએ યુવકને કરન્સી ટ્રેડિંગના રોકાણ કરવાનું જણાવ્યું હતું, જેમાં સારો નફો થાય એવી લાલચ આપી હતી. યુવકે આરોહીની વાતોમાં આવીને એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી, જેમાં યુવકે તેની ડોક્યુમેન્ટ સહિતની વિગતો ભરીને એકાઉન્ટ ખોલાવ્યું હતું. એકાઉન્ટમાં શરૂઆતમાં યુવકે 40,000નો રોકાણ કરતા નફા સાથે 43,000થી વધુ ની રકમ બતાવતા હતા, જેથી યુવકને વિશ્વાસ આવી ગયો હતો.

યુવકે આરોહીની વાતોમાં વિશ્વાસ કરીને ટુકડે-ટુકડે એપ્લિકેશનમાં 35. 40 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જેની સામે યુવકને 1.24 કરોડ રૂપિયા નફો બતાવતા હતા. યુવકે નફા સાથેની રકમ ઉપાડવાનો પ્રયત્ન કરતા યુવકને ટેક્સ અને અલગ અલગ બહાના હેઠળ પૈસા ભરવાનું જણાવતા યુવકે 17 લાખ અને 3.95 લાખ એમ અલગ-અલગ રકમ પણ ભરી હતી. છતાં યુવકને કોઈ રકમ પરત આપવામાં આવી નહોતી, જેથી યુવકને તેની સાથે ફ્રોડ થયાની જાણ થતા યુવકે 56.35 લાખની છેતરપિંડી મામલે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# અમદાવાદના એક વોર્ડમાં ભાજપના 12 નામ નક્કી થશે: ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં નામો નક્કી કરાશે, આજથી ઘરે ઘરે પત્રિકા વિતરણ કરી પ્રચારના શ્રીગણેશ



અમદાવાદ, તા.05

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા ઉમેદવારો નક્કી કરવા માટેની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.અમદાવાદ મહાનગરપાલિકા માટે શહેર ભાજપ દ્વારા સંકલન સમિતિની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં વિધાનસભા મુજબ આવતા વોર્ડના ઉમેદવારોના નામ નક્કી કરવામાં આવી રહ્યા છે.આજે 5 એપ્રિલના રોજ બીજા દિવસે પણ સંકલન સમિતિની બેઠક મળશે. જેમાં પશ્ચિમ વિસ્તારના નામો માટે ચર્ચા કરવામાં આવશે.એક વોર્ડમાં 12 જેટલા નામની પેનલ તૈયાર કરવામાં આવશે.આજથી ભાજપ દ્વારા પ્રચારની શરૂઆત કરી દેવામાં આવી છે અને ઘરે ઘરે પત્રિકા વિતરણ કરવામાં આવ્યું છે.

ભાજપના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના 48 વોર્ડમાંથી 192 બેઠક માટે 2364 જેટલા દાવેદારો દ્વારા દાવેદારી નોંધાવવામાં આવેલી છે. ઉમેદવારોના બાયોડેટા મેળવ્યા બાદ ભાજપ દ્વારા ગઈકાલે 4 એપ્રિલથી સંકલન સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. ઉમેદવારોના નામની ગુપ્તતા જળવાઈ રહે તેના માટે ભાજપ દ્વારા ગુપ્ત સ્થળે બેઠક બોલાવવામાં આવી હતી.

જેમાં શહેર પ્રમુખ, મહામંત્રીઓ પ્રદેશના હોદ્દેદારો અને ધારાસભ્યો સહિતના નેતાઓ દ્વારા ઉમેદવારોના બાયોડેટાની ચકાસણી કરી અને એક ઉમેદવાર માટે ત્રણ નામ એમ એક વોર્ડમાં ચાર ઉમેદવાર માટે 12 નામની પેનલ તૈયાર કરવામાં આવી રહી છે. શહેરમાં સંકલન બેઠક બાદ પ્રદેશ સંકલન સમિતિની બેઠક મળશે જેમાં આ તમામ ઉમેદવારોના નામની પેનલ પર ચર્ચા કર્યા બાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ચર્ચા થશે.

ગુજરાતમાં યોજાના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની શહેર અને પ્રદેશ સંકલન સમિતિની બેઠક બે દિવસમાં પૂર્ણ કરવામાં આવશે જેમાં સમગ્ર ગુજરાતમાં મહાનગરપાલિકા નગરપાલિકા અને જિલ્લા તેમજ તાલુકા પંચાયતની ચૂંટણીઓ માં જે દાવેદારોએ દાવેદારી કરી છે તેના બાયોડેટા ની તપાસ કરીને અલગ અલગ નામોની પેનલ તૈયાર કરી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં મૂકવામાં આવશે.ગુજરાત ભાજપ પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક 6 એપ્રિલથી 8 એપ્રિલ સુધીમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને મળશે. પાર્લામેન્ટરી બોર્ડમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારોના નામ ઉપર અંતિમ મહોર મારવામાં આવશે. જે બાદ 9 અથવા 10 એપ્રિલના રોજ ગુજરાત ભાજપ દ્વારા મહાનગરપાલિકાની બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

ગુજરાત ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્ય અને મહાનગરપાલિકાની ચૂંટણીઓને લઈને આજથી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવશે. આજે 5 એપ્રિલથી ઘર ઘર સંપર્ક અભિયાન અંતર્ગત લોકોમાં પત્રિકા વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતના તમામ નેતાઓ કાર્યકર્તાઓને ભૂત પ્રમુખો દ્વારા ઘરે ઘરે જઈને ભાજપ દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં અને છેલ્લા પાંચ વર્ષમાં વિસ્તારમાં થયેલા વિકાસ કાર્યોની તમામ માહિતી લોકો સુધી પહોંચે તેના માટેની પત્રિકાઓ દરેક બુથ પ્રમુખો સુધી પહોંચાડવામાં આવી છે અને તેમના દ્વારા સોસાયટી અને ફ્લેટોમાં વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

# રાજ્યમાં કમોસમી વરસાદનો વધુ એક રાઉન્ડ: 6 અને 7 એપ્રિલે અનેક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના.....



અમદાવાદ, તા.05

રાજ્યમાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા અનેક જિલ્લામાં કમોસમી વરસાદ થઈ શકે છે. આગામી 6 અને 7 એપ્રિલે અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે પવનની ગતિમાં વધારો પણ થઈ શકે છે અને ત્યારબાદ 8 એપ્રિલથી તાપમાનમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમજ માછીમારોને 6 અને 7 એપ્રિલે દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હવામાનમાં ફરી એકવાર પલટો આવશે. હવામાન વિભાગ દ્વારા 7 એપ્રિલે દ્વારકા, જામનગર, રાજકોટ, દાહોદ અને પંચમહાલ સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. મોરબી, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને પાટણ જિલ્લાઓમાં પણ છૂટોછવાયો વરસાદ પડી શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં ગરમીનો માહોલ જોવા મળતો હતો. પરંતુ કમોસમી વરસાદથી તાપમાનમાં થોડો ઘટાડો થવાની શક્યતા છે.

6 અને 7 એપ્રિલ દરમિયાન પવનની ગતિમાં નોંધપાત્ર વધારો થશે. જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અસર વધુ જોવા મળી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને બે દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. દરિયામાં ઊંચી તરંગો અને તેજ પવનને કારણે જોખમ વધવાની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં આગામી દિવસોમાં મહત્તમ તાપમાન આશરે 35 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની આગાહી છે. જો કે ત્રણ દિવસ બાદ વાતાવરણમાં ફરી પલટો આવશે તાપમાનમાં વધારો નોંધાઈ શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહી છે. જેની અસર રાજ્યના અનેક જિલ્લાઓમાં જોવા મળવાની છે. દ્વારકા, જામનગર, મોરબી, કચ્છ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, પંચમહાલ, મહીસાગર સુધી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળવાની છે. 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જેથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદ થઈ શકે છે.

વધુમાં પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, જે બાદ વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાનમાં કોઈપણ પ્રકારનો ખાસ બદલાવ આવ્યો નથી. સૌરાષ્ટ્રમાં પણ સામાન્ય કરતા તાપમાન ઓછું જોવા મળી રહ્યું છે. 3 દિવસ સુધી કોઈ બદલાવ આવશે નહીં જે બાદ ધીમે ધીમે તાપમાનમાં વધારો નોંધાઈ શકે છે. આવતીકાલથી બે દિવસ 60થી 65 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. અમદાવાદમાં 35 ડિગ્રી અને ગાંધીનગરમાં 34 ડિગ્રી તાપમાન નોંધાઈ શકે છે.

# જુહાપુરા ચાર રસ્તા પાસે BRTS બસ કેબિન પાસે બાઈકમાં આગ લાગી, બોપલમાં ગેસ લિકેજની ઘટનાથી દોડધામ



અમદાવાદ, તા.05

અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં ગઈકાલે(4 એપ્રિલ) રાતે આગ લાગવાની ઘટના બની હતી. જુહાપુરા ચાર રસ્તા પાસે આવેલી BRTS કેબિનની બિલકુલ બાજુમાં પાર્ક કરવામાં આવેલી એક મોપેડ (બાઈક) માં અચાનક અગમ્ય કારણોસર આગ લાગી હતી. આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. જોકે આ મામલે ફાયર બ્રિગેડમાં કોઈ જાણ કરવામાં આવી નથી. સ્થાનિક લોકોએ આગને કાબૂમાં લઈ લીધી હતી.

જુહાપુરા ચાર રસ્તા પાસે BRTS કેબિન પાસે એક બાઈકમાં આગ લાગી હતી. બાઈકમાં આગ લાગતા થોડીવારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને બાઈક આખેઆખી બળીને ખાખ થઈ ગઈ હતી. બાઈકમાં લાગેલી આગના કારણે BRTS કેબિનને પણ નુકસાન થયું હતું. ચાર રસ્તા જેવો વ્યસ્ત વિસ્તાર હોવાથી લોકોના ટોળેટોળા એકઠા થયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ BRTS કેબિનની નજીક જ આગ લાગી હોવાથી થોડો સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ આગ બુઝાવી દીધી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. ફાયર બ્રિગેડમાં કોઈ કોલ મળ્યો નથી.

શહેરના બોપલ વિસ્તારમાં VIP રોડ પર હનુમાન મંદિર નજીક મોડી રાત્રે એક વાગ્યાની આસપાસ ગેસ લીકેજ થયો હોવાનો મેસેજ ફાયર બ્રિગેડની ટીમને મળ્યો હતો. રાત્રે ઘરમાં સૂતેલા લોકોને ગેસ લીકેજ થયો હોવાની ગંધ આવી હતી. જેના પગલે ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી અને ગેસ કંપનીના અધિકારીઓને પણ જાણ કરી હતી, જેથી તેઓ પણ સ્થળ ઉપર પહોંચ્યા હતા. ગેસની ગંધના કારણે આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જોકે ફાયરની ટીમ અને ગેસ કંપનીના લોકો પહોંચી ગયા હતા જેથી કોઈ જાનહાનિ થઈ નથી.

# MICAનો 31મો દીક્ષાંત સમારોહ: 255 વિદ્યાર્થીને ડિગ્રી-ફેલોશિપ એનાયત, અંતિમ પ્લેસમેન્ટમાં 7 ટકાનો વધારો: જયા દેશમુખ



અમદાવાદ, તા.05

સ્કૂલ ઓફ આઈડિયાઝ MICAનો 31મો દીક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. 31માં દીક્ષાંત સમારોહમાં અલગ-અલગ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. જેમાં 255 વિદ્યાર્થીઓને ડિપ્લોમા, પ્રમાણપત્રો અને ફેલોશિપ એનાયત કરવામાં આવી હતી. ટાટા સ્ટારબક્સના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુશાંત દાશ દીક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ MICAની ગવર્નિંગ કાઉન્સિલના સભ્યો, ફેકલ્ટી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્નાતક વિદ્યાર્થીઓના પરિવારોએ પણ હાજરી આપી હતી.

31માં દીક્ષાંત સમારોહમાં કુલ 255 વિદ્યાર્થીઓને ડિગ્રી આપવામાં આવી હતી. જેમાં સ્નાતક જૂથમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ કોમ્યુનિકેશન્સના 152 વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટના 49, ક્રાફ્ટિંગ ક્રિએટિવ કોમ્યુનિકેશન્સ પ્રોગ્રામના 48 અને ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટના 6 વિદ્યાર્થીઓને ડિગ્રી, પ્રમાણપત્રો અને ફેલોશિપ એનાયત કરવામાં આવી હતી.

MICAના ડિરેક્ટર અને CEO જયા દેશમુખે જણાવ્યું હતું કે, જેમ જેમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જીવનના દરેક પાસામાં સમાવિષ્ટ થઈ રહ્યું છે. તેમ તેમ વિશ્વ કલ્પનાના યુગમાં આગળ વધી રહ્યું છે. આપણી ભૂમિકા એવા સર્જનાત્મક વિચારકોને ઉછેરવાની છે જે ભવિષ્યને આકાર આપી શકે. આ દીક્ષાંત સમારોહ વિદ્યાર્થીઓ માટે પ્રતિબિંબ અને નવીકરણ બંનેનું પ્રતીક છે. MICA DNAમાં કંઈક એવું છે જે તમારામાંના દરેકને તમે જે કરવાનું પસંદ કરો છો તેમાં અલગ પાડશે. સ્નાતકોને સંસ્થાના જિજ્ઞાસા, સહાનુભૂતિ અને સ્થિતિસ્થાપકતાના મૂલ્યોને આગળ વધારવા વિનંતી કરી.

વધુમાં જયા દેશમુખે જણાવ્યું હતું કે, જે સર્જનાત્મકતા, સંસ્કૃતિ, સંદેશાવ્યવહાર, વાણિજ્ય અને સમુદાયને એકીકૃત કરે છે. શૈક્ષણિક ઓફરોના વિસ્તરણની પણ નોંધ લીધી છે. જેમાં બ્રાન્ડ મેનેજમેન્ટ, સેલ્સ અને CRM, પ્રોડક્ટ મેનેજમેન્ટ, બિઝનેસ એનાલિસિસ અને કન્સલ્ટિંગ, અને ડેટા સાયન્સ અને એનાલિટિક્સ જેવા નવા વિશેષતાઓનો સમાવેશ થાય છે. જેમાં FMCG, મીડિયા અને મનોરંજન અને નાણાકીય સેવાઓ સહિતના ક્ષેત્રીય ફોકસ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. MICAમાં ઉનાળાના ઈન્ટર્નશિપ સ્ટાઈપેન્ડમાં 17 ટકાનો વધારો અને સરેરાશ અંતિમ પ્લેસમેન્ટમાં લગભગ 7 ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે. AI તમને વિકલ્પો આપશે. તમારું કામ સમજદારીપૂર્વક પસંદગી કરવાનું છે. તેમ તેમ વિશ્વ કલ્પનાના યુગમાં આગળ વધી રહ્યું છે. આપણી ભૂમિકા એવા સર્જનાત્મક વિચારકોને ઉછેરવાની છે જે ભવિષ્યને આકાર આપી શકે. આ દીક્ષાંત સમારોહ વિદ્યાર્થીઓ માટે પ્રતિબિંબ અને નવીકરણ બંનેનું પ્રતીક છે. MICA DNAમાં કંઈક એવું છે જે તમારામાંના દરેકને તમે જે કરવાનું પસંદ કરો છો તેમાં અલગ પાડશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઈરાનના પહાડોમાં છુપાયો હતો અમેરિકન પાઈલટ: 36 કલાકમાં દુશ્મનોની વચ્ચેથી બચાવાયો, ટ્રમ્પે કહ્યું- આ ઈતિહાસનું સૌથી સાહસિક રેસ્ક્યુ ઓપરેશન

વોશિંગ્ટન, તા.05

અમેરિકાના એક F-15 ફાઈટર જેટને ઈરાન ઉપર તોડી પાડવામાં આવ્યા બાદ તેના બંને ક્રૂ મેમ્બર્સને અમેરિકી સ્પેશિયલ ફોર્સે બચાવી લીધા છે.

શનિવારે સ્પેશિયલ કમાન્ડો યુનિટ દ્વારા ડઝનબંધ ફાઈટર પ્લેન સાથે ઈરાનમાં ઓપરેશન ચલાવવામાં આવ્યું. અમેરિકાના ફાઈટર પ્લેનોએ ઈરાની ફોર્સને તે વિસ્તાર સુધી પહોંચતા રોકવા માટે હુમલા પણ કર્યા.

આ દરમિયાન ભારે ગોળીબાર થયો, પરંતુ અંતે અમેરિકન ટીમ અધિકારીને સુરક્ષિત બહાર કાઢવામાં સફળ રહી અને બધા સૈનિકો ઈરાનમાંથી બહાર આવી ગયા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેને અમેરિકાના ઈતિહાસનું સૌથી સાહસિક સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ગણાવ્યું છે.

અમેરિકન વેબસાઈટ એક્સિયોસે 3 અધિકારીઓના હવાલાથી જણાવ્યું કે ઈરાને શુક્રવારે F-15 વિમાન તોડી પાડ્યું હતું. તેમાં બે લોકો હતા. એક પાઈલટ અને એક વેપન સિસ્ટમ ઓફિસર (જે હથિયારોને ઓપરેટ કરે છે).

પાઈલટને થોડા કલાકોમાં જ બચાવી લેવામાં આવ્યો હતો. પરંતુ બીજો ક્રૂ મેમ્બર, જે વેપન સિસ્ટમ ઓફિસર હતો, તે પેરાશૂટથી ઉતર્યા પછી ઘાયલ થયો. ઈજા થઈ હોવા છતાં તે ચાલવાની સ્થિતિમાં હતો. આ પછી તે ઈરાનના પહાડી વિસ્તારમાં છુપાઈ ગયો અને ત્યાં એક દિવસથી વધુ સમય સુધી રહ્યો.

તેણે પોતાની SERE ટ્રેનિંગ (જીવતા રહેવું, બચવું, વિરોધ કરવો અને બહાર નીકળવું) નો ઉપયોગ કરીને કોહગિલુયેહ અને બોયર-અહમદ પ્રાંતના મુશ્કેલ પહાડી વિસ્તારમાં પોતે છુપાઈ રહ્યો.

અમેરિકા અને ઈરાન બંને તેને શોધી રહ્યા હતા. ઈરાનની IRGC (રિવોલ્યુશનરી ગાર્ડ) પણ તેને પકડવા માટે ત્યાં પહોંચી ગઈ હતી.

બીજા અધિકારીને શોધવું ખૂબ મુશ્કેલ હતું. આ માટે CIA એ એક યુક્તિ કરી. તેમણે ઈરાનની અંદર ખોટી માહિતી ફેલાવી કે અમેરિકી સેના તેને પહેલાથી જ શોધી ચૂકી છે અને તેને બહાર કાઢવાની તૈયારી કરી રહી છે. આનાથી ઈરાનની શોધની દિશા ભટકી ગઈ.

આ દરમિયાન CIA એ પોતાની ખાસ ટેકનિકનો ઉપયોગ કરીને તે અધિકારીનું સાચું લોકેશન શોધી કાઢ્યું. આ લોકેશન પેન્ટાગન, અમેરિકી સેના અને



વ્હાઈટ હાઉસને આપવામાં આવ્યું. આ પછી રાષ્ટ્રપતિ ટ્રમ્પે તરત જ રેસ્ક્યુ ઓપરેશનનો આદેશ આપ્યો.

શનિવારે સ્પેશિયલ કમાન્ડો યુનિટ દ્વારા ભારે હવાઈ સુરક્ષા સાથે ઓપરેશન ચલાવવામાં આવ્યું. અમેરિકન ફાઈટર પ્લેનોએ ઈરાની સેનાને તે વિસ્તાર સુધી પહોંચતા રોકવા માટે હુમલા પણ કર્યા.

ઘાયલ ઓફિસર પાસે ફક્ત એક પિસ્તોલ હતી. જ્યારે અમેરિકાની સેના તે એરમેન સુધી પહોંચવા લાગી, ત્યારે ગોળીબાર પણ થયો. પરંતુ અંતે અમેરિકન ટીમ અધિકારીને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળ રહી અને બધા સૈનિકો ઈરાનથી બહાર આવી ગયા.

અમેરિકાના પૂર્વ સેના અધિકારી મેજર જનરલ (નિવૃત્ત) માર્ક મેકકાર્લીએ CNNને જણાવ્યું કે જે વિસ્તારમાં આ ઘટના બની હતી, તે પહાડી અને સંપૂર્ણપણે નિર્જન હતો. આ સાથે જ ઈરાન તરફથી તે સૈનિકને પકડવા પર ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

આ તમામ પરિસ્થિતિઓને જોતા આ મિશન અત્યંત ખતરનાક હતું. મેકકાર્લીએ એમ પણ જણાવ્યું કે તે સૈનિકનું લોકેશન એક ઈમરજન્સી બીકન (સિગ્નલ આપતું ડિવાઈસ) દ્વારા શોધી કાઢવામાં આવ્યું હશે. જ્યારે ફાઈટર જેટ પડે છે, ત્યારે આ બીકન સતત કમાન્ડ સેન્ટરને લોકેશન મોકલતું રહે છે.

આ રેસ્ક્યુ મિશનની શરૂઆત શુક્રવારે થઈ, જ્યારે F-15E સ્ટ્રાઈક ઈગલ વિમાનને ઈરાનની સેનાએ તોડી પાડ્યું. આ એક મહિનાથી ચાલી રહેલા યુદ્ધમાં પહેલી વખત હતું, જ્યારે કોઈ અમેરિકી ફાઈટર જેટને દુશ્મનની ફાયરિંગથી તોડી પાડવામાં આવ્યું.

F-15E વિમાનમાં બે લોકો હતા, જે ઈજેક્ટ થઈને બહાર નીકળ્યા. પાઈલટને ઝડપથી બચાવી લેવામાં આવ્યો, પરંતુ વેપન્સ સિસ્ટમ ઓફિસરનો પત્તો લાગી શક્યો નહીં, જેના કારણે તરત જ મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું.

જોકે, મિશન દરમિયાન એક મોટી અડચણ પણ આવી. બે ટ્રાન્સપોર્ટ વિમાન, જે કમાન્ડો અને એરમેનને બહાર કાઢવાના હતા, તે ઈરાનના એક દૂરના બેઝ પર ખરાબ થઈ ગયા. ત્યારબાદ ત્રણ નવા વિમાન મોકલવામાં આવ્યા. અમેરિકી દળોએ તે ખરાબ વિમાનોને ઉડાવી દીધા, જેથી તે ઈરાનના હાથમાં ન આવે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે આ સૈનિકને બચાવવા માટે અમેરિકન સેનાએ ડઝનબંધ વિમાન મોકલ્યા, જેમાં દુનિયાના સૌથી ખતરનાક હથિયારો લાગેલા હતા. તેમણે જણાવ્યું કે સૈનિક ઘાયલ જરૂર થયો છે, પરંતુ તે સાજો થઈ જશે.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે આ ઓપરેશન એક અન્ય પાઈલટના સફળ રેસ્ક્યુ પછી થયું, જેને એક દિવસ પહેલા બચાવવામાં આવ્યો હતો. તે સમયે તેની જાણકારી એટલા માટે આપવામાં આવી ન હતી, જેથી બીજા ઓપરેશન પર જોખમ ન થાય.

ટ્રમ્પના મતે, સૈન્ય ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે દુશ્મનના વિસ્તારની અંદર, બે અમેરિકન પાઈલટોને અલગ-અલગ ઓપરેશનમાં સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે આ સાબિત કરે છે કે અમેરિકાનું ઈરાનના આકાશ પર સંપૂર્ણ પ્રભુત્વ છે, જોકે તેમણે એ જણાવ્યું નહીં કે F-15 જેટને ઈરાને કેવી રીતે તોડી પાડ્યું. ટ્રમ્પે આ ઓપરેશનને સમગ્ર અમેરિકા માટે ગર્વની ક્ષણ ગણાવી અને કહ્યું કે દેશે આના પર એક થવું જોઈએ.

## પાકિસ્તાનની ભારતને ધમકી- આગામી યુદ્ધ બોર્ડર સુધી સીમિત નહીં રહે

# રક્ષા મંત્રીએ કહ્યું- અમે લોકો કોલકાતા સુધી પહોંચીશું, તેમના ઘરમાં ઘૂસીને માર મારીશું

ઈસ્લામાબાદ, તા.05

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે શનિવારે સિયાલકોટમાં પત્રકારો સાથે વાત કરતા ભારતને ધમકી આપી છે. તેમણે કહ્યું કે જો ભારત કોઈ ફોલ્સ ફ્લેગ ઓપરેશન (છુપાઈને હુમલો) કરશે, તો આ વખતે સંઘર્ષ માત્ર સરહદ સુધી સીમિત નહીં રહે, પરંતુ કોલકાતા સુધી પહોંચી શકે છે.

ખ્વાજા આસિફે દાવો કર્યો કે ભારત પોતાના લોકો અથવા કસ્ટડીમાં બંધ પાકિસ્તાનીઓનો ઉપયોગ કરીને ખોટો ડ્રામા રચવાની યોજના બનાવી રહ્યું છે. ગયા વર્ષની જેમ આ વખતે ભારતને વધુ શરમનો સામનો કરવો પડશે.

આસિફે આગળ એ પણ કહ્યું કે મૃતદેહોને ક્યાંક રાખીને પાકિસ્તાન પર આતંકવાદનો આરોપ લગાવી શકાય છે, પરંતુ તેમણે (ભારતે) આ દાવા માટે કોઈ પુરાવો આપ્યો નથી.

ખ્વાજા આસિફના આ નિવેદન પર ભારત તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. જોકે, ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કેરળમાં એક કાર્યક્રમમાં પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપી હતી.

તેમણે કહ્યું હતું કે જો પાકિસ્તાન



ફરી કોઈ ખોટું પગલું ભરશે તો ભારતીય સેના નિર્ણાયક જવાબ આપશે. ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી અને જો પાકિસ્તાને ફરીથી ગંદી રમત રમી તો ભારતીય સૈનિકો એવો જવાબ આપશે જે તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં.

ખ્વાજા આસિફે તાજેતરમાં કહ્યું હતું કે ભારત અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર મળીને પાકિસ્તાન વિરુદ્ધ પ્રોક્સી વોર ચલાવી રહી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન પરના હુમલાઓને લઈને નવી દિલ્હી અને કાબુલની વિચારસરણી એક જેવી છે.

આસિફે કહ્યું કે જો જરૂર પડશે તો પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં ફરીથી કાર્યવાહી કરી શકે છે. જો અફઘાનિસ્તાન તરફથી શાંતિની કોઈ નક્કર ગેરંટી નહીં મળે, તો પાકિસ્તાન ત્યાં નવા હુમલાઓ કરતા પાછળ નહીં હટે.

આ પહેલા પાકિસ્તાનના પૂર્વ ઉચ્ચાયુક્ત અબ્દુલ બાસિતે પણ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે જો અમેરિકા પાકિસ્તાન પર હુમલો કરે, તો પાકિસ્તાને એક પણ ક્ષણ વિચાર્યા વિના મુંબઈ અને નવી દિલ્હી પર હુમલો કરી દેવો જોઈએ.

બાસિતે કહ્યું, "જો અમેરિકા પાકિસ્તાન પર હુમલો કરે છે તો આપણે અમેરિકા સુધી પહોંચી શકતા નથી કારણ કે તે આપણી ન્યુક્લિયર રેન્જમાં નથી. આવા સંજોગોમાં આપણો શું વિકલ્પ હશે? ભારત. પછી જે થશે તે જોઈ લઈશું."

તેમણે એમ પણ કહ્યું કે આ સૌથી ખરાબ સ્થિતિ છે, જે શક્ય નથી, પરંતુ જો પાકિસ્તાન પર કોઈ ખતરો મંડરાય તો ભારત પર હુમલો કરવો એ પાકિસ્તાન પાસે વિકલ્પ હશે.

22 એપ્રિલ 2025ના રોજ થયેલા પહેલગામ આતંકી હુમલામાં 26 લોકોના મોત થયા હતા. આ પછી ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં આતંકી ઠેકાણાઓ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો.

પાકિસ્તાને પણ જવાબી કાર્યવાહીમાં આર્ટિલરી, ડ્રોન અને મિસાઈલનો ઉપયોગ કર્યો. બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી તણાવ રહ્યો, જેના પછી 10 મે 2025 ના રોજ સીઝફાયર થયું.

# ટ્રમ્પનું ઈરાનને અલ્ટીમેટમ- હોર્મુઝ ખોલો: કહ્યું- હવે સમય પૂરો થઈ રહ્યો છે, નહીં માનો તો તબાહ કરી દઈશું

વોશિંગ્ટન, તા.05

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા માટે 48 કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. તેમણે ચેતવણી આપી છે કે જો ઈરાન નહીં માને તો તેને તબાહ કરી દેવામાં આવશે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને કહ્યું કે સમય પૂરો થઈ રહ્યો છે. તેમણે યાદ અપાવ્યું કે અગાઉ તેમણે ઈરાનને 10 દિવસની મહોલત આપી હતી, પરંતુ હવે માત્ર 48 કલાક જ બાકી છે. ટ્રમ્પ અત્યાર સુધી હોર્મુઝ ખોલવા માટે ઈરાનને ત્રણ વાર અલ્ટીમેટમ આપી ચૂક્યા છે. તેમણે કહ્યું છે કે જો ઈરાન આમ નહીં કરે તો તેના ઉર્જા મથકોને નિશાન બનાવવામાં આવશે.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધની વચ્ચે LPG લઈને આવી રહેલું ભારતીય જહાજ 'ગ્રીન સંવી'એ હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યું છે. આ જહાજમાં આશરે 46,650 મેટ્રિક ટન ગેસ ભરેલો છે. હોર્મુઝ પાર કરનારું ભારતનું



આ 7મું LPG ટેન્કર જહાજ છે.

ઈરાને શુક્રવારે અમેરિકાના બે લડાકુ વિમાન તોડી પાડવાનો દાવો કર્યો છે. આમાં એક F-35 ફાઈટર જેટ અને બીજું A-10 અટેક એરક્રાફ્ટ છે. જોકે, ઘણા મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પડી ગયેલું પહેલું ફાઈટર જેટ F-35 નહીં પણ F-15E છે.

તે જ સમયે, ટ્રમ્પે કહ્યું છે કે ઈરાનમાં અમેરિકી ફાઈટર જેટ તોડી પાડવાની ઘટનાથી બંને દેશો વચ્ચેની વાતચીત પર કોઈ અસર નહીં પડે. ટ્રમ્પે કહ્યું, 'અમે યુદ્ધમાં છીએ.' તેમણે આ વાત અમેરિકી મીડિયા NBC સાથેના એક ફોન ઈન્ટરવ્યુમાં કહી. ઈરાનનો દાવો : બુશેહર પરમાણુ મથક પર 4 વખત હુમલો થયો ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયલે બુશહર પરમાણુ સ્થળ પર 4 વખત હુમલો કર્યો છે. તેમણે કહ્યું હતું કે આ હુમલાઓ માત્ર ઈરાન માટે જ નહીં પરંતુ સમગ્ર ખાડી ક્ષેત્ર માટે ગંભીર ખતરો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા, અરાઘચીએ કહ્યું હતું કે પરમાણુ મથક નજીક થયેલા આ હુમલાઓ અત્યંત જોખમી છે. તેમણે કહ્યું હતું કે યુક્રેનના ઝાપોરિઝ્ઝિયા પરમાણુ પ્લાન્ટ અંગે દર્શાવવામાં આવેલી આંતરરાષ્ટ્રીય ચિંતાને બુશહરમાં સમાન સંવેદનશીલતા સાથે પૂર્ણ કરવામાં આવી રહી નથી. અરાઘચીએ એમ પણ કહ્યું હતું કે પેટ્રોકેમિકલ સ્થાપનો પર હુમલા સૂચવે છે કે વ્યૂહાત્મક માળખાને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. તેમણે ચેતવણી આપી હતી કે આવા હુમલાઓ સમગ્ર ખાડી ક્ષેત્રને અસ્થિર કરી શકે છે.

# યુદ્ધ વચ્ચે પૈસા કમાવવામાં વ્યસ્ત છે ટ્રમ્પના પુત્રો: ડ્રોન બનાવતી કંપની સાથે જોડાણ, નિષ્ણાતોએ કહ્યું- યુદ્ધથી નફો મેળવનારા પહેલા રાષ્ટ્રપતિ

વોશિંગ્ટન, તા.05

અમેરિકામાં એક ડ્રોન સ્ટાર્ટઅપને લઈને વિવાદ ઊભો થયો છે, જેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પના પુત્રો એરિક ટ્રમ્પ અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર સંકળાયેલા છે. રિપોર્ટ અનુસાર, ફ્લોરિડાની પાવરસ કંપની મિડલ ઈસ્ટના દેશોને પોતાની ડ્રોન સિસ્ટમ વેચવાનો પ્રયાસ કરી રહી છે. ટ્રમ્પના પુત્રો એરિક ટ્રમ્પ અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર ફેબ્રુઆરીના અંતમાં આ કંપની સાથે સલાહકાર તરીકે જોડાયા હતા, આ એ જ સમય હતો જ્યારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હતો. જોકે, બંનેને કંપનીમાં મોટી ભાગીદારી મળવાની અપેક્ષા છે. પાવરસ સાથે સંકળાયેલા અધિકારીઓએ અબુ ધાબીમાં અધિકારીઓ સાથે મુલાકાત કરી છે. વાતચીત એ વાત પર થઈ કે UAEને હથિયારો અને ડ્રોન ડિફેન્સ સિસ્ટમ વેચી શકાય છે, કારણ કે તે ઈરાન સામે પોતાના સંરક્ષણને વધુ મજબૂત કરવા માંગે છે. પાવરસના સહ-સ્થાપક બ્રેટ વેલિકોવિચે જણાવ્યું કે તેમની ટીમ ખાડીના ઘણા દેશોમાં ડ્રોન ડેમો બતાવી રહી છે, જેથી સમજાવી શકાય કે તેમના ઈન્ટરસેપ્ટર ડ્રોન ઈરાની હુમલાઓથી બચાવવામાં કેવી રીતે મદદ કરી શકે છે. જોકે, તેમણે એ જણાવ્યું નથી કે કયા દેશોમાં આ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. વેલિકોવિચે કહ્યું કે અમેરિકાએ ચીન અને રશિયા જેવા દેશો સામે સ્પર્ધા કરવા માટે ઝડપથી ડ્રોન ટેકનોલોજી વિકસાવવી પડશે, નહીં તો તે પાછળ રહી જશે. તેમણે કહ્યું કે આ માત્ર રાજકારણ નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો છે.

આ સમગ્ર મામલા પરથી સ્પષ્ટ થાય છે કે ઈરાન યુદ્ધના કારણે ડ્રોન અને એન્ટી-ડ્રોન સિસ્ટમની માગ વધી રહી છે. ઈરાન સસ્તા ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે, જ્યારે અમેરિકા અને તેના સહયોગી મોંઘા મિસાઈલ સિસ્ટમથી તેમને તોડી પાડવાનો પ્રયાસ કરે છે. તેનાથી ખર્ચમાં મોટો તફાવત ઊભો થઈ




રહ્યો છે. આ જ કારણ છે કે સસ્તા અને અસરકારક એન્ટી-ડ્રોન સિસ્ટમ બનાવતી કંપનીઓ માટે મોટી તક ઊભી થઈ રહી છે. પાવરસે તાજેતરમાં 'ગાર્ડિયન-1' નામનું એક ઈન્ટરસેપ્ટર લોન્ચ કર્યું છે, જે ખાસ કરીને આત્મઘાતી ડ્રોન, જેમ કે ઈરાનના શાહેદ-136 ને તોડી પાડવા માટે બનાવવામાં આવ્યું છે. ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, પાવરસની નજર પેન્ટાગન દ્વારા ડ્રોન નિર્માણ માટે રાખવામાં આવેલા 1.1 અબજ ડોલરના ફંડ પર છે. આ ફંડ અમેરિકામાં ડ્રોન મેન્યુફેક્ચરિંગને વધારવા માટે રાખવામાં આવ્યું છે.

આ કંપનીનું કહેવું છે કે આ સમય ઝડપથી ટેકનોલોજી વિકસાવવાનો છે, કારણ કે દુનિયા એક પ્રકારની હથિયારોની સ્પર્ધામાં છે. પાવરસ સાથે કેટલાક પૂર્વ અમેરિકી સૈન્ય અધિકારીઓ પણ જોડાયેલા છે. જેમાં જનરલ ચાર્લ્સ ક્યૂ. બ્રાઉન અને નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ કીથ કેલોગ જેવા નામોનો સમાવેશ થાય છે, જે કંપનીને વ્યૂહાત્મક સલાહ આપી રહ્યા છે.

પાવરસ કંપની ટૂંક સમયમાં શેરબજારમાં લિસ્ટ થવાની તૈયારી કરી રહી છે. આ માટે તે એક નાસ્ડેકમાં લિસ્ટેડ કંપની સાથે મર્જ થવા જઈ રહી છે. આ બિઝનેસમાં ટ્રમ્પ જુનિયર અને એરિક ટ્રમ્પે રોકાણ કર્યું છે. બંને ભાઈઓ ડ્રોન સેક્ટરમાં સક્રિય રોકાણકાર છે અને અમેરિકન વેન્ચર્સ નામના ફંડ સાથે સંકળાયેલા છે, જેણે ડ્રોન કંપનીઓમાં લગભગ 1 અબજ ડોલરનું રોકાણ કર્યું છે. તેઓ ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

એરિક ટ્રમ્પે આ રોકાણનો બચાવ કરતા કહ્યું કે તેમને એવી કંપનીઓમાં રોકાણ કરવા પર ગર્વ છે, જેના પર તેમને વિશ્વાસ છે. તેમના મતે, ડ્રોન ભવિષ્યની મોટી ટેકનોલોજી છે. પૂર્વ અમેરિકી એથિક્સ અધિકારી રિચાર્ડ પેન્ટરે આરોપ લગાવ્યો કે રાષ્ટ્રપતિના પરિવારના સભ્યો યુદ્ધમાંથી ફાયદો કમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું- આ પહેલીવાર બની શકે છે કે જ્યારે કોઈ રાષ્ટ્રપતિનો પરિવાર યુદ્ધમાંથી આટલા પૈસા કમાય. પેન્ટરે કહ્યું કે ખાડી દેશો પર દબાણ હોઈ શકે છે કે તેઓ રાષ્ટ્રપતિના પરિવાર સાથે સંકળાયેલી કંપની પાસેથી ખરીદી કરે, જેથી તેમને અમેરિકી સમર્થન મળતું રહે. તેમણે કહ્યું કે ટ્રમ્પના પુત્રોની કંપની એવા સમયે બિઝનેસ કરી રહી છે, જ્યારે તેમના પિતાના નિર્ણયોથી જ યુદ્ધની સ્થિતિ સર્જાઈ.

ટ્રમ્પ જુનિયરના આ રોકાણો પર વિપક્ષી નેતાઓએ પણ સવાલો ઉઠાવ્યા છે. ડેમોક્રેટિક સેનેટર એલિઝાબેથ વોરેને રક્ષા મંત્રી પીટ હેગસેથને પત્ર લખીને પૂછ્યું છે.

# ઈરાને કહ્યું-બે અમેરિકી હેલિકોપ્ટર અને બે ટ્રાન્સપોર્ટ વિમાન તોડી પાડ્યા: રિપોર્ટમાં દાવો- અમેરિકાએ પોતે જ સળગાવી દીધા, ટેકનોલોજી ચોરી થવાનો ડર હતો.....

તેહરાન, તા.05

ઈરાને દાવો કર્યો છે કે તેણે અમેરિકી રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન 2 હેલિકોપ્ટર અને 2 ટ્રાન્સપોર્ટ વિમાન તોડી પાડ્યા છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી ઈસ્ફહાનના દક્ષિણી વિસ્તારમાં કરવામાં આવી હતી, જ્યારે અમેરિકી સેના પોતાના પાયલટને બચાવવાનો પ્રયાસ કરી રહી હતી.

IRGCનું કહેવું છે કે આ ઓપરેશન દરમિયાન તેણે 2 C-130 ટ્રાન્સપોર્ટ વિમાન અને 2 બ્લેક હોક હેલિકોપ્ટરને તબાહ કરી દીધા, જેનાથી અમેરિકી રેસ્ક્યુ મિશન નિષ્ફળ ગયું. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે રેસ્ક્યુ ઓપરેશન સફળ રહ્યું છે અને પાયલોટને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યો છે.

ધ ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, ઈરાનથી એક બચાવવામાં આવેલા અમેરિકી એરમેન અને કમાન્ડોને બહાર કાઢનારા બે ટ્રાન્સપોર્ટ વિમાન ત્યાં જ ફસાઈ ગયા હતા. ત્યારબાદ અમેરિકાએ ત્રણ નવા વિમાન મોકલવા પડ્યા હતા. રિપોર્ટ અનુસાર, બાદમાં અમેરિકી સેનાએ તે ફસાયેલા ટ્રાન્સપોર્ટ વિમાનોને ઉડાવી દીધા, જેથી તેમની ટેકનોલોજી ઈરાનના હાથમાં ન લાગે.

ઈરાનના એક સુરક્ષા અધિકારીએ રવિવારે ચેતવણી આપતા કહ્યું કે, "અમારી પાસે અમેરિકા અને ઈઝરાયલ માટે મોટું સરપ્રાઈઝ છે, બસ થોડી રાહ જોવી પડશે."

ફાર્સ ન્યૂઝ એજન્સી અનુસાર, તેમણે અમેરિકાના નિશાનોને ખોટા ગણાવ્યા અને પુલો પર હુમલાની ટ્રમ્પની ધમકીને મજાકિયા કહી. તેમણે કહ્યું કે આ ધમકીઓ અમેરિકી સૈન્ય કાર્યવાહીની નિષ્ફળતા દર્શાવે છે. ઈરાની અધિકારીઓએ કહ્યું કે જો હુમલા વધારવામાં આવશે તો અમેરિકાની હાલત નર્ક કરતાં પણ ખરાબ થઈ શકે છે. આર્મી હેડક્વાર્ટર ખાતમ અલ-અનબિયાના પ્રવક્તા ઈબ્રાહિમ ઝુલ્ફાગારીએ કહ્યું કે, "ઈરાનને હરાવવાનું સપનું હવે એક દલદલ બની ગયું છે, જેમાં અમેરિકા અને ઈઝરાયલ ફસાતા જઈ રહ્યા છે."

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ કહ્યું છે કે તેણે બહેરીન અને કુવૈતના પેટ્રોકેમિકલ પ્લાન્ટ્સ પર હુમલા કર્યા છે. IRGC અનુસાર, તેહરાન નજીક કરાજ શહેરમાં પુલ અને ઉદ્યોગ પર થયેલા હુમલા બાદ આ વળતો હુમલો કરવામાં આવ્યો હતો. IRGCએ ચેતવણી આપી છે કે જો સામાન્ય લોકો અથવા નાગરિક સ્થળો પર ફરીથી હુમલો થશે, તો આગલી વખતે ઈરાન વધુ તાકાતથી જવાબ આપશે.

UAEએ છેલ્લા 24 કલાકમાં ઈરાનની 9 બેલિસ્ટિક મિસાઈલ, 1 ક્રુઝ મિસાઈલ અને લગભગ 50 ડ્રોનને હવામાં જ નષ્ટ કરી દીધા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દરમિયાન કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયું નથી. યુદ્ધ શરૂ થયા (28 ફેબ્રુઆરી)થી UAE અત્યાર સુધીમાં 507 બેલિસ્ટિક મિસાઈલ, 24 ક્રુઝ મિસાઈલ અને 2,191 ડ્રોનને રોકી ચૂક્યું છે.

ઈરાની ડ્રોનનો કાટમાળ પડવાથી UAEના અબુ ધાબીમાં બોરુજ પેટ્રોકેમિકલ પ્લાન્ટમાં આગ લાગી ગઈ. ત્યારબાદ તરત જ પ્લાન્ટનું કામ રોકી દેવામાં આવ્યું અને નુકસાનનું આકલન કરવામાં આવી રહ્યું છે. આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી.

ઈરાનમાં અમેરિકી એરક્રાફ્ટના કથિત કાટમાળ પાસે ઈરાની સૈનિકો દ્વારા ઊંધો US ધ્વજ લહેરાવતો વીડિયો સામે આવ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, ઈરાની સૈનિકો કાટમાળ પાસે પહોંચ્યા અને ત્યાં અમેરિકી ધ્વજને ઊંધો લહેરાવ્યો, જે સામાન્ય રીતે વિરોધ અને સંકટનો સંકેત માનવામાં આવે છે.

ઈરાન યુદ્ધને કારણે સર્જાયેલા ઈંધણ સંકટ વચ્ચે નેપાળ સરકારે સરકારી કચેરીઓમાં અઠવાડિયામાં બે દિવસની રજા લાગુ કરી છે. સરકારના જણાવ્યા અનુસાર, હવે શનિવાર અને રવિવારે સરકારી કચેરીઓ બંધ રહેશે. આ પહેલા માત્ર શનિવારે રજા રહેતી હતી.

રજાઓ સાથે કામના કલાકો પણ બદલી દેવામાં આવ્યા છે. હવે સરકારી કચેરીઓ સવારે 9 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી ચાલશે, જ્યારે પહેલા આ સમય 10 વાગ્યાથી 5 વાગ્યા સુધીનો હતો. સરકારના પ્રવક્તા સસ્મિતા પોખરેલે જણાવ્યું કે પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠામાં અવરોધને



કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. દક્ષિણ લેબનોનના સિડોન વિસ્તારના કફર હટ્ટામાં ઈઝરાયલી હવાઈ હુમલામાં 7 લોકોના મોત થયા છે. લેબનોનની સરકારી નેશનલ ન્યૂઝ એજન્સી અનુસાર, મૃતકોમાં એક 4 વર્ષની બાળકી પણ સામેલ છે.

ઈરાનના ડ્રોન હુમલા બાદ કુવૈતના ઓઈલ પ્લાન્ટ્સમાં આગ લાગી ગઈ હતી. કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, હુમલા બાદ અનેક ઓઈલ ફેક્ટરીઓ અને પ્લાન્ટ્સમાં આગ ફેલાઈ ગઈ હતી. આગ ઓલવવા માટે તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમો મોકલવામાં આવી હતી.

અધિકારીઓનું કહેવું છે કે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે કામગીરી ચાલુ છે. જોકે, આ હુમલામાં કોઈના ઘાયલ થવાના કે જાનહાનિના સમાચાર નથી.

ઈરાની સેનાએ દાવો કર્યો છે કે તેણે ઈસ્ફહાન પ્રાંતમાં અમેરિકાના 2 MQ-9 રીપર ડ્રોન અને ઈઝરાયલના હર્મીસ 900 ડ્રોનને તોડી પાડ્યા છે.

ઈરાની અધિકારીઓનું કહેવું છે કે છેલ્લા 24 કલાકમાં તેમણે તેમના હવાઈ ક્ષેત્રમાં ઘૂસેલા અનેક વિદેશી એરક્રાફ્ટને તબાહ કર્યા છે.

ઈરાનમાં ઈન્ટરનેટ શટડાઉન દુનિયાનું સૌથી લાંબુ રાષ્ટ્રીય બ્લેકઆઉટ બની ગયું છે. રિપોર્ટ અનુસાર, દેશમાં 37 દિવસ એટલે કે 864 કલાકથી ઈન્ટરનેટ બંધ છે. ઈન્ટરનેટ મોનિટરિંગ સંસ્થા 'નેટબ્લોક્સ'એ જણાવ્યું કે, આ કોઈપણ દેશનું અત્યાર સુધીનું સૌથી લાંબુ નેશન-વાઈડ ઈન્ટરનેટ શટડાઉન છે.

રિપોર્ટ મુજબ, ઈરાને પહેલા વૈશ્વિક ઈન્ટરનેટ કનેક્ટિવિટી જાળવી રાખી હતી, પરંતુ બાદમાં પોતાને આંતરરાષ્ટ્રીય નેટવર્કથી અલગ કરીને 'નેશનલ નેટવર્ક' સુધી મર્યાદિત કરી દીધું. આ નિર્ણય અમેરિકા અને ઈઝરાયલના હુમલા બાદ લેવામાં આવ્યો હતો, જેના પછી સરકારે ઈન્ટરનેટ એક્સેસ પર સખત નિયંત્રણો લાગુ કર્યા છે.

દક્ષિણ લેબનાનના સિડોન વિસ્તારના કફર હટ્ટામાં ઈઝરાયલી એર સ્ટ્રાઈકમાં 7 લોકોના મોત થયા છે. લેબનાનની સરકારી નેશનલ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, મૃતકોમાં એક 4 વર્ષની બાળકી પણ સામેલ છે.

ઈઝરાયલે દક્ષિણ લેબનાનમાં રાજધાની બેરૂત સહિત અનેક વિસ્તારોમાં બોમ્બમારો કર્યો છે. આ હુમલાઓમાં અનેક ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ છે. કાટમાળમાં ફેરવાયેલી ઈમારતોની ઘણી તસવીરો સામે આવી છે.

લેબનાનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, 2 માર્ચથી ચાલી રહેલા હુમલાઓમાં અત્યાર સુધીમાં 1422 લોકોના મોત થયા છે. ઈઝરાયલનું કહેવું છે કે તે હિઝબુલ્લાહના ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે.

ઈઝરાયલે દાવો કર્યો છે કે તેણે છેલ્લા 24 કલાકમાં ઈરાનના 120 થી વધુ ઠેકાણાઓ પર હુમલા કર્યા છે. ઈઝરાયલી સેનાના જણાવ્યા અનુસાર, આ હુમલાઓમાં બેલિસ્ટિક મિસાઈલ, ડ્રોન અને એર ડિફેન્સ સિસ્ટમ સાથે જોડાયેલા સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા છે.

સેનાએ વધુમાં જણાવ્યું કે પશ્ચિમી અને મધ્ય ઈરાનમાં ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના મિસાઈલ ઠેકાણાઓ, ડ્રોન સ્ટોરેજ અને લોન્ચ સાઈટ્સને પણ તબાહ કરવામાં આવી છે.

ઈરાને દાવો કર્યો છે કે તેણે અમેરિકી રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન 2 હેલિકોપ્ટર અને 2 ટ્રાન્સપોર્ટ વિમાન તબાહ કરી દીધા છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી ઈસ્ફહાનના દક્ષિણી વિસ્તારમાં કરવામાં આવી હતી.

IRGCએ જણાવ્યું કે અમેરિકી સેના પાયલટને બચાવવા માટે ઓપરેશન ચલાવી રહી હતી, પરંતુ આ દરમિયાન તેના એરક્રાફ્ટને નિશાન બનાવવામાં આવ્યા હતા.

ઈરાનનો દાવો છે કે આ કાર્યવાહીમાં 2 C-130 ટ્રાન્સપોર્ટ વિમાન અને 2 બ્લેક હોક હેલિકોપ્ટર નષ્ટ કરી દેવામાં આવ્યા છે અને રેસ્ક્યુ મિશન નિષ્ફળ રહ્યું છે. આ અગાઉ ઈરાની મીડિયાએ એક વિમાન તોડી પાડવાની વાત કરી હતી, પરંતુ હવે IRGCએ ચાર એરક્રાફ્ટ તબાહ કરવાનો દાવો કર્યો છે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે રેસ્ક્યુ ઓપરેશન સફળ રહ્યું છે અને પાયલટને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યો છે.

ઈરાને અમેરિકી પાયલોટના સફળ રેસ્ક્યુ અંગેના ટ્રમ્પના દાવાને નકારી કાઢ્યો છે. ઈરાની મીડિયાએ દાવો કર્યો છે કે રેસ્ક્યુ ઓપરેશન નિષ્ફળ ગયું છે અને અમેરિકી વિમાન તથા હેલિકોપ્ટર તોડી પાડવામાં આવ્યા છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકી સેનાએ ડઝનબંધ સશસ્ત્ર વિમાનો મોકલીને પાયલટને સુરક્ષિત બહાર કાઢી લીધો છે. તેમણે માહિતી આપી હતી કે પાયલટ ઘાયલ છે, પરંતુ જોખમની બહાર છે.

બીજી તરફ, ઈરાનની તસ્નીમ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું કે ઈસ્ફહાનના દક્ષિણી વિસ્તારમાં અમેરિકી રેસ્ક્યુ મિશનને નિશાન બનાવવામાં આવ્યું હતું. અહેવાલ મુજબ, 2 બ્લેક હોક હેલિકોપ્ટર અને એક C-130 ટ્રાન્સપોર્ટ વિમાનને તોડી પાડવામાં આવ્યા છે. ઈરાની મીડિયાએ કેટલાક વીડિયો અને તસવીરો જાહેર કરી છે, જેમાં કથિત રીતે આ વિમાનોનો કાટમાળ બતાવવામાં આવ્યો છે. ઈરાને આરોપ લગાવ્યો કે ટ્રમ્પ પોતાની હાર છુપાવવા માટે રેસ્ક્યુ સફળ હોવાનો દાવો કરી રહ્યા છે.

જોકે, આ દાવાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી અને અમેરિકી સેના તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાકર ગાલિબાફે X પર અમેરિકી વિમાનના કથિત કાટમાળની તસવીર શેર કરી છે. આ તસવીર તે દાવા સાથે જોડાયેલી છે, જેમાં ઈરાને રેસ્ક્યુ મિશનમાં સામેલ વિમાનને તોડી પાડવાની વાત કરી હતી.

આ અગાઉ ઈરાની મીડિયાએ દાવો કર્યો હતો કે ગુમ અમેરિકી પાયલોટની શોધમાં મોકલવામાં આવેલા મિશનના એક વિમાનને નિશાન બનાવવામાં આવ્યું હતું.

ફાર્સ ન્યૂઝ એજન્સીના જણાવ્યા

## તંત્રી લેખ

# 11,344 સિલ્ક સાડી, 750 જોડી સેન્ડલ જયલલિતા વિલ બનાવતાં ચૂકી ગયાં

એક સમયે જે રાજકારણમાં કિંગમેકર કહેવાતાં હતાં તે તમિળનાડુનાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાન જયલલિતાનો બંગલો હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સીલ કરી દીધો છે. તેમના નિવાસનો ૧.૬૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ બાકી હતો અને વારંવાર અપાયેલી નોટીસનો કોઇ જવાબ નહોતો મળ્યો.

જયલલિતા ભારતના રાજકારણમાં કાયમ માટે યાદ એટલા માટે રહેશે કે તેમના એક વોટના કારણે અટલ બિહારી વાજપેઇના નેતૃત્વવાળી એનડીએ સરકાર ઉથલી પડી હતી. ૧૭ એપ્રિલ ૧૯૯૯ના રોજ વાજપેઇ સરકાર અવિશ્વાસની દરખાસ્ત સમયે મતદાન થયેલું ત્યારે વાજપેઇ સરકારને ૨૬૯ વોટ મળ્યા હતા, જ્યારે વિપક્ષને ૨૭૦ વોટ મળ્યા હતા. જે એક વોટથી વાજપેઇ સરકાર હારી તે જયલલિતાનો હતો. તેઓ એનડીએનાં સાથી પક્ષના વડાં હતાં, પરંતુ છેલ્લે તેઓ ગુલાંટ મારીને વિપક્ષ સાથે બેસી ગયા હતાં.

છ વાર તમિળનાડુના મુખ્ય પ્રધાન બનેલાં જયલલિતા રાજકીય ક્ષેત્રે બાહોશ પુરવાર થયાં હતાં, પરંતુ પોતાની કરોડો રૂપિયાની સંપત્તિનું વિલ કરવાનું તેઓ ચૂકી ગયાં હતાં. તેમના નજીકના કોઇ વારસદાર તો નહોતા જ, પરંતુ દૂરના વારસદારો પણ શોધવા પડે એમ છે. જે બંગલાને સીલ મરાયું છે તે હૈદરાબાદની લગડી કહી શકાય તેવો વિસ્તાર છે. આ સંપત્તિ અવાવરૂ પડી રહી હતી. તેનું કોઇ ધ્યાન રાખતું નહોતું. તેથી જ તેનો પ્રોપર્ટી ટેક્સ વધીને ૧.૬૦ કરોડ સુધી પહોંચી ગયો હતો.

કાયદાના નિષ્ણાતો જણાવે છે કે જ્યારે વિલ ના હોય ત્યારે સૌથી પહેલાં પુત્રો, પુત્રીઓ કે પતિ યા પત્નીને દાવેદાર ગણવામાં આવે છે. તે પણ ના હોય તો પતિના સંબંધીઓને વારસદાર ગણી શકાય છે. તે ના હોય તો માતા-પિતા આવે છે. પહેલાં પિતા તરફના સંબંધીઓ આવે છે, પછી માતા તરફના સંબંધીઓ.

કોર્ટ કેસ દરમ્યાન જયલલિતાએ સંપત્તિ જાહેર કરી હતી ત્યારે તેનું કદ ૧૧૩.૭૨ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું હતું. તેમાં અચલ સંપત્તિમાં વેદ નિલયમ બંગલાનો સમાવેશ થાય છે, જે ૨૪,૦૦૦ સ્કેવરફૂટમાં પથરાયેલો છે અને તેનો બિલ્ટ અપ એરિયા ૨૧,૬૬૨ સ્કેવર ફૂટ છે.

એફિડેવીટ અનુસાર બંગલાની કિંમત ૪૩.૯૬ કરોડ આંકવામાં આવી છે. ૧૯૬૭માં તેમણે માતા સાથે રહીને ૧.૩૨ લાખની સંપત્તિ ખરીદી હતી. તેલંગણામા રંગા રેડ્ડી જીલ્લાના છય્યુર ગામમાં ૩.૪૩ એકર જમીન છે, જ્યારે જેડીમેટલ ગામમાં ૧૪.૫૦ એકર જમીન છે, જેની હાલની માર્કેટ વેલ્યૂ ૧૪.૭૮ કરોડ થવા જાય છે. તેમની માતા સાથે ખરીદેલી જમીનના પણ કોઇ વારસદાર નથી. આ ઉપરાંત તેમણે જાહેર કરેલી અન્ય સંપત્તિમાં ચેન્નાઇમાં તેમની ત્રણ અને હૈદરાબાદમાં એક કોમર્શિયલ પ્રોપર્ટી છે. તેની માર્કેટ વેલ્યૂ ૧૩.૩૪ કરોડ થવા જાય છે.

જયલલિતાએ પોતાની પાસે ૪૧,૦૦૦ રૂપિયા રોકડ અને ૧૦.૬૩ કરોડની બેંક ડિપોઝીટ બતાવી હતી. આવક કરતાં વધુ સંપત્તિ ધરાવવાના કેસમાં સુપ્રીમ કોર્ટે તેમની ૨.૪૭ કરોડની ડિપોઝીટ ફ્રીઝ કરી હતી. આ જ કેસમાં જયલલિતા પાસેથી જપ્ત કરવામાં આવેલું ૧,૨૫૦ કિલો ચાંદી અને ૨૧.૨૮ કિલો સોનું કર્ણાટક સરકારની ટ્રેઝરીમાં જમા પડયું છે.

જયલલિતાએ પાંચ કંપનીઓમાં તેમણે ભાગીદાર તરીકે ૨૭.૪૪ કરોડનું રોકાણ પણ કર્યું હતું. તેમની પાસે ગાડીઓની લંગાર હતી - બે ટોયેટો કાર, એક ટેમ્પો ટ્રાવેલર, એક સ્વરાજ મઝદા મેક્સી, ૧૯૮૦ની એમ્બેસેડર, ૧૯૯૦ની બનાવટની કોન્ટેસા, વગેરે.

૧૯૯૬-૯૭માં જ્યારે તેમને ત્યાં વધુ પડતી સંપત્તિના કેસમાં દરોડા પડયા ત્યારે તેમના કબાટમાંથી ૧૧,૩૪૪ સિલ્કની સાડી, ૭૫૦ જોડી સેન્ડલ, ૨૫૦ શાલ, ૪૪ એરકન્ડીશનર, ૯૧ કાંડા ઘડિયાળ, ૮૬ પંખા ઈત્યાદિ મળી આવ્યાં હતાં. આ ચીજો સરકારે જપ્ત કરેલી છે.


**વાદળોની એક લાંબી પટ્ટી, જે હાલ ઉત્તરી અફઘાનિસ્તાનથી અરબી સમુદ્ર સુધી ફેલાયેલી છે, તેના કારણે પંજાબથી લઈને ગુજરાત અને મહારાષ્ટ્ર સુધી વરસાદી માહોલ છવાયો છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીમાં 05 એપ્રિલ તેમજ 07 અને 08 એપ્રિલ 2026 વચ્ચે બે વાર એક્સ્ટ્રીમ વેધર એક્ટિવિટી જોવા મળશે. આ દરમિયાન ઉત્તર અને મધ્ય રાજસ્થાન, દિલ્હી અને ગુજરાત તથા ઉત્તર મધ્યપ્રદેશમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે : આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કાળા સમુદ્ર અને કેસ્પિયન સમુદ્ર પાસેના ભૂમધ્ય સમુદ્ર આસપાસના વિસ્તારમાં સર્જાય છે. આ વિસ્તાર ગુજરાતથી આશરે 4,000થી 5,500 કિ.મી. દૂર છે. કુલ 9,000 કિ.મી.નો પ્રવાસ ખેડતી આ સિસ્ટમ જમીન અને સમુદ્રમાંથી ભેજ ખેંચતી હોવાથી તેની અસર વર્તાઈ રહી છે**

# ઈરાનના ક્રૂડ બાદ ત્યાંથી આવેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સે ભારતને ઘમરોળ્યું

## પાંચ હજાર કિ.મી દૂરથી બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર-પશ્ચિમ ભારત ઉપર તૂટી પડયા, કાશમીરથી મહારાષ્ટ્ર સુધી તોફાની પવન સાથે વરસાદ

દેશભરમાં ઉનાળાની શરૂઆત થતાંની સાથે જ હવામાનમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. માર્ચ મહિનામાં જે રીતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હવામાન પલટાયું હતું અને માવઠા થયા હતા તે રીતે એપ્રિલમાં પણ ફરી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ભારતીય હવામાનમાં મોટા પલટા લઈને આવ્યું છે. છેલ્લાં બે દિવસમાં દેશના અનેક રાજ્યોમાં વરસાદ થવો, કરાં પડવા, બરફ પડવા જેવી ઘટનાઓ નોંધાઈ છે. રાજસ્થાન, દિલ્હી, પંજાબ જેવા રાજ્યોમાં ધૂળના મોટા મોટા વંટોળ ઉઠયાના પણ અહેવાલો છે. બીજી તરફ દિલ્હી અને પંજાબ સહિત ૧૧ રાજ્યોમાં બે દિવસ ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડયો હતો.

હવામાન ખાતાની આગાહી મુજબ અત્યારે એક પ્રી-મોન્સૂન વેધર સિસ્ટમ સક્રિય થઈ રહી છે. જે ઉત્તર-પશ્ચિમ ભારતના મોટા ભાગના વિસ્તારોને પ્રભાવિત કરશે. ૦૮ એપ્રિલ સુધીમાં ઉત્તર ભારતમાં બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ટકરાઈ રહ્યા છે. જાણકારોના મતે વાદળોની એક લાંબી પટ્ટી, જે હાલ ઉત્તરી અફઘાનિસ્તાનથી અરબી સમુદ્ર સુધી ફેલાયેલી છે, તેના કારણે પંજાબથી લઈને ગુજરાત અને મહારાષ્ટ્ર સુધી વરસાદી માહોલ છવાયો છે. બીજી તરફ હિમાલયના પર્વતીય રાજ્યોમાં પણ બરફવર્ષા થઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીમાં ૦૫ એપ્રિલ તેમજ ૦૭ અને ૦૮ એપ્રિલ ૨૦૨૬ વચ્ચે બે વાર એક્સ્ટ્રીમ વેધર એક્ટિવિટી જોવા મળશે. આ દરમિયાન ઉત્તર અને મધ્ય રાજસ્થાન, દિલ્હી અને ઉત્તર મધ્યપ્રદેશમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ૪-૫ એપ્રિલે ગતિવિધિ થોડી ઓછી થશે, પરંતુ ૭-૮ એપ્રિલે ફરી જોર પકડશે. તમિલનાડુમાં પણ વીજળી પડવાની શક્યતા છે. આ સિવાય ગુજરાત અને મહારાષ્ટ્રના કિનારાના




વિસ્તારોમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

ઉલ્લેખનીય છે કે, રાજસ્થાનમાં જેસલમેર અને બીકાનેર, શ્રીગંગાનગરમાં કરા પડયા હતા. અજમેર-બ્યાવરમાં વાવાઝોડાને કારણે અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા અને પતરાં ઉડી ગયા હતા.

આગામી ત્રણ દિવસ રાજસ્થાનમાં આવું જ વાતાવરણ રહેવાનું અનુમાન છે. /યુપીમાં વીજળી પડવાથી અત્યાર સુધીમાં ૫ લોકોના મોત થયા છે. હિમાચલના શિમલામાં તોફાન સાથે વરસાદ અને લાહૌલ સ્પીતિ તેમજ કેદારનાથમાં હિમવર્ષા થતાં ઠંડક પ્રસરી ગઈ છે.

મહત્ત્વની વાત એ છે કે, ભારતથી અંદાજે પાંચ હજાર કિલોમીટર દૂર સર્જાયેલું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઈરાન થઈને ગુજરાત આવ્યું છે. ઈરાન ખાતે લડાઈ રહેલા યુદ્ધની અસર જે રીતે ભારત ઉપર થઈ છે તે રીતે ઈરાન પાસે સર્જાયેલું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ ભારતને અસર કરી રહ્યું છે. ગુજરાત સહિત દેશભરમાં હાલ કમોસમી અને તોફાની માવઠા બનીને વરસનાર આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કાળા સમુદ્ર અને કેસ્પિયન સમુદ્ર પાસેના ભૂમધ્ય સમુદ્ર આસપાસના વિસ્તારમાં સર્જાય છે. આ વિસ્તાર ગુજરાતથી આશરે ૪,૦૦૦થી ૫,૫૦૦ કિ.મી. દૂર છે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ મિડલ ઈસ્ટ, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન થઈને ઉત્તર-પશ્ચિમ ભારત તરફ આગળ વધીને ગુજરાત સુધી પહોંચે છે. કુલ ૯,૦૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડતી આ સિસ્ટમ જમીન અને સમુદ્રમાંથી ભેજ ખેંચતી હોવાથી તેની અસર વર્તાઈ રહી છે. હજારો કિ.મી. દૂર ઊંચા સ્તરે સર્જાતી આ સિસ્ટમ 'જેટ સ્ટ્રીમ' ને કારણે ઝડપથી આગળ ધસી આવે છે. જેટ સ્ટ્રીમ જમીનથી ૯થી ૧૬ કિ.મી. ઊંચાઈએ કલાકના ૨૦૦થી ૩૦૦ કિ.મી.ની તીવ્ર ગતિએ ફૂંકાય છે. તેના કારણે ભેજ તોફાની પવન સાથે આગળ વધે છે અને ભારે વરસાદ વરસાવે છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં મહારાષ્ટ્રના પૂણે ખાતે મૂશળધાર વરસાદ પડયો હતો. પૂણેના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા. મુખ્ય વાત એવી છે કે, સામાન્ય રીતે આ સમયમાં દેશના મોટાભાગના વિસ્તારોમાં શુષ્ક વાતાવરણ હોય છે. તેના બદલે હાલમાં પ્રિમોન્સુન એક્ટિવિટી જેવી સ્થિતિ સર્જાઈ છે. હવામાન ખાતાના જાણકારોના મતે વાતાવરણમાં જે પલટો આવ્યો છે તે ક્લાઈમેટ ચેન્જની ભયાનક અસરનું જ પરિણામ છે. ગ્લોબલ વોર્મિંગને પગલે ક્લાઈમેટ ચેન્જના વધારે આકરું બની રહ્યું છે. સામાન્ય રીતે અરબ સાગરથી પશ્ચિમ ભારત તરફ આગળ વધતી ઓછા દબાણની આ રેખા છે. આવી સિસ્ટમ સમુદ્રમાંથી મોટી સંખ્યામાં ભેજ ધરાવતી હવા પોતાની તરફ ખેંચે છે અને આગળ લઈ જાય છે. તેના કારણે જ પુણે જેવા અંતરિયાળ વિસ્તારમાં પણ વાતાવરણમાં પલટો આવે છે અને વાદળો વરસી પડે છે. તાજેતરમાં પુણે સાથે આવું જ થયું હતું. ભારે વાદળો પુણે ઉપર ધોધમાર વરસી ગયા અને શહેરની ડ્રેનેજ વ્યવસ્થા જામ થઈ ગઈ અને શહેરમાં જળબંબાકાર થઈ ગયો. માત્ર પંદર-વીસ મિનિટના વરસાદમાં જ શહેર અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. જાણકારો માને છે કે, દિવસે જે ગરમી પડી રહી હતી તેની સાથે આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જોડાયું અને એક કનેક્ટિવ થંડરસ્ટોર્મ માટે યોગ્ય સ્થિતિનું સર્જન થયું. આ પ્રકારની સિસ્ટમને પગલે ગરમ હવા ઝડપથી વાયુમંડળમમાં ઉપર ઉઠવા લાગી. જેમ જેમ હવા ઉપર જવા લાગી તેમ તેમ તે ઠંડી થઈને વિશાળ ક્યૂમ્યલોનિમ્બસ વાદળોમાં પરિવર્તિત થવા લાગી જે ઓછા સમયમાં પણ ભારે વરસાદ વરસાવે છે. આ અસ્થિરતા જ ઉપર જઈને જેટ સ્ટ્રીમને અસામાન્ય બનાવી દે છે. તેની ઝડપમાં અધધ વધારો થઈ જાય છે. તેના કારણે તોફાન વધારે આક્રમક બને છે. જાણકારોના મતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અરબ સાગર ઉપરની ભેજવાળી હવાના સંયોજનથી જ પૂણે ઘમરોળાઈ ગયું હતું. તેના કારણે પૂણેમાં સાંજે ૬૬ મીમી વરસાદ વરસી ગયો. ૧૮૯૬ના બાદ ૨૦૨૬ના એપ્રિલમાં એક જ દિવસમાં પુણેમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો.

બીજી તરફ એવું પણ માનવામાં આવે છે કે, આગામી અઠવાડિયા દરમિયાન પણ મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે તોફાની વરસાદ વરસવાની શક્યતાઓ છે. જાણકારો માને છે કે, ગ્લોબલ વોર્મિંગની અસર ધીમે ધીમે વધારે આકરી થઈ રહી છે. તેના કારણે ક્લાઈમેટ ચેન્જમાં પણ વ્યાપક પરિવર્તન આવ્યું છે. આ તમામ નકારાત્મક અસરોના કારણે ભારતનું ઋતુચક્ર બદલાઈ રહ્યું છે. તેના કારણે જ ઉનાળા દરમિયાન પણ ભયાનક વરસાદ પડે છે. હવે ચોમાસા સિવાયના મહિનાઓમાં પણ માવઠા થતા જ રહે છે. સામાન્ય રીતે હવે દિવસ આથમવા આવે એટલે કે બપોર બાદ વાતાવરણમાં આકસ્મિક પલટા આવવાની ગતિવિધિ વધી ગઈ છે. હવામાનનો મિજાજ એકાએક બદલાઈ જાય છે. તેના કારણે શહેરોમાં વધારે નુકસાન થઈ રહ્યું છે. બીજી તરફ ગામડાઓમાં ખેતીને વ્યાપક અસર પડી રહી છે.

નવાઈની વાત એવી છે કે, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે તોફાની વરસાદ થયો છે ત્યાં અન્ય કેટલાક રાજ્યોમાં સ્થિતિ પલટાયેલી છે. દિલ્હી, એનસીઆર અને રાજસ્થાનમાં આકાશમાં ધૂળ છવાયેલી છે અને વહેલી સવારે સ્મોગના પ્રમાણમાં વધારો થયો છે. સવારથી સ્મોગ અને ધૂળના કારણે સમગ્ર વાતાવરણ ધૂંધળુ થઈ જાય છે. તોફાની પવન સાથે સામાન્ય બુંદાબુંદી થઈ તેના કારણે તાપમાનમાં સહેજ સુધારો થયો છતાં વિઝિબિલિટી સાવ ઘટી ગઈ. માર્ચ મહિનામાં પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અહીંયા ધોધમાર વરસાદ પડયો હતો. ત્યારબાદ એપ્રિલમાં પણ બદલાયેલું હવામાન દિલ્હી, એનસીઆર, પંજાબના લોકોને પરેશાન કરી રહ્યું છે.

જાણકારોનો દાવો છે કે, પોલર જેટ સ્ટ્રીમમાં આવેલું વિઘ્ન અને પોલર વોર્ટેક્સની બદલાતી સ્થિતિને કારણે ભારતના પશ્ચિમી કિનારાઓ ઉપર સર્જાતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનું પ્રમાણે વધી ગયું છે. તેના કારણે ઉત્તર-પશ્ચિમ ભારતમાં આગામી અઠવાડિયા સુધીમાં ગાજવીજ સાથે તોફાની વરસાદ થવાની શક્યતાઓ દેખાઈ રહી છે. કેટલાક વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડવાની અને ક્યાંક ભારે બરફ પડવાની શક્યતાઓ દેખાઈ રહી છે. માર્ચ મહિનામાં કુલ ૮ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ભારત ઉપર આવ્યા હતા. સામાન્ય રીતે તેની સંખ્યા ચારથી પાંચની હોય છે જે હવે બમણી થઈ ગઈ છે. બીજી તરફ એપ્રિલના મધ્ય સુધીમાં જ ત્રણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ભારત ઉપર સર્જાવાની શક્યતાઓ દેખાઈ રહી છે. તેમાંથી બે સિસ્ટમ તો હાલમાં જ એક્ટિવેટ થઈને ભારત તરફ આવી ગઈ છે અને ઉત્તર-પશ્ચિમના રાજ્યોને પરેશાન કરી રહી છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન જે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવ્યા તેના કારણે હિમાલયના વિસ્તારોમાં બરફવર્ષા ઘટી ગઈ. આ વખતે રાજસ્થાન, દિલ્હી, યુપી, એમપી, હરિયાણા, પંજાબ જેવા રાજ્યોમાં ધૂળની ડમરીઓ ખૂબ જ ઉડી છે. આકાશમાં પણ વ્યાપક રીતે ધૂળની ચાદર છવાઈ ગઈ છે. તેનું સૌથી મોટું કારણ રાજસ્થાનના થાર રણમાં હવાની ગતિ વધવા લાગી છે. તેના કારણે આ તોફાની પવનો ધૂળ ઉડાડીને ઉત્તર ભારતના મેદાની વિસ્તાર સુધી લઈ જાય છે. તેના કારણે દિલ્હીની વાતાવરણમાં પીએમ૧૦માં વધારો થાય છે. રાજસ્થાન અને દિલ્હીના મેદાની વિસ્તારોમાં એન્ટી સાઈક્લોનિક સર્ક્યુલેશન એક્ટિવ થયું છે જેના કારણે આકાશમાં ધૂળની પાતળી ચાદર છવાઈ ગઈ છે. આ ધૂળ વરસાદ વગર બહાર નીકળી શકતી નથી અને આકાશમાં ફર્યા કરે છે. જાણકારો સ્પષ્ટ માને છે કે, ક્લાઈમેટ ચેન્જની અસર વ્યાપક રીતે થઈ છે અને તેના કારણે એપ્રિલના મધ્ય સુધીમાં વાતારવણમાં ભયાનક પલટો જોવા મળશે.

# ખાડીના દેશોથી નારાજ ઈરાન, ફક્ત ઓમાન પર કેમ ઓળઘોળ

દક્ષિણ આફ્રિકાસ્થિત ઈરાનના દૂતાવાસે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકી હતી કે, 'ફક્ત ઈરાન અને ઓમાન હોર્મૂઝ ખાડીનું ભવિષ્ય નક્કી કરશે.' અમેરિકા - ઈરાન અને ઈઝરાયલના યુદ્ધમાં ગલ્ફના દેશોએ ઘણુ સહન કરવું પડયું છે. ગલ્ફના દેશો ઈરાનથી ખૂબ નારાજ છે. જોકે ઓમાન આ બાબતે અપવાદરૂપ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરનાર ઓમાન આ યુદ્ધ વખતે તટસ્થ રહ્યું છે. ઓમાને આ યુદ્ધને શરૂઆતમાં ગેરકાયદેસર ગણાવ્યું હતું. એમ મનાય છે કે, અમેરિકા ઈરાનના યુદ્ધમાં યુદ્ધ વિરામ કરાવવો હોય તો ઓમાન પર આધાર રાખ્યા વગર છૂટકો નથી. ગલ્ફના બીજા દેશોની માફક ઓમાન ઈઝરાયલને પડખે રહ્યું નથી. ઓમાનમાં અમેરિકાના ત્રણ સૈનિક અડ્ડા હોવા છતાં ઈરાન ઓમાનથી નારાજ નથી. ઓમાને ઈરાન સાથે વાતચીતની ચેનલ ખુલ્લી રાખી છે. ઓમાને હોંશિયારી પૂર્વક કોઈપણ દેશનો પક્ષ લીધા વગર સ્વતંત્રતા જાળવી રાખી છે.



આમ આદમી પાર્ટીએ રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભાના ઉપનેતા પદેથી હટાવી દીધા છે. એમ મનાય છે કે બે વર્ષ પછી રાઘવ ચઢ્ઢા રાજ્યસભામાંથી નિવૃત્ત થશે ત્યાર પછી કેજરીવાલનો પક્ષ એમને ફરીથી રાજ્યસભામાં નહીં મોકલે. રાઘવ ચઢ્ઢાને રાજ્યસભામાં બોલવા માટે હવે પક્ષ સમય નહીં આપે. રાઘવ ચઢ્ઢા સારા ઓરેટર છે અને રાજ્યસભામાં સામાન્ય લોકોના પ્રશ્નો ઉઠાવતા રહ્યા છે. બહાર એવી વાત છે કે, ચઢ્ઢા રાજ્યસભામાં પક્ષના પ્રશ્નો ઉઠાવતા નથી એને કારણે પક્ષ નારાજ છે. જોકે હકીકત જુદી હોવાનું મનાય છે. રાઘવ ચઢ્ઢા ખાનગીમાં ભાજપના કેટલાક ટોચના નેતાઓને મળ્યા હોવાની જાણકારી કેજરીવાલ સુધી પહોંચી ગઈ હતી. કોઈ મજબૂત ટેકા વગર ચઢ્ઢા પોતાના જ પક્ષના હીતની વિરુદ્ધ વાત કરે એ શક્ય થાય નહીં. જો ચઢ્ઢાને ભાજપનો ટેકો નહીં હોય તો એમની રાજકીય કારકિર્દી પૂરી થઈ જશે, પરંતુ ભૂતકાળનો અનુભવ જોતા લાગે છે કે, ધીમે રહીને ચઢ્ઢા ભાજપ સાથે જોડાઈ શકે એમ છે. આમ આદમી પાર્ટીના ભૂતપૂર્વ નેતા અને શિક્ષણવીદ અવધ ઓઝાએ રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસ વિશે પ્રતિક્રિયા આપી છે. આ સાથે એમણે લોકસભાના વિરોધપક્ષના નેતાને બીજી બે સલાહ પણ આપી છે. અવધ ઓઝાએ રાજકારણમાંથી નિવૃત્તી લઈ લીધી છે. અવધ ઓઝા નેતાઓની રણનીતિ, નિર્ણય ક્ષમતા અને રાજકારણ વિશે વાત કરતા રહે છે. એમણે રાહુલ ગાંધીને સલાહ આપી છે કે તેઓ રાજકીય સમજણ વધારે અને યોગ્ય રાજકીય ગુરુની પસંદગી કરે. ઓઝાએ કહ્યું હતું કે, 'રાહુલ શા માટે વિદેશ યાત્રા પર જાય છે એની મને ખબર નથી. જોકે એમણે રાજનેતા તરીકે સારો વિકાસ કર્યો છે. એમને સારા રાજકીય ગુરુની જરૂર છે જે એમને રાજકારણ સમજવામાં મદદ કરે. જ્યાં સુધી એમનામાં રાજકીય સૂઝબુઝ વિકસીત નહીં થાય ત્યાં સુધી તેઓ પોતાની રીતે નિર્ણય લઈ શકશે નહીં. રાહુલ ગાંધીએ ચંદ્રગુપ્ત મૌર્ય, સમુદ્ર ગુપ્ત, અલાઉદ્દીન ખીલજી અને અકબર જેવા મહાન શાસકો પાસેથી શીખવું જોઈએ. એમણે નવરત્નોનો કોન્સેપ્ટ સમજવો જોઈએ.'

સુપ્રિમ કોર્ટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટની ડબલ બેન્ચના એક ચુકાદાને ચેલેન્જ કરનાર કેન્દ્ર સરકારને ૨૫ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સીઆઈએસએફ કોન્સ્ટેબલની હકાલપટ્ટીના કેસ સંદર્ભમાં સુપ્રિમ કોર્ટે આ નિર્ણય કર્યો હતો. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે કોન્સ્ટેબલની હકાલપટ્ટી અયોગ્ય ગણાવીને એનો ૨૫ ટકા પગાર પરત કરવાનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધ કેન્દ્ર સરકારે સ્પેશિયલ લીવ પીટીશન દાખલ કરી હતી, જેને સુપ્રિમ કોર્ટે રદ કરી છે. સુપ્રિમ કોર્ટના જસ્ટીસ બીવી નાગરત્ના અને જસ્ટીસ ઉજ્વલ ભુઈયાની બેન્ચે એસએલપી કરવાના નિર્ણયની આકરી ટીકા કરી હતી. સુનાવણી વખતે જસ્ટીસ નાગરત્નાએ કેન્દ્ર સરકારને સૌથી મોટી ફરિયાદી ગણાવી હતી. કોર્ટના કહેવા પ્રમાણે કેન્દ્ર સરકારના કારણે જ કોર્ટમાં કેસોનો ભરાવો થાય છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની ગરમી વધી રહી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ફરીથી એક વખત ચૂંટણી કમિશન પર મોટો હુમલો કર્યો છે. મુખ્યમંત્રીએ માલદા જિલ્લામાં એસઆઈઆર અભિયાનના કામમાં જોડાયેલા અધિકારીઓને કેટલાક પ્રદર્શન કરનારાઓએ ઘેર્યા હતા એ ઘટના બાબતે દુઃખ જાહેર કર્યુ છે. એમનો આરોપ છે કે, કમિશન પોતાના અધિકારીઓની રક્ષા કરવામાં નિષ્ફળ રહ્યું છે. કાયદો અને વ્યવસ્થાની બગડતી પરિસ્થિતિ માટે એમણે ચૂંટણી કમિશનને જવાબદાર ગણાવ્યું છે. મમતા બેનર્જીએ કહ્યું હતું કે, માલદામાં ૭ ન્યાયીક અધિકારીઓને આંદોલનકારીઓએ કલાકો સુધી ઘેરી રાખ્યા હતા. આ અધિકારીઓને સુરક્ષા કર્મચારીઓએ ખૂબ મુશ્કેલી પછી બહાર કાઢયા હતા. આ લોકો મતદાર યાદીમાંથી નામ નિકળી જવા વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા.

તામિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલીનએ એઆઈએડીએમકેના પ્રમુખ પલાનીસ્વામીની ટીકા કરતા કહ્યું હતું કે, ડીએમકેએ ફક્ત અટલ બિહારી વાજપેયના સમયે ભાજપ સાથે ગઠબંધન કર્યું હતું. આ ગઠબંધન છતા એમણે પોતાના પક્ષને નબળો પાડયો નહોતો. પલાનીસ્વામીએ એઆઈએડીએમકેને ભાજપ સમક્ષ ઝુકાવી દીધું છે અને રાજ્યના હીતો સાથે સમાધાન કર્યું છે. સ્ટાલીનના કહેવા પ્રમાણે ડીએમકેએ હંમેશા આત્મસન્માન સાથે કામ કર્યું છે અને રાજ્યના વિકાસને પ્રાથમિકતા પણ આપી છે. કેન્દ્રની ભાજપ સરકાર તામિલનાડુ સાથે અન્યાય કરે છે. સ્ટાલીને પલાનીસ્વામીને 'સંઘી' પણ કહ્યા હતા. જોકે અકળાયેલા પલાનીસ્વામીએ સામે પ્રતિક્રિયા આપતા એવું કહ્યું હતું કે, જો એઆઈએડીએમકેના કાર્યકર્તાઓ જવાબ આપવાનું શરૂ કરશે તો ડીએમકેથી સહન થશે નહીં. લિકર સ્કેમ મામલે અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા તેમ જ બીજી ૨૧ વ્યક્તિઓને નીચલી કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા. જોકે ત્યાર પછી ઈડીએ આ ચૂકાદાને હાઈકોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. હવે હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલને નોટીસ મોકલી છે. લિકર સ્કેમ બાબતે ઈડીએ કેજરીવાલને સમન્સ મોકલ્યું હોવા છતાં તેઓ એજન્સી સમક્ષ હાજર થયા નહોતા. નીચલી કોર્ટે એમને આ મામલે નિર્દોષ છોડવાથી ઈડીએ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જસ્ટીસ સ્વર્ણકાંતા શર્માએ નીચલી કોર્ટના હુકમ વિરુદ્ધ ઈડીએ દાખલ કરેલી અરજીની સુનાવણી ૨૯ એપ્રિલે રાખી છે. કોર્ટે કહ્યું હતું કે, 'પ્રતિવાદીને અગાઉથી સૂચના મળ્યા છતાં એમણે હાજર નહીં રહેવાનો વિકલ્પ પસંદ કર્યો હતો.' ઈડીનું કહેવું છે કે કેજરીવાલે જાણી જોઈને સમન્સનો અમલ કર્યો નહોતો અને તપાસમાં સહકાર આપ્યો નહોતો.

# સમયે સમયે પોતાનામાં થોડું પરિવર્તન લાવવું જરૂરી છે, નહિંતર આપણી પાસેથી શીખેલા જ આપણને શીખવાડી જાય...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે યુદ્ધની વિહવળતાં વચ્ચે ચોક્કસ એમ લાગે છે કે આ જગતમાં યુધ્ધની નહીં બુધ્ધની જરૂર છે.સાચું ને ,,? આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક રાજા પાસે એક વિશાળ ફળનો બગીચો હતો, જેમાં વિવિધ પ્રકારના ફળો હતા એક માળીને તેના પરિવાર સાથે, આ બગીચાની સંભાળરાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી દરરોજ,માળી રાજમહેલ માં તાજા ફળો લઈ જતો અને રાજાને આપતો. એક દિવસ, માળીએ જોયું કે બગીચામાં નારિયેળ,જામફળ, ચીકુ અને દ્રાક્ષ બધા પાકી ગયા છે.તે વિચારવા લાગ્યો કે તે દિવસે રાજાને કયું ફળ અર્પણ કરવું.થોડીવાર વિચાર કર્યા પછી તેણે દ્રાક્ષ આપવાનું નક્કી કર્યું, કારણ કે તે સંપૂર્ણપણે પાકી ગઈ હતી અને તૈયાર થઈ ગઈ હતી. આમ,તે દ્રાક્ષોથી ભરેલી ટોપલી લઈને રાજમહેલ તરફ રવાના થયો.

જ્યારે માળી મહેલમાં પહોંચ્યો, ત્યારે રાજા ઊંડા વિચારમાં ડૂબેલ અને થોડો નાખુશ પણ લાગ્યો.તેના રોજિંદા વ્યવહાર મુજબ,માળીએ આદરપૂર્વક દ્રાક્ષની ટોપલી રાજા સમક્ષ મૂકી અને થોડા અંતરે ઊભો રહયો. રાજા પોતાના વિચારોમાં ખોવાયેલ હતા તે ટોપલીમાંથી દ્રાક્ષ લેતા, પોતે ખાતા,અને પછી બીજી દ્રાક્ષ લઈને માળીના કપાળ પર નિશાન તાકીને ફેંકી દેતા. જ્યારે પણ કોઈ દ્રાક્ષ માળી ના શરીર કે કપાળ પર વાગતી, ત્યારે તે શાંત સ્વરે કહેતો, 'ભગવાન ખૂબ દયાળુ છે.'આવી રીતે રાજા વારંવાર દ્રાક્ષ ફેંકતા રહયા,અને દરેક વખતે,માળી એ જ વાક્યનું પુનરાવર્તન કરતો: 'ભગવાન ખૂબ દયાળુ છે.'થોડા સમય પછી,રાજાને પોતાની ભૂલ નો અહેસાસ થયો. તે બરાબર બેઠા અને માળીને પૂછ્યું, 'હું વારં વાર તારા પર દ્રાક્ષ ફેંકી રહ્યોહતો ખરેખર તને મારતો હતો છતાં તું કેમ કહે છે કે 'ભગવાન ખૂબ દયાળુ છે'?'

માળીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, 'મહારાજ,આજેબગીચા માં નારિયેળ, જામફળ અને ચીકુ પણ પાકેલા હતા.જો હું ઈચ્છતો હોત,તો હું તે લાવી શક્યો હોત; પણ,મને વિચાર આવ્યો કે હું તમારા માટે દ્રાક્ષ લઈ જેવું.જો, આજે દ્રાક્ષને બદલે,હું નારિયેળ, જામફળ અથવા મોટા ફળ લાવ્યો હોત, તો મારી શું હાલત થાત?તેથી જ હું કહું છું, ભગવાન ખૂબ દયાળુ છે બ્રહ્મા દિક દેવોનો પરાભવથવાથી કે આ બધા હારે,પણ હું હારું નહીં હું ભલભલાને ભૂ પીતા કરી દઉં. શ્રીકૃષ્ણ વળી કઈ વાડીનોમૂળો? એટલે તે શ્રીકૃષ્ણની સામે યુદ્ધ કરવા આવ્યો હતો, પણ એને ખબર નથી કે,શ્રીકૃષ્ણ તો પુષ્ટિ પુરુષોત્તમ છે.બાપડો હાર્યો,બહુ ખરાબ રીતે હાર્યો.જંગલમાં વૃક્ષ ની નીચે બેસીને સંયમ પાળે, કામને મારે તેમાં આશ્ચર્ય નથી. અનેક સ્ત્રીઓમાં માતૃભાવ રાખે અને કામને મારે તેમાં આશ્ચર્ય નથી. પણ શ્રીકૃષ્ણે આજે અનેક સ્ત્રીઓ વચ્ચે રહી કામને માર્યો. અનેક સ્ત્રીઓ સાથે રહી ભગવાને સંયમથી કામનો પરા ભવ કર્યો. કામે ધનુષ્યબાણ ફેંકી દીધાં ત્યારથી શ્રીકૃષ્ણનું નામ પડ્યું મદનમોહન શ્રીકૃષ્ણ યોગેશ્વર છે.આવી રીતે શ્રીકૃષ્ણે કામનો ગર્વ ઉતાર્યો છે. રાસલીલામાં કામ જીતવો કેવો અઘરો છે એનાં અનેક દ્દષ્ટાંતોમાં એક જગ્યાએ વ્યાસજીએ પોતાનું દ્દષ્ટાંત પણ આપ્યું છે: પરાશર ઋષિએ સાઠ હજાર વર્ષ તપશ્ચર્યા કરી હતી. એક વખત તેઓ યમુના પાર કરી રહ્યા હતા. નાવ માછીકન્યા મત્સ્યગંધા ચલાવી રહી હતી. મત્સ્યગંધાને જોઈ પરાશરના તપનો ભંગ થયો. પરાશરે મત્સ્યગંધાનો હાથ પકડ્યો. માછીકન્યા કહે છે, અરે, સૂર્યનારાયણની તો શરમ રાખો! ત્યારે પરાશરે પોતાના તપોબળથી અંધકારનું એક વાદળ ઊભું કરી દીધું અને સૂર્ય ને ઢાંકી દીધો.સૂર્યને ઢાંકવાની પરાશરમાં શક્તિ છે, પરંતુ કામને રોકી શકતા નથી. કામને જીતવો દુષ્કર છે.પણ ભગવાનની આ રાસલીલાનું ચિંતન કરવાથી કામવિકારથવાને બદલે ઊલટો કામવિકાર નો નાશ થાય છે. રાસલીલામાં જીવ અને ઈશ્વરનું મિલન બતાવેલું છે. એ જીવ અને ઈશ્વરનું મિલન ઘણું ઉચ્ચ છે, પ્રેમનો આરંભ દ્વૈતમાં થાય છે, પણ સમાપ્તિ અદ્વૈતમાં થાય છે. રાસલીલા એ કામલીલા નથી, કામનાશ લીલા છે.

ભાગવતનો ઉદ્દેશ જીવ અને ઈશ્વરનું મિલન બતાવવાનો અને કરવાનો છે. રાસ લીલા પ્રસંગમાં શુકદેવજીએ કોઈ ગોપીનું નામ લખ્યું નથી. કોઈ, પેલી, બીજી વગેરે શબ્દો વાપર્યા છે. જીવમાત્રને ભગવાન વાંસળી વગાડી બોલે છે કે તારો સાચો પતિ હું છું. તું ચાલી આવ મારી પાસે!રાસપંચાધ્યાયી એટલે રાસ લીલા ના પાંચ અધ્યાય.એ પાંચ પ્રાણોના સૂચક છે.આ પાંચ પ્રાણોનું ઈશ્વર સાથે રમણએ રાસ.જે શસ્ત્રથી ઘાયલ થતો નથી તે કામના પુષ્પના બાણથી ઘાયલ થાય છે, પણ કામને જે મારી શકે તે કાળને મારી શકે છે. તે કામ પર વિજય મેળવવાની ચાવી અહીં બતાવી છે. તેથી ઘણા મહાત્માઓ કામ ઉપર વિજય પ્રાપ્ત કરવા કેવળ દૂધ-ભાત ઉપર રહી રાત્રિના બીજા પ્રહરે આ રાસલીલાનો પાઠ કરે છે, ચિંતન કરે છે કે, હું વૃંદાવનમાં છું. મંડળની મધ્યમાં રાધાકૃષ્ણ છે. શ્રીકૃષ્ણના હાથમાં વાંસળી છે, રાધાજીના ખભે શ્રીકૃષ્ણનો એક હાથ છે. એક એક રાધા સાથે એકએકશ્રીકૃષ્ણ છે! આ લીલાનું ચિંતન કરતાં કામનો નાશ થાય છે.રાસલીલા નું અનુકરણ નહીં,પણ ચિંતન કરવાનું છે.વેણુગીતની વાંસળી સર્વને પશુ,પક્ષી,નદી વગેરેને સંભળાય,પરંતુ રાસલીલાની વાંસળી જે જીવ ઈશ્વરમિલન માટે આતુર છે,તેવી ગોપીઓને જ સંભળાય છે. રાસ લીલાની વાંસળી જુદી છે.તે અધિકારી ગોપી એટલેકે અધિ કારી જીવ જ સાંભળી શકે છે.શ્રીકૃષ્ણ વડે જેઓનું ચિત્ત હરાયેલું હતું તેવી વ્રજનીસ્ત્રીઓ આ વાંસળી સાંભળીને આતુરતાપૂર્વક શ્રી કૃષ્ણને મળવા માટે દોડવા લાગી ગોપી પોતાનાં સાંસારિક કામોને પડતાં મૂકીને મળવા માટે દોડે છે આજે પ્રભુ મિલનની એનેએટલી આતુરતા છેકે,તેને પોતાના દેહનું ભાનનથી તે બીજી ગોપીને બોલાવવા પણ ઊભી રહેતીનથી કારણકે બીજી ગોપી એવો કોઈ ભાવ જ એના મનમાં નથી.તેને મન શ્રીકૃષ્ણ સિવાય કોઈનું અસ્તિત્વ જ નથી. શ્રીકૃષ્ણ જે ગોપીનું નામ દે છે તે જ ગોપી આ વાંસળી સાંભળેછે અને સાંભળે છે કે તરત બધું પડતું મૂકી દોટ મૂકે છે.કેટલીકગોપીઓ ગાયો દોહતી હતી,તે આવાંસળી નો અવાજ સાંભળી એવી અધીરી બની ગઈ કે, ગાયો દોહવાનું છોડીને દોડવા માંડી. કેટલીક વસ્ત્રો તથા અલંકારો આડાં અવળાં પહેરી શ્રીકૃષ્ણને મળવા માટે દોડી.

# સુરત મનપાની ચૂંટણી, AAPના 75 મૂરતિયા જાહેર: 2021માં પાર્ટીએ 27 બેઠકો જીતી હતી

સુરત, તા.05

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો જંગ જામ્યો છે, ત્યારે આમ આદમી પાર્ટીએ સુરત મહાનગરપાલિકા માટે પોતાના પત્તા ખોલી દીધા છે. રવિવારે AAPના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ સુરતના વિવિધ વોર્ડ માટે કુલ 75 ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરી છે. આ સાથે જ પાર્ટીએ દાવો કર્યો છે કે સુરત ગુજરાતની એવી પ્રથમ મહાનગરપાલિકા બનશે જ્યાં આમ આદમી પાર્ટીનો મેયર સત્તા સંભાળશે.

મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, સુરત હંમેશા ભારતીય જનતા પાર્ટીનું કેન્દ્ર રહ્યું છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ભાજપના શાસનમાં ભ્રષ્ટાચાર અને કુશાસન વધ્યું છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે સુરત એક ગ્લોબલ સિટી હોવા છતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાયાની સુવિધાઓના મામલે અન્યાયનો ભોગ બન્યું છે. સુરતની જનતા હવે પરિવર્તન ઈચ્છે છે. ભાજપના ભ્રષ્ટાચારી શાસન સામે આમ આદમી પાર્ટી એક મજબૂત અને ઈમાનદાર વિકલ્પ તરીકે ઉભરી આવી છે.

નવા ચહેરાઓને સ્થાન: યાદીમાં શિક્ષિત, સક્રિય અને જનતાની વચ્ચે રહેતા સ્થાનિક કાર્યકર્તાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાનું મનાય છે.

ટકાઉ વિકાસનો એજન્ડા: AAPએ પારદર્શક વહીવટ અને દિલ્હી-પંજાબ મોડલની જેમ પાયાની સુવિધાઓ (શિક્ષણ, આરોગ્ય) પર ભાર મૂકવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

આમ આદમી પાર્ટીએ આ વખતે રણનીતિ બદલી છે. મનોજ સોરઠીયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સુરતના લોકો આ વખતે માત્ર વિપક્ષ તરીકે નહીં, પરંતુ શાસક પક્ષ તરીકે AAPને પસંદ કરશે. તેમણે જણાવ્યું કે પાર્ટીના તમામ કાર્યકર્તાઓ ગ્રાઉન્ડ લેવલ પર મહેનત કરી રહ્યા છે અને આ ચૂંટણીમાં ભાજપના વર્ષો જૂના શાસનનો અંત આવશે.

યાદી જાહેર કર્યા બાદ સોરઠીયાએ તમામ પસંદ થયેલા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતા અને જીત માટે અગ્રિમ શુભેચ્છાઓ આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં બાકી રહેલી બેઠકો માટે પણ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે અને પાર્ટી પૂરી તાકાત સાથે પ્રચાર મેદાનમાં ઉતરશે.

સુરત મનપામાં અગાઉ વિપક્ષ તરીકે મજબૂત પકડ બનાવ્યા બાદ, હવે AAP સીધી સત્તા કબજે કરવાના લક્ષ્ય સાથે આગળ વધી રહી છે. 75 ઉમેદવારોની આ યાદી ભાજપ અને કોંગ્રેસ બંને માટે ચિંતાનો વિષય બની શકે છે.

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી (AAP) એ પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. જાહેર કરવામાં આવેલી 75 ઉમેદવારોની પ્રથમ યાદીમાં પાર્ટીએ જ્ઞાતિગત સમીકરણો, સામાજિક પ્રતિષ્ઠા અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ચહેરાઓ પર દાવ ખેલ્યો છે. આ યાદીમાં પૂર્વ કોર્પોરેટરોથી લઈને એડવોકેટ્સ અને સામાજિક અગ્રણીઓનો સમાવેશ કરીને AAPએ ભાજપના ગઢમાં ગાબડું પાડવાની તૈયારી કરી છે.

પાર્ટીએ ગત ટર્મમાં મનપામાં આક્રમક ભૂમિકા ભજવનાર પૂર્વ કોર્પોરેટરોને ફરી મેદાનમાં ઉતાર્યા છે. જેમાં પાયલ સાકરીયા પૂર્વ વિપક્ષ નેતા, મહેશ અણઘણ પૂર્વ વિપક્ષ ઉપનેતા, રચનાબેન હીરપરા પૂર્વ વિપક્ષ દંડક છે. આ ત્રણેય નેતાઓએ મનપામાં શાસક પક્ષ સામે જનતાના પ્રશ્નો ઉઠાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

AAP એ સુરતના વિવિધ સમાજોને પ્રતિનિધિત્વ આપીને 'સર્વસમાજ'ની રણનીતિ અપનાવી છે. મૂળ સુરતી અને ઓબીસી ચહેરા મોઢ ઘાંચી સમાજમાંથી પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલા, રાણા સમાજમાંથી જતીન જરીવાલા અને અમિત રાણાને ટિકિટ અપાઈ છે. પાટીદાર અને સંસ્થાકીય જોડાણમાં ઉમિયાધામ મંદિર (વરાછા) ના લીગલ સેલ કન્વીનર જયંતી પટેલના પુત્ર એડવોકેટ રૂબીન પટેલ, SPG સાથે જોડાયેલા વીણાબેન પટેલ અને મોનિકા સંઘવીનો સમાવેશ થાય છે.

સગર સમાજના પ્રખર વક્તા તુલસી લાલૈયા, આહીર સમાજમાંથી રમેશ જીંજાળા, પ્રવિણ કાતરિયા અને અસ્મિતા કાતરિયાને સ્થાન મળ્યું છે. પ્રજાપતિ અને કોળી સમાજમાં પ્રજાપતિ સમાજમાંથી ભરત પ્રજાપતિ, BAPS સંસ્થાના અનુયાયી પંકજ આંબલીયા સહિત 5 ઉમેદવારો અને કોળી સમાજમાંથી ઉષા ગોહિલ સહિત 3 મહિલા ચહેરાઓને મેદાનમાં ઉતારાયા છે.

પાર્ટીએ બૌદ્ધિક વર્ગને આકર્ષવા માટે મોટી સંખ્યામાં એડવોકેટ્સ અને શિક્ષિત યુવાનોની પસંદગી કરી છે. મહારાષ્ટ્રીયન સમાજમાંથી એડ. વિલાસ પાટીલ, એડ. ભૂપત કોડીયાતર, એડ. મુમતાઝ મુલતાની અને એડ. શાહીન મલેક જેવા કાયદાના જાણકારોને ટિકિટ મળી છે.

વોર્ડ નં. 3 થી આંતરરાષ્ટ્રીય સ્તરે આદિવાસી યુવાઓનું પ્રતિનિધિત્વ કરતા અને શૈક્ષણિક રીતે સજ્જ (BSC, B.ed.) પ્રકાશ ચૌધરીને ઉમેદવાર બનાવ્યા છે. શહેરના બ્રહ્મ સમાજમાંથી શ્રવણ જોશી, મહેન્દ્ર રાજપુરોહિત અને જાગૃતિ જાનીને સ્થાન આપીને AAPએ મધ્યમ વર્ગ અને પ્રબુદ્ધ વર્ગના મતો મેળવવા કવાયત તેજ કરી છે. તેમજ બારોટ સમાજમાંથી કલ્પેશ બારોટ પર પસંદગી ઉતારવામાં આવી છે.

આમ આદમી પાર્ટીની આ યાદીમાં માત્ર કાર્યકર્તાઓ જ નહીં પરંતુ સમાજમાં ઊંડી પકડ ધરાવતા લોકોનો સમાવેશ કરાયો હોવાથી સુરત મનપાનો જંગ આ વખતે ત્રિપાંખિયો અને રસપ્રદ બનશે. મનોજ સોરઠીયાના મતે, આ ઉમેદવારોની પસંદગી સુરતને ભ્રષ્ટાચાર મુક્ત કરવાના પાયાના પથ્થર સાબિત થશે.

# છેતરપિંડી કરનાર પિતા-પુત્રની જોડી ઝડપાઈ: અજાણી લિંક મોકલી મોબાઈલ હેક કરનાર સાયબર ઠગોની ટોળકી ઝડપાઈ, 69 ફરિયાદોનો ખુલાસો



સુરત, તા.05

આજના ડિજિટલ યુગમાં સાયબર ગુનેગારો અવનવા નુસખા અપનાવી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવી રહ્યા છે. ત્યારે સુરત શહેરની પુણા પોલીસને એક મોટી સફળતા મળી છે. અજાણી લિંક મોકલી ફરિયાદીનો મોબાઈલ હેક કરી, બેંક ખાતામાંથી નાણાં સેરવી લેતી ગેંગના બે સાતિક આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. પ્રાથમિક તપાસમાં આ ટોળકી સામે દેશભરમાંથી 69 જેટલી ફરિયાદો નોંધાઈ હોવાનું બહાર આવ્યું છે.

પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ એક નાગરિકને સાયબર ગઠિયાઓએ અજાણી લિંક મોકલી હતી. ફરિયાદીએ આ લિંક પર ક્લિક કરતા જ તેમનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો. ત્યારબાદ સાયબર ઠગોએ ફરિયાદીની જાણ બહાર તેમના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા 28,000 ઉપાડી લીધા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ફરિયાદીએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. આ ગંભીર સાયબર ફ્રોડની ઘટનાને પગલે સુરત પોલીસ કમિશનર, ખાસ પોલીસ કમિશનર (સેક્ટર-1), અને ઝોન-1ના નાયબ પોલીસ કમિશનર દ્વારા આરોપીઓને સત્વરે પકડી પાડવા સૂચનાઓ આપવામાં આવી હતી. પુણા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. દેસાઈ તથા આર.એચ. મોરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની એક વિશેષ ટીમ બનાવવામાં આવી હતી.

પ્રો. પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.એલ. કળથીયા અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસનો ઉપયોગ કરીને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. બેંક ટ્રાન્ઝેક્શન અને ડિજિટલ ફૂટપ્રિન્ટના આધારે પોલીસે રાજકોટ જિલ્લાના જેતપુર ખાતે દરોડા પાડી બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસના સકંજામાં આવેલા બંને આરોપીઓ પિતા-પુત્ર હોવાનું સામે આવ્યું છે. જગદીશભાઈ ત્રિકમદાસ લાલવાણી જેઓ આ ગુનામાં વપરાયેલા બેંક એકાઉન્ટના ધારક છે. જય જગદીશભાઈ લાલવાણી જેઓ પણ આ વેપાર સાથે સંકળાયેલા છે અને ગુનામાં સામેલ છે. બંને આરોપીઓ સાનીધ્ય શ્રીપાર્ક ટેનામેન્ટ, જેતપુર, જી. રાજકોટના રહેવાસી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલા બેંક ખાતાઓની તપાસ NCCCRP પર કરવામાં આવતા, તેમની સામે કુલ 69 જેટલી ફરિયાદો મળી આવી છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે આ ટોળકી લાંબા સમયથી સક્રિય હતી અને અનેક લોકોને શિકાર બનાવી ચુકી છે. પુણા પોલીસે આ કિસ્સા બાદ લોકોને અપીલ કરી છે કે કોઈપણ અજાણી લિંક પર ક્લિક કરવું નહીં. ખાસ કરીને લોભામણી ઓફરો કે બેંક એકાઉન્ટ અપડેટ કરવાના બહાને આવતી લિંક્સ સાયબર હુમલાનો ભાગ હોઈ શકે છે. જો તમારી સાથે આવો કોઈ ફ્રોડ થાય, તો તુરંત જ 1930 હેલ્પલાઈન નંબર અથવા સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવવી જોઈએ.

# 'ક્યાં સુધી મોદીજીના નામે વોટ આપશો, પટેલ ઉમેદવારને સ્થાન આપો'

## MLA યોગેશ પટેલે કહ્યું-બહારથી કોઈ આવશે તો વિરોધ કરીશું, 'મોદી તરફી, BJP વિરોધી' બેનર્સ લાગ્યા






વડોદરા, તા.05

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારના ધારાસભ્ય યોગેશ પટેલે વોર્ડ નંબર 18ના ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. યોગેશ પટેલે જણાવ્યું હતું કે, પક્ષ દ્વારા બહારના વ્યક્તિને ટિકિટ આપવામાં આવશે તો તેનો વિરોધ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, વિસ્તારમાં વર્ષોથી કાર્યરત અને પક્ષ માટે કામ કરનારા સ્થાનિક કાર્યકરોને જ ટિકિટ આપવી જોઈએ. આ ઉપરાંત વડોદરા શહેરના વાસણા ભાયલી રોડ સહિતના વિસ્તારોમાં વિવાદિત બેનરો પણ લાગ્યા છે. આ બેનર કોને લગાવ્યા, તે તપાસનો વિષય છે.

માંજલપુરના ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલે નામ લીધા વગર કહ્યું કે, ભાઈ તારા વિસ્તારમાં લડ ને અહીં શું છે? અમારે બહુ કાર્યકરો છે. હાજર લોકોને જણાવ્યું કે, બહારથી કોઈ આવે તો આપણે બધાએ લડવાનું છે, વિરોધ કરવાનો. જો ભાઈ મહેનત આપણે કરી છે, આપણે બધે ફર્યા છે. આપણે બસો ભરીને પહોંચાડ્યા છે. પાર્ટીએ જે કહ્યું છે તે બધું આપણે કર્યું છે, જેથી આપણને ચાન્સ મળવો જોઈએ.

મને લોકોએ મત આપ્યા છે, લોકો થકી હું છું. લોકોના પ્રશ્નો ઉકેલવાની જવાબદારી ધારાસભ્યની છે. પાર્ટી જેને ટિકિટ આપે એને મારે જીતાડવાનો, બરાબર ને. એટલે મહેરબાની કરીને મારી સાથે કોઈ અબોલા ન કરતા. આ પાર્ટી નક્કી કરે છે.

તો બીજી તરફ વડોદરા શહેરના વાસણા ભાયલી રોડ અને નિલમ્બર સર્કલ સહિતના સ્થળોએ વિવાદિત બેનરો લાગ્યા છે. જેમાં લખવામાં આવ્યું છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સ્થાનિકોને સ્થાન આપો, કયા સુધી મોદીજીના નામ પર વોટ આપશો? ★પ્રો મોદી ★બીજેપી વિરોધી. મોદીજીના નામ પર વોટ આપવો નહીં એમનું કામ દેશ ચાલવાનું છે, નહીં કે તમારો વિસ્તાર. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પટેલ ઉમેદવારને સ્થાન આપો, જય સરદાર, જય પાટીદાર.

ઉલ્લેખનીય છે કે, વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીને પગલે હવે નિવેદન અને પોસ્ટર શરૂ થઈ ગયું છે. સ્થાનિક ઉમેદવારોને ટિકિટ આપવા માટે નિવેદનો થઈ રહ્યા છે. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં પોસ્ટર પણ લાગતા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# આચાર સંહિતાનો કડક અમલ: શહેરમાંથી 650 બોર્ડ-બેનરો હટાવી દેવાયા, એસ્ટેટ વિભાગની તમામ એજન્સીઓ સાથે બેઠક







રાજકોટ, તા.05

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજકોટ સહિતની વિવિધ મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને અન્ય સ્વાયત સંસ્થાઓની ચૂંટણીની સત્તાવાર તારીખો જાહેર કરી દેવામાં આવી છે. આ જાહેરાતની સાથે જ સમગ્ર વહીવટી તંત્ર સજ્જ થઈ ગયું છે અને 1 એપ્રિલથી આદર્શ આચાર સંહિતાનો અમલ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. ચૂંટણીના માહોલ વચ્ચે કોઈ પણ રાજકીય પક્ષ કે ઉમેદવાર નિયમોનું ઉલ્લંઘન ન કરે તે માટે તંત્ર દ્વારા કડક કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે, જેના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા અને એસ્ટેટ શાખા સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગઈ છે. બે દિવસમાં શહેરમાંથી સરકારી જાહેરાત વાળા 650 બોર્ડ અને બેનરો હટાવી દેવામાં આવ્યા છે. જ્યારે એસ્ટેટ વિભાગે તમામ એજન્સીઓ સાથે બેઠક યોજી સરકારી જાહેરાત વાળા બોર્ડ-બેનરો હટાવવા કડક સૂચના આપી દીધી છે.

મનપાની આ કામગીરીમાં ખાસ કરીને એવા બોર્ડ અને બેનરો પર નિશાન સાધવામાં આવ્યું હતું, જેમાં રાજકીય નેતાઓની તસવીરો, તેમના નામ અને હોદ્દાની વિગતો દર્શાવવામાં આવી હતી. વિગતવાર માહિતી મુજબ, દબાણ હટાવ શાખાની ટીમે શહેરના વિવિધ વોર્ડમાં ફરીને આ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. જેમાં વોર્ડ નં. 9 નિલકંઠ સોસાયટી વિસ્તાર અને આસપાસના મુખ્ય માર્ગો, વોર્ડ નં. 13 આનંદ બંગલા ઈન્ડસ્ટ્રિઝ એરિયા, વોર્ડ નં. 14નાં મુખ્ય ચોક અને જાહેર મિલકતો તેમજબવોર્ડ નં. 2 સરકીટ હાઉસ અને તેની આસપાસના વિસ્તારોમાંથી બોર્ડ અને બેનરો હટાવવામાં આવ્યા છે. આ તમામ વિસ્તારોમાંથી ગેરકાયદેસર રીતે લગાડવામાં આવેલા રાજકીય હોર્ડિંગ્સ અને ધજા-પતાકાઓને જપ્ત કરવામાં આવ્યા છે.

દબાણ હટાવ શાખાના અધિકારીએ દિવ્ય ભાસ્કર સાથેની ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે, આચાર સંહિતા દરમિયાન શહેરના તમામ 18 વોર્ડ અને વિસ્તારોમાં સતત ફેરણી કરવામાં આવશે. જ્યાં પણ નિયમ વિરુદ્ધ બોર્ડ કે બેનર જોવા મળશે, તેને તાત્કાલિક દૂર કરવામાં આવશે. આ ઉપરાંત, તમામ રાજકીય પક્ષો, સંસ્થાઓ અને નેતાઓને પણ તાકીદ કરવામાં આવી છે કે જ્યાં સુધી આચાર સંહિતા અમલમાં છે ત્યાં સુધી કોઈ પણ પ્રકારના પ્રચાર સાહિત્ય જાહેરમાં નહીં લગાવવાની સૂચનાઓ આપવામાં આવી છે.

બીજી તરફ, મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા પણ સક્રિય બની છે. એસ્ટેટ શાખા દ્વારા શહેરની આશરે 60 જેટલી ખાનગી જાહેરાત એજન્સીઓને કડક આદેશ આપવામાં આવ્યો છે. આ આદેશ મુજબ, જો કોઈ પણ સ્થળે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની યોજનાઓનો પ્રચાર કરતા બોર્ડ અથવા કોઈનરાજકીય પ્રચાર-પ્રસાર કરતા હોર્ડિંગ્સ લગાવેલા હોય, તો તેને તુરંત દૂર કરવાના રહેશે. એસ્ટેટ શાખા દ્વારા તમામ 60 એજન્સીઓના પ્રતિનિધિઓને બોલાવીને આ અંગે સત્તાવાર રીતે જાણ કરી દેવામાં આવી છે. જો એજન્સીઓ દ્વારા હોર્ડિંગ્સ જાતે દૂર કરવામાં નહીં આવે, તો મહાનગરપાલિકા તે ઉતારી લેશે અને તેનો ખર્ચ પણ જે તે એજન્સી પાસેથી વસૂલવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણીની તારીખો જાહેર થતાની સાથે જ રાજકોટના રાજકારણમાં ગરમાવો આવ્યો છે, પરંતુ વહીવટી તંત્ર 'ઝીરો ટોલરન્સ'ની નીતિ સાથે કામ કરી રહ્યું છે. મનપાની આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયાને નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ બનાવવાનો છે. આગામી દિવસોમાં પણ પોલીસ તંત્ર અને ચૂંટણી પંચની ટીમો સાથે મળીને મનપા દ્વારા આચાર સંહિતાના ભંગ બદલ કડક પગલાં લેવામાં આવશે. શહેરીજનોમાં પણ આ બાબતે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે જેથી કોઈ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય. આમ, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આચાર સંહિતાના પ્રથમ 48 કલાકમાં જ આક્રમક કામગીરી બતાવીને સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે ચૂંટણી નિયમોનું પાલન કરાવવા માટે તંત્ર સજ્જ છે.

# તુલસીદાસજી એ કલ્યાણકારી હનુમાન ચાલીસાની રચના કરીને બહું ઉપકાર કર્યો છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણે સમાજ દર્શનમાં જોયું એમ ખબર પડે કે ન પડે બધાં યુદ્ધ વિશે ચર્ચા કરતાં જોવા મળે છે. જોકે યુદ્ધ અને એનાં વિનાશક પરિણામોથી આપણે સૌ પરિચિત છીએ. કળિયુગનાં યુદ્ધમાં તો હવે રણનીતિ જેવું કંઈ રહ્યું નથી! એમાં ક્યાંય કલ્યાણની વાત જોવા મળતી નથી! ક્યાંય ધર્મની રક્ષા માટેની વાત જોવા મળતી નથી, સૌને પોતપોતાનુ સાજું કરી લેવું છે! કોણ જાણે સત્તા અને સંપત્તિની આ ખેંચતાણ માનવી ને ક્યાં લઈ જશે! આપણી સંસ્કૃતિનાં બે મહાયુદ્ધ રામ રાવણ અને કૌરવ પાંડવનાં યુદ્ધની વાત કરીએ તો, બંનેમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે કલ્યાણની હાજરી હતી. આપણે શંકર ચરિત્રની ગાથા ગાઈ ત્યારે કલ્યાણ એટલે શિવ અને શિવ એટલે કલ્યાણ એવું એક ચિંતન કર્યું હતું! અને હનુમાનજીને શંકરાવતાર કહેવામાં આવે છે. રામ રાવણનાં યુદ્ધમાં શંકર સ્વરૂપ હનુમાનજી પ્રત્યક્ષ રુપે હતાં, જ્યારે મહાભારતનાં યુધ્ધ વખતે હનુમાનજી અર્જુનનાં રથની ધ્વજામાં અપ્રત્યક્ષ રીતે હાજર હતાં, એટલે યુદ્ધમાં પણ કલ્યાણની મહત્તા રહેતી, હમણાં જ હનુમાન જયંતિ ગઈ અને આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખમાં એને વિશે વધુ જોઈએ.

હિંદુ સનાતન ધારાનું કોઈ સૌથી પ્રિય તત્વ હોય તો એ હનુમંત છે. હનુમાન તો આપણો પ્રાણ આધાર છે, એ વાતને કોઈ નકારી નહીં શકે. હનુમાનને એક બ્રહ્મચારી અને પૂર્ણ વૈરાગી દેવ માનવામાં આવે છે. ભગવાન શંકરનાં રુદ્રાવતાર તરીકે માનવામાં આવતાં, હનુમાન એ ત્રેતાયુગમાં અંજની અને કેસરીનાં પુત્ર તરીકે ઓળખાય છે. આજે મનુષ્ય પણ તપ કે તપશ્ચર્યા કરતાં નથી, પણ તે યુગમાં વાનરો પણ તપશ્ચર્યા કરતાં હતાં. માતા અંજનીએ તેજસ્વી પુત્ર પામવાં માટે થઈને તપશ્ચર્યા કરી, અને પવનદેવે પ્રસન્ન થઈ તેમને વરદાન આપ્યું, આથી તેઓ પવનપુત્ર પણ કહેવાયા. બાળ હનુમાનની વીરતાની વાતો સાંભળીને પણ એની શક્તિનો અંદાજ આવી જાય, કે ખૂબ શક્તિશાળી હતા. એક દિવસ સૂર્યને ગળી જવાં માટે નીકળ્યાં હતાં, આથી તે શાપિત થયાં અને તેમની વિદ્યા ભૂલી ગયાં.

દશરથ નંદન રામને જ્યારે વનવાસ થયો, ત્યારે લક્ષ્મણ અને પત્ની સીતા સાથે તેઓ ફરતા ફરતા વનમાં એટલેકે પંચવટીમાં વસે છે. ત્યાં લંકા પતિ રાવણ આવીને સીતાનું અપહરણ કરી જાય છે. એ વાત આપણાં દેશનો નાનામાં નાનું બાળક પણ જાણે છે. સીતાની શોધ માટે, કિષ્કીનધા નરેશ વાલીને સુગ્રીવ સાથે રામની મુલાકાત થાય છે. વાલીનો વધ કરી, રામ સુગ્રીવને તેનું રાજ્ય સોંપે છે. પછી હનુમાન, જાંબુવંત, અંગદ, નલ, નીલ અને અન્ય વાનરો સાથે સીતાજીની શોધમાં નીકળે છે. માર્ગમાં ભગવાનનું સ્મરણ કરતાં તેમની બધી જ વિદ્યાઓ તેમને પાછી પ્રાપ્ત થાય છે, અને આપણે જાણીએ છીએ કે હનુમાનજી ઉડીને લંકા પહોંચે છે. રસ્તામાં પણ સુરસાને લંકીનીનો સામનો કરે છે. વિભીષણને ઘરે તુલસી ક્યારો જોઈ વૈષ્ણવના મનોમન દર્શન કરે છે. અશોક વાટિકામાં સીતાને હૈયાધારણ આપે છે. રાવણનાં અહમને તોડવા લંકાને જલાવે છે. પાછા ફરી રામને આખું વૃતાંત જણાવે છે, પછી રામ લક્ષ્મણ સાથે વાનર સેના લંકા પર ચઢાઈ કરે છે. અંતે ભયંકર યુદ્ધને પરિણામે રાવણનો નાશ થાય છે.

પોતાનું જીવન તેમણે બ્રહ્મચારી તરીકે વ્યતિત કર્યું છે, અને રામ એટલે વિષ્ણુના પરમ ભક્ત હોવાથી, તેની સેવામાં આખું જીવન સમર્પિત છે. તેઓ બ્રહ્મચારી હોવા છતાં પણ એક પરોક્ષ પુત્રના પિતા છે, એ વાત કદાચ કોઈ જાણતું ન પણ હોય. લંકામાં સીતાની શોધમાં ગયેલા હનુમાનને બંદી બનાવીને, જ્યારે પકડી લેવામાં આવે છે. ત્યારે આપણે સૌ કોઈ જાણીએ છીએ, કે લંકામાં તેને પૂંછડીને જલાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, અને તેના કારણે હનુમાનની પોતાની પૂંછડી વધારતાં ગયાં, અને લંકા આખુ જલાવી દીધી. પછી જ્યારે તે પોતાની પૂંછડીની આગ ઠારવા માટે થઈને સમુદ્રમાં ગયા, ત્યારે તેમના પરસેવાનું કે વીર્યનું એક ટીપું, એક મકર નામની માછલીનાં મોઢામાં ગયું, અને આ માછલીને પાતાળમાં અહીરાવણના સૈનિકોએ પકડી લીધી, ત્યારે તેનું પેટ કાપતા તેમાંથી આ બાળ મળ્યો, અને તે મકરનાં પેટમાંથી મળ્યો હોવાથી, તેનું નામ મકર ધ્વજ પડ્યું. તુલસીકૃત રામાયણમાં આ વાતનો ઉલ્લેખ નથી, પણ વાલ્મીકિ કૃત રામાયણમાં આનો આછડતો ઉલ્લેખ જોવા મળે છે. ઉપરાંત બીજા પણ કંઈક રામાયણોમાં આ વિશે થોડી વાત થઇ છે. તેમાં તો એવું પણ છે કે અહિ રાવણ રામ-લક્ષ્મણને બંદી બનાવી, પાતાળમાં લઈ જાય છે, અને હનુમાન તેમને છોડાવવાં પાતાળ પહોંચે છે, ત્યારે દ્વારપાળ તરીકે મકરધ્વજ તેમને રોકે છે, અને પોતાને હનુમાન પુત્ર બતાવે છે. હનુમાન પોતે બ્રહ્મચારી હોવાથી આ વાત જાણતા નથી, પરંતુ ધ્યાનમાં જઈને જુએ છે, પછી તેમને ખ્યાલ આવે છે કે આવું કંઈક થયું. એટલે તે મકરધ્વજને આશીર્વાદ આપે છે, પરંતુ મકરધ્વજ અહિરાવણ સાથે દગો કરવાં નથી માગતો,અને પિતા પુત્ર બંને દ્વંદ યુદ્ધ કરે છે. તે હનુમાન જેટલાં જ તે શક્તિશાળી હોવાથી, આ યુદ્ધ બહુ કઠિન રહ્યું. આ ઉપરાંત મહાભારતમાં પણ હનુમાનનો ઉલ્લેખ છે. ભગવાન રામે અને સીતાજીએ, હનુમાનને અજર અમરનાં વરદાન આપ્યા છે. એટલે યુગોયુગોથી, હનુમાન ચરિત્ર આ જ રીતે પ્રિય અને જીવંત રહ્યું છે. કળિયુગમાં નામ સાધનાનું ખૂબ જ મહત્વ છે, અને જ્યાં જ્યાં રામકથા થતી હોય ત્યાં હનુમાન અવશ્ય હોય છે.

તુલસીદાસજીએ શ્રીરામચરિત માનસની રચના કરી, આપણી પર એક અનન્ય ઉપકાર કર્યો છે. તે ઉપરાંત તેમણે હનુમાન ચાલીસાની રચના કરી, અને તેનાથી પણ વધુ ઉપકાર કર્યો છે. હનુમાન ચાલીસાનું ગાન નિત્ય કરવાથી ખરેખર જીવનમાં સંકટનો નાશ થાય છે, અને આ વાત સૌ કોઈ જાણે છે. ડરામણી પરિસ્થિતિ, કે જગ્યાએ જો આપણે પહોંચી જઈએ, તો અચાનક મોઢામાંથી હનુમાન નું નામ કે હનુમાન ચાલીસા નીકળી જાય છે તે શું બતાવે છે, કે હનુમાન આજે પણ એટલા જ પ્રિય છે, અને લોકો ની તેની પર પૂર્ણ આસ્થા છે. તો આ છે ભગવાન શંકરના રુદ્રાવતાર હનુમાનની વાત.જેમ કૃષ્ણ ચરિત્ર પર લખવાનું કહેવામાં આવે, અને જિંદગી પૂરી થાય, પણ કંઈને કંઈ રહી જાય, તે જ રીતે હનુમાન પણ એટલા જ પ્રિય રહ્યાં છે, તેની પર પણ ખૂબ લખી શકાય. અને એટલે એક વાક્ય લખીને પૂરું કરું કે,બીજા અન્ય દેવી દેવતાઓ નો આપણે લોકોએ અનુમાન કરી, કે કલ્પના કરી અને તસવીર બનાવી હશે. પણ ''હનુમાન એ માત્ર અનુમાન નથી અનુભૂતિ છે'' સમયનો આ દોર ચાલી રહ્યો છે એમાં ઘણા ભાવોનો ભરાવો થયો છે, પણ કેમે કરીને આ કલ્યાણનો ભાવ એકધારો ટકતો નથી! તો સકલ વિશ્વમાં કલ્યાણકારી ભાવ વધે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# છેલ્લી ઓવરમાં 11 રન ના કરી શકતા GT સતત બીજી મેચ હારી, RRના તુષાર દેશપાંડેએ રંગ રાખ્યો

**નવી દિલ્હી, તા.05**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની 9મી મેચમાં શનિવારે ગુજરાત ટાઈટન્સનો સામનો રાજસ્થાન રોયલ્સ સામે થયો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં રાજસ્થાન રોયલ્સે 6 રનથી મેચ જીતી લીધી હતી. આ મેચમાં ગુજરાત ટાઈટન્સને જીત માટે 211 રન બનાવવાના હતા, પરંતુ તે 8 વિકેટ પર માત્ર 204 રન જ બનાવી શકી.

આ મેચ છેલ્લી ઓવર સુધી ચાલી અને ખૂબ જ રોમાંચક રહી. ગુજરાત ટાઈટન્સને છેલ્લી ઓવરમાં જીત માટે 11 રન બનાવવાના હતા. પરંતુ ફાસ્ટ બોલર તુષાર દેશપાંડેએ આ ઓવરમાં કમાલની બોલિંગ કરતા માત્ર 4 રન આપ્યા અને કેપ્ટન રાશિદ ખાનની વિકેટ પણ લીધી. રાશિદ ખાન અને કાગીસો રબાડા સેટ થઈ ગયા હતા, પરંતુ તુષારે છેલ્લી ઓવરમાં આ બંનેને રન બનાવવાની તક ન આપી.

રાજસ્થાન રોયલ્સની આ સીઝનમાં આ સતત બીજી જીત રહી. બીજી તરફ ગુજરાત ટાઈટન્સ આ સીઝનમાં સતત બીજી મેચ હારી ગઈ છે. ગુજરાત ટાઈટન્સની આ સીઝનની શરૂઆત ખરાબ રહી અને તેણે પોતાની પહેલી મેચમાં પંજાબ કિંગ્સ (PBKS)એ તેને ત્રણ વિકેટથી હરાવી દીધી હતી. બીજી તરફ રાજસ્થાન રોયલ્સે પોતાની પહેલી મેચમાં પાંચ વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ને 8 વિકેટથી હરાવ્યું હતું.

રન ચેઝમાં ગુજરાત ટાઈટન્સની શરૂઆત શાનદાર રહી. કુમાર કુશાગ્ર અને સાઈ સુદર્શને પ્રથમ વિકેટ માટે 78 રન જોડ્યા હતા. કુશાગ્રે 18 રન બનાવ્યા અને તેની



વિકેટ કેપ્ટન રિયાન પરાગે લીધી. ત્યારબાદ ગુજરાત ટાઈટન્સને સુદર્શનના રૂપમાં મોટો ઝટકો લાગ્યો. સુદર્શને 44 બોલમાં 73 રન બનાવ્યા, જેમાં 9 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ છે. સુદર્શનને સ્પિનર રવિ બિશ્નોઈએ આઉટ કર્યો, જે ઈમ્પેક્ટ સબ તરીકે મેદાનમાં ઉતર્યો હતો.

ત્યાર બા દ રવિ બિશ્નોઈએ ગ્લે ન ફિલિપ્સ (3 રન) અને વોશિંગ્ટન સુંદર (4 રન) ને આઉટ કર્યા . જોકે, બીજી તરફ સારી બેટિંગ કરી રહેલ જોસ બટલર (26 રન)એ પણ નાંદ્રે બર્ગર સામે પોતાની વિકેટ ગુમાવી દીધી, જેના કારણે ગુજરાત ટાઈટન્સ મુશ્કેલીમાં મુકાઈ ગયું. ત્યારબાદ રવિ બિશ્નોઈએ રાહુલ તેવતિયાને આઉટ કર્યો, જે ફક્ત 12 રન બનાવી શક્યો હતો. શાહરૂખ ખાન 11 રન બનાવીને રન આઉટ થયો, જેનાથી ગુજરાત ટાઈટન્સનો સ્કોર 161/7 થઈ ગયો. ત્યાંથી કાગીસો રબાડા (23 રન અણનમ) અને રાશિદ ખાન (24 રન)એ મેચને રોમાંચક બનાવી દીધી.

રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને 6 વિકેટ પર 210 રન બનાવ્યા. રાજસ્થાન રોયલ્સની શરૂઆત શાનદાર રહી, વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલ વચ્ચે પ્રથમ વિકેટ માટે 70 રન પાર્ટનરશિપ થઈ. વૈભવ સૂર્યવંશીએ 18 બોલમાં 31 રન બનાવ્યા, જેમાં 5 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકાર્યો. કેપ્ટન રાશિદ ખાને વૈભવને પોતાની ફિરકીમાં ફસાવ્યો. વૈભવના આઉટ થયા બાદ યશસ્વીએ ધ્રુવ જુરેલ સાથે મળીને બીજી વિકેટ માટે 56 રન જોડ્યા.

યશસ્વી જયસ્વાલે 36 બોલમાં 55 રન બનાવ્યા, જેમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ છે. કાગીસો રબાડાએ યશસ્વીને શાનદાર બોલિંગ કરીને ક્લીન બોલ્ડ કર્યો. કેપ્ટન રિયાન પરાગ (8 રન), શિમરોન હેટમાયર (18 રન) અને ડોનોવન ફરેરા (1 રન) બેટિંગથી કંઈ ખાસ કમાલ ન કરી શક્યા.

વિકેટોના પતન વચ્ચે ધ્રુવ જુરેલે ક્રીઝ પર ટકી રહીને શાનદાર ઈનિંગ રમી. જુરેલે 42 બોલમાં 75 રન બનાવ્યા, જેમાં 5 છગ્ગા અને 5 ચોગ્ગા ફટકાર્યા હતા. ગુજરાત ટાઈટન્સ તરફથી કાગીસો રબાડાએ સૌથી વધુ બે વિકેટ ઝડપી. રાશિદ ખાન, પ્રસિદ્ધ કૃષ્ણા, અશોક શર્મા અને મોહમ્મદ સિરાજે એક-એક વિકેટ લીધી.

આ મેચમાં રાશિદ ખાને ગુજરાત ટાઈટન્સની કમાન સંભાળી. નિયમિત કેપ્ટન શુભમન ગિલ સ્નાયુઓમાં ખેંચાણને કારણે પસંદગી માટે ઉપલબ્ધ નહોતો.

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગુજરાત ટાઈટન્સનું પલડું રાજસ્થાન રોયલ્સ સામે ભારે રહ્યું છે. બંને ટીમો વચ્ચે IPLમાં અત્યાર સુધી નવ મેચ રમાઈ છે. આ દરમિયાન ગુજરાત ટાઈટન્સે છ મેચ જીતી છે, જ્યારે રાજસ્થાન રોયલ્સે ફક્ત 3 મેચ જીતી છે.

# કોહલી સહિતના આ દિગ્ગજોની લિસ્ટમાં સામેલ થયો સમીર રિઝવી, પ્લેયર ઓફ ધી મેચની હેટ્રિક પૂર્ણ કરી

**નવી દિલ્હી, તા.05**

દિલ્હી કેપિટલ્સના સમીર રિઝવીએ IPL 2026માં શાનદાર શરૂઆત કરી છે. DCએ આ સીઝનમાં અત્યાર સુધીમાં બે મેચ રમી છે અને બંનેમાં જીત હાંસલ કરી છે. દિલ્હીની આ ધાકડ પરફોર્મન્સ પાછળનું રહસ્ય જ સમીર રિઝવી છે. દિલ્હી માટે નંબર 4 પર પોતાની પહેલી મેચ રમતા રિઝવીએ લખનઉ સુપર જાયન્ટ્સ સામે 47 બોલમાં અણનમ 70 રન બનાવ્યા હતા, જેમાં 5 ચોગ્ગા અને 6 છગ્ગા સામેલ છે. આ જ લયને જાળવી રાખતા તેણે મુંબઈ ઈન્ડિયન્સ સામે 51 બોલમાં 90 રન બનાવ્યા, જેમાં 7 ચોગ્ગા અને એટલા જ છગ્ગા સામેલ છે. રિઝવીને આ બંને ઈનિંગ્સ માટે પ્લેયર ઓફ ધી મેચનો એવોર્ડ આપવામાં આવ્યો.

શું તમે જાણો છો કે સમીર રિઝવી IPL 2025ની છેલ્લી મેચ દિલ્હી કેપિટલ્સ સામે રમ્યો હતો, તેમાં પણ તે જ પ્લેયર ઓફ ધી મેચ રહ્યો હતો. DCએ IPL 2025ની છેલ્લી મેચ પંજાબ કિંગ્સ સામે રમી હતી, તે મેચમાં રિઝવીએ 25 બોલમાં 58 રનની અણનમ ઈનિંગ રમી હતી.

આ સાથે જ સમીર રિઝવીએ સતત ત્રણ વખત પ્લેયર ઓફ ધી મેચ એવોર્ડ્સની હેટ્રિક પૂર્ણ કરી લીધી છે. તે IPL ઈતિહાસમાં સતત ત્રણ વખત POTM એવોર્ડ જીતનાર 8મો ખેલાડી બની ગયો છે. છેલ્લે 2020માં ચેન્નાઈ સુપર કિંગ્સના ઋતુરાજ ગાયકવાડે આ સિદ્ધિ હાંસલ કરી હતી.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ તરફથી રમતા દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ઓલરાઉન્ડર જેક્સ કાલિસ IPLમાં સતત ત્રણ વખત પ્લેયર ઓફ ધી મેચ એવોર્ડ જીતનાર પ્રથમ ખેલાડી હતો, તેણે 2010માં આ સિદ્ધિ હાંસલ કરી હતી. બીજી તરફ વિરાટ કોહલી IPL 2016માં આ લિસ્ટમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ થયો હતો.

IPLમાં સતત ત્રણ વાર પ્લેયર ઓફ ધી મેચ એવોર્ડ

જેક્સ કાલિસ (RCB) - 2010

વીરેન્દ્ર સેહવાગ (DD) - 2012

ગ્લેન મેક્સવેલ (KXIP) - 2014

એરોન ફિન્ચ (GL) - 2016

વિરાટ કોહલી (RCB) - 2016

જોસ બટલર (RR) - 2018

ઋતુરાજ ગાયકવાડ (CSK) - 2020

સમીર રિઝવી (DC) - 2026

સતત બે મેચોમાં દિલ્હી કેપિટલ્સની જીતનો હીરો રહેલ સમીર રિઝવી IPL 2026માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીની રેસમાં સૌથી આગળ છે. તેણે અત્યાર સુધી બે મેચમાં 160 રન બનાવી લીધા છે. તે IPL 2026માં 150 રનનો આંકડો પાર કરનાર તે એકમાત્ર ખેલાડી છે. આશા છે કે, તે આખી સિઝન દરમિયાન આ રીતે જ પ્રદર્શન કરતો રહેશે.

# IPL 2026માં દિલ્હીની સતત બીજી જીત: મુંબઈને 6 વિકેટે હરાવ્યું, ઈમ્પેક્ટ પ્લેયર સમીર રિઝવી સેન્ચુરી ચૂક્યો, 90 રન બનાવ્યા

**નવી દિલ્હી, તા.05**

PLની આઠમી મેચમાં દિલ્હી કેપિટલ્સે 5 વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને 6 વિકેટે હરાવ્યું છે. આ DCની સતત બીજી જીત છે. શનિવારે અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હીએ ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. મુંબઈની ટીમે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 162 રન બનાવ્યા હતા. 163 રનનો ટાર્ગેટ દિલ્હીએ 4 વિકેટ ગુમાવીને 18.1 ઓવરમાં ચેઝ કરી લીધો હતો. દિલ્હી માટે ઈમ્પેક્ટ પ્લેયર સમીર રિઝવીએ અડધી સદી ફટકારી હતી. તેણે 51 બોલ પર 90 રન બનાવ્યા હતા. આ સીઝનમાં તેની આ સતત બીજી ફિફ્ટી રહી. તેના સિવાય પથુમ નિસાંકાએ 44 અને ડેવિડ મિલરે અણનમ 21 રનનું યોગદાન આપ્યું હતું. મુંબઈ માટે દીપક ચહર, કોર્બિન બોશ અને મિચેલ સેન્ટનરને 1-1 વિકેટ મળી હતી. બીજી તરફ, નીતિશ રાણાને જસપ્રીત બુમરાહે રન આઉટ કર્યો હતો.

MI માટે સ્ટેન્ડ-ઈન કેપ્ટન સૂર્યકુમાર યાદવે અડધી સદી (51 રન) ફટકારી હતી. તેના સિવાય રોહિત શર્માએ 35, નમન ધીરે 28 અને મિચેલ સેન્ટનરે અણનમ 18 રન બનાવ્યા હતા. DC તરફથી મુકેશ કુમારે 2 વિકેટ ઝડપી હતી, જ્યારે અક્ષર પટેલ, લુંગી એન્ગિડી, વિપરા નિગમ અને ટી નટરાજનને 1-1 વિકેટ મળી હતી.

મુંબઈ ઈન્ડિયન્સના નિયમિત કેપ્ટન હાર્દિક પંડ્યા આજની મેચમાં રમી રહ્યો નહોતો. સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે હાર્દિક સંપૂર્ણ રીતે ફિટ નથી, તેથી આજે તેણે ટીમની કમાન સંભાળી હતી.

18મી ઓવરના પહેલા બોલ પર ડેવિડ મિલરે શાનદાર ચોગ્ગો ફટકાર્યો હતો. આ જ શોટની સાથે દિલ્હી 6 વિકેટે જીતી ગયું હતું.

કોર્બિન બોશે દિલ્હી કેપિટલ્સને મોટો ઝટકો આપતા સમીર રિઝવીની શાનદાર ઈનિંગનો અંત લાવ્યો હતો. રિઝવીએ આક્રમક



બેટિંગ કરતા 51 બોલમાં 90 રન બનાવ્યા હતા, જેમાં 7 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ હતા. જોકે, આ વખતે તે શૉટને યોગ્ય રીતે પ્લેસ કરી શક્યા નહોતો અને બોલ સીધો તિલક વર્માના હાથમાં ગયો હતો. આઉટ થયા બાદ ડેવિડ મિલર અને રાયન રિકેલટને તેની આ શાનદાર ઈનિંગની પ્રશંસા કરતા પીઠ થપથપાવી હતી. રિઝવી અને મિલર વચ્ચે પાંચમી વિકેટ માટે 78 રનની ભાગીદારી થઈ હતી.


સમીર રિઝવીએ પોતાની અડધી સદી પૂરી કરી લીધી છે. તેણે 31 બોલમાં અડધી સદી ફટકારી હતી. આ તેની સતત બીજી અને IPL કારકિર્દીની ત્રીજી ફિફ્ટી છે.

મિચેલ સેન્ટનરે પથુમ નિસાંકાની મહત્વપૂર્ણ વિકેટ લઈને દિલ્હી કેપિટલ્સ માટે મોટો ફટકો નાખ્યો. નિસાન્કાએ 10મી ઓવરના પાંચમા બોલ પર પુલ શોટ લીધો, જે થોડો શોર્ટ અને ઈન-સ્વિંગ બોલ હતો, પરંતુ તેણે ખોટો સમય આપ્યો અને બોલ ઉપરની ધારથી હવામાં ઉડી ગયો. શોર્ટ ફાઈન લેગથી દોડતા મયંક માર્કંડેએ શાનદાર કેચ પકડ્યો. નિસાંકાએ 30 બોલમાં 44 રન બનાવીને આઉટ થયો, જેમાં છ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે.

જસપ્રીત બુમરાહે નીતિશ રાણાને રન આઉટ કર્યા. દિલ્હીની આ સતત બીજી ઓવરમાં બીજી વિકેટ હતી. ઓફ સ્ટમ્પની આસપાસ સ્લો બોલ પર રાણાએ મિડવિકેટ તરફ હળવો શોટ રમ્યો અને રન માટે દોડ્યા, પરંતુ વચ્ચે જ થોડા અટકી ગયા. તેમના સાથી બેટ્સમેન પાથુમ નિસાંકા ઘણા આગળ નીકળી ચૂક્યા હતા. ત્યારે જ બુમરાહ ઝડપથી બોલ સુધી પહોંચ્યા, તેને ઉઠાવ્યો અને એક જ મુવમેન્ટમાં નોન-સ્ટ્રાઈકર એન્ડ પર સચોટ થ્રો મારીને સ્ટમ્પ ઉડાવી દીધા. રાણા ડાઈવ લગાવવા છતાં ક્રીઝથી ઘણા દૂર રહી ગયા અને ખાતું ખોલ્યા વિના પેવેલિયન પરત ફર્યા.

દીપક ચાહરે ઈનિંગ્સની પહેલી જ ઓવરમાં દિલ્હીને મોટો ઝટકો આપ્યો. ઓવરની શરૂઆતમાં કેએલ રાહુલે એક રન લઈને ખાતું ખોલ્યું, જ્યારે પાથુમ નિસંકાએ પણ એક સિંગલ લીધો. પરંતુ ચોથા બોલ પર ચહરે રાહુલને પેવેલિયન ભેગો કરી દીધો. લેગ સ્ટમ્પ તરફ જતી ફુલ લેન્થ બોલ પર રાહુલ ફ્લિક કરવા ગયો, પરંતુ હળવી ધાર લાગી ગઈ અને વિકેટકીપર રાયન રિકેલ્ટને ડાઈવ લગાવીને કેચ પકડી લીધો. રાહુલ માત્ર 3 બોલમાં 1 રન બનાવીને આઉટ થઈ ગયો.

# આવારાપન 2માં ઇમરાન હાશમી ફરીથી શિવમ તરીકે પરત ફરશે



**મુંબઈ, તા.05**

ઈમરાન હાશમી અને દિશા પટ્ટણીની ફિલ્મ આવારાપન 2 હવે 2026માં રિલીઝ થઈ રહી છે. આવારાપનની સિક્વલ તરીકે, આ ફિલ્મ બૂક માય શો અને ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડ કરી રહી છે કારણ કે નિર્માતાઓએ અગાઉ 3 એપ્રિલની રિલીઝ ડેટ જાહેર કરી હતી. શૂટિંગ હજુ બાકી હોવાથી એવા અહેવાલ છે કે આવારાપન 2 માટે નવી રિલીઝ તારીખ નક્કી કરવામાં આવી છે.

વિશ્વસનીય સુત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આવારાપન 2 હવે સ્વતંત્રતા દિવસ 2026ના વીકએન્ડ દરમિયાન મોટા પડદા પર રિલીઝ થશે. સુત્રએ જણાવ્યું, "આવારાપન 2 એક સંગીતમય અને ભાવનાત્મક પ્રેમકથા તરીકે સારી રીતે તૈયાર થઈ રહી છે, જેમાં ઈમરાન હાશમી અને દિશા પટ્ટણી છે. નિર્માતાઓ અનેક રિલીઝ ડેટ પર વિચાર કરી રહ્યા હતા અને અંતે સ્વતંત્રતા દિવસના વીકએન્ડ પર નિર્ણય લીધો."

આવારાપન 2નું હાલ શૂટિંગ ચાલી રહ્યું છે અને એપ્રિલના અંત સુધીમાં શૂટિંગ પૂર્ણ થવાની અપેક્ષા છે. ત્યારબાદ બે મહિનાના પોસ્ટ-પ્રોડક્શન પછી, નિર્માતાઓ તેને સ્વતંત્રતા દિવસના તહેવારના સમયમાં રિલીઝ કરવા તૈયાર છે.

આવારાપન ફિલ્મે વર્ષોથી કલ્ટ સ્ટેટસ મેળવ્યું છે અને તેનાં ગીતો દર્શકો માટે એવરગ્રીન બની ગયાં છે. સિક્વલ માટે પણ, નિર્માતાઓએ મૂળ આલ્બમમાંથી બે ગીતો રીક્રિએટ કર્યા છે અને તેઓ મુખ્ય આકર્ષણોમાં ગણાય છે. આવારાપન 2નું ડિરેક્શન નિતિન કક્કરે કર્યું છે.

# ટાઇગર શ્રોફે ઍરોફોબિયા સાથેના પોતાના સંઘર્ષની વાત કરી

**મુંબઈ, તા.05**

તેની એનર્જેટિક એક્શન અને સુપર ડાન્સ મૂવ્સ માટે જાણીતા ટાઈગર શ્રોફે તાજેતરમાં એક ઓછા જાણીતા, ખૂબ વ્યક્તિગત પડકાર એવા ઉડાવાના ડર વિશે ખુલાસો કર્યો હતો. એક યુટ્યુબર સાથેની પોડકાસ્ટમાં ખુલીને કરેલી વાતચીતમાં, ટાઈગરે ઍરોફોબિયા સાથેના પોતાના સંઘર્ષ અને તે કેવી રીતે તેના જીવન અને કામને અસર કરે છે તે વિશે વાત કરી હતી. પોતાને આ ડર કઈ રીતે શરૂ થયો તે વિશે ટાઈગરે કહ્યું, "હું ખરેખર એક થેરાપિસ્ટ પાસે જવાનું વિચારી રહ્યો છું કારણ કે મને ઍરોફોબિયા છે. થોડા વર્ષો પહેલાં, હું એક ખૂબ જ ટર્બ્યુલન્ટ ફ્લાઈટમાં હતો અને એક ટર્બ્યુલન્ટ ફ્લાઈટ પર મારો કોઈ કાબુ નથી, બરાબર? હું શું કરું? ત્યારથી, દરેક વખતે જ્યારે મારે ફ્લાઈટમાં બેસવાનું હોય છે, ત્યારે મને બે દિવસ પહેલાથી જ ચિંતા થવા લાગે છે. કોઈ કારણસર, હું હજુ સુધી તેમાંથી બહાર આવી શક્યો નથી."

ઉડાનની સલામતી અંગેના તર્ક અને ખાતરીઓ વિશે જાણતા હોવા છતાં, તેણે સ્વીકાર્યું કે ટર્બ્યુલન્સ દરમિયાન તર્કસંગત વિચાર ઘણીવાર પાછળ રહી જાય છે. "આંકડાઓ કહે છે કે ઉડાન મુસાફરીનું સૌથી સુરક્ષિત સાધન છે. મેં ઘણા પાયલોટ્સ સાથે વાત કરી છે જેમણે બધાએ કહ્યું કે ટર્બ્યુલન્સ કંઈ નથી, માત્ર ખડખડિયા રસ્તાઓ જેવું છે. એ લોકો મને આવું જ સમજાવે છે. પરંતુ એ વાત મારા મનને કોણ સમજાવશે? જ્યારે આવું થાય છે, ત્યારે વાત અલગ હોય છે. મારું કાશ એના પર નિયંત્રણ હોત. મને મારા શરીરના દરેક ભાગ પર નિયંત્રણ ગમે છે. મને ખબર હોવી ગમે છે કે હું શું કરી રહ્યો છું."

ટાઈગરે એવું પણ જણાવ્યું કે નિયંત્રણની આ જરૂરિયાત તેના જીવનના અન્ય પાસાઓમાં પણ ફેલાય છે, જેના કારણે ક્યારેક દૈનિક નિર્ણયો પણ મુશ્કેલ બની જાય છે. "ક્યારેક તે ખરેખર નિરાશાજનક હોય છે કારણ કે હું ક્યારેક ખૂબ અનિર્ણાયક બની જાઉં છું, મારા દિવસનું કેવી રીતે આયોજન કરવું તે બાબતમાં પણ, જેથી હું મારી ક્ષમતા વધુમાં વધુ ઉપયોગ કરી શકતો નથી."



# મિરાન્ડાએ 'ધ ડેવિલ વેર્સ પ્રાડા 2' માટે એન્ડી પાસેથી પ્રેરણા લીધી

**મુંબઈ, તા.05**

મેરીલ સ્ટ્રીપ અને એન હેથવે એ આખરે 'ધ ડેવિલ વેર્સ પ્રાડા 2'નું પ્રમોશન વર્લ્ડ વાઈડ શરૂ કરી દીધું છે. ત્યારે તેમની આ પ્રેસ ટૂર દરમિયાન તાજેતરમાં જ મેરીલ સ્ટ્રીપે એક એવું ફેશન સ્ટેટમેન્ટ આપ્યું, જેનાથી તે ઈન્ટરનેટ પર છવાઈ ગઈ છે. મેરીલ હવે આઈકોનિક મિરાન્ડા પ્રિસ્ટલી તરીકે પરત આવી રહી છે. તાજેતરમાં એક શો માટે, મેરિલ સ્ટ્રીપે ધ ડેવિલ વીયર્સ પ્રાડામાંથી પ્રખ્યાત સેર્યુલિયન બ્લુ સ્વેટર પહેરવાનું પસંદ કર્યું હતું. પહેલી ફિલ્મના ચાહકોને યાદ હશે કે મિરાન્ડાએ એન્ડી (જેનું પાત્ર એન હેથવે ભજવે છે)ને તેમની પહેલી મુલાકાત દરમિયાન આ બ્લુ સ્વેટર પહેરવા માટે જજ કરી હતી, જે પછી ફિલ્મની એક આઈકોનિક મોમેન્ટ બની ગઈ હતી. બે દાયકાઓ પછી, મેરિલે એ જ લૂક ફરી અપનાવ્યો અને ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી.

ધ ડેવિલ વીયર્સ પ્રાડા 2માં મેરિલ સ્ટ્રીપ, એન હેથવે, એમિલી બ્લન્ટ અને સ્ટેનલી ટૂચીને ફરી ન્યૂ યોર્ક સિટીની ફેશનભરી ગલીઓ અને રનવે મેગેઝિનના સ્ટાઈલિશ ઓફિસમાં લાવશે. મૂળ મુખ્ય કલાકારોને નિર્દેશક ડેવિડ ફ્રેન્કલ અને લેખિકા એલાઈન બ્રોશ મેકેના સાથે ફરી જોડતા, આ ફિલ્મમાં નવા પાત્રો પણ જોડાવાના છે. ફિલ્મ 1 મે, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

લગભગ બે દાયકાઓ પછી આ





ફિલ્મની સિક્વલ આવી રહી છે. આ ફિલ્મનાં મેરિલ સ્ટ્રીપને મિરાન્ડા પ્રિસ્ટલી તરીકેના તેમના અભિનય માટે વ્યાપક પ્રશંસા મળી હતી. ત્યારે આ શો પર છેલ્લા બે દાયકામાં આવી ફિલ્મ પ્રત્યે ઈન્ડસ્ટ્રી અને તેના અભિગમમાં કેટલો બદલાવ આવ્યો છે તે વિશે તેમણે જણાવ્યું હતું.

મેરિલે કહ્યું કે પહેલી ફિલ્મને ખૂબ ઓછું બજેટ આપવામાં આવ્યું હતું અને તેમણે ઉમેર્યું, "મારું કહેવું છે કે, 20 વર્ષ પહેલા તેને 'ચિક ફ્લિક' ગણાવવામાં આવી હતી અને એ લેબલ હવે દૂર થઈ ગયું છે. બાર્બી અને મમ્મા મિયા જેવી ફિલ્મો પછી એ લેબલ ટક્યું નથી. તેથી અમારે અમારા બજેટ માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો. અન્ય ફિલ્મોની સરખામણીમાં તેઓ જેટલો ખર્ચ કરે છે તેના મુકાબલે બાર્બી માટે પણ થોડું એવું જ હતું. પરંતુ આ વખતે તેમણે પૈસા ખર્ચ્યા છે."

મૂળ ફિલ્મ લેખિકા લોરેન વાયઝબર્ગરની 2003ની નવલકથા પર આધારિત હતી, જેમાં એક યુવા મહિલાનો ફેશન મેગેઝિનમાં કામ કરતી વખતેનો અનુભવ દર્શાવવામાં આવ્યો છે. મેરિલે મિરાન્ડા પ્રિસ્ટલી તરીકે અભિનય કર્યો હતો, જે કલ્પિત રનવે મેગેઝિનની વગદાર અને નિષ્ઠુર એડિટર-ઈન-ચીફ છે. 2006માં રિલીઝ થયેલી આ ફિલ્મ મોટી વ્યાવસાયિક સફળતા સાબિત થઈ હતી અને વિશ્વભરમાં $326.7 મિલિયનની કમાણી કરી હતી. આ ફિલ્મ માટે મેરિલને કોમેડીમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યો હતો અને ઑસ્કર માટે નોમિનેશન પણ મળ્યું હતું. સિક્વલમાં મૂળ કલાકારો એન હેથવે, મેરિલ સ્ટ્રીપ, એમિલી બ્લન્ટ અને સ્ટેનલી ટૂચી ફરી જોવા મળશે, સાથે જ નિર્દેશક ડેવિડ ફ્રેન્કલ અને પ્રોડ્યુસર વેંડી ફાઈનર્મેન પણ પરત આવી રહ્યા છે. લગભગ બે દાયકાઓ પછી આ ફિલ્મની સિક્વલ આવી રહી છે. આ ફિલ્મનાં મેરિલ સ્ટ્રીપને મિરાન્ડા પ્રિસ્ટલી તરીકેના તેમના અભિનય માટે વ્યાપક પ્રશંસા મળી હતી. ત્યારે આ શો પર છેલ્લા બે દાયકામાં આવી ફિલ્મ પ્રત્યે ઈન્ડસ્ટ્રી અને તેના અભિગમમાં કેટલો બદલાવ આવ્યો છે તે વિશે તેમણે જણાવ્યું હતું.

# કસ્ટમ એક્સચેન્જના દર ઘટતા સોના ચાંદીમાં ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ઘટાડો

## પોલેન્ડ તથા ઉઝબેકિસ્તાને વિશ્વ બજારમાંથી સોનાની ખરીદી કરી, ચીન, મલેશિયા દ્વારા પણ ગોલ્ડ હોલ્ડીંગ વધારાયું

મુંબઈ, તા.05

મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલિયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોના-ચાંદીના ભાવમાં તેજી ધીમી ગતિએ આગળ વધી હોવાનું બજારના સૂત્રો જનાવી રહ્યા હતા. જો કે વિશ્વ બજારમાં રજાઓના માહોલ વચ્ચે ત્યાં કિંમતી ધાતુઓના ભાવ વધ્યા મથાલે શાંત રહ્યાના નિર્દેશો હતા.



અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના ૯૯૫ના રૂ.૧૫૩૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૩૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૨૩૫૦૦૦ બોલાતા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૬૭૬થી ૪૬૭૭ ડોલર તતા ચાંદીના ભાવ ઔંસના ૭૩.૦૧થી ૭૩.૦૨ ડોલર રહ્યા હતા. પ્લેટીનમના વૈશ્વિક ભાવપ ઔંસના ૧૯૮૯થી ૧૯૯૦ ડોલર તથા પેલેડીયમના ભાવ ૧૫૦૪થી ૧૫૦૫ ડોલર રહ્યા હતા.

વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બ્રેન્ટના બેરલના ૧૦૯થી ૧૧૦ ડોલર તતા યુએસ ક્રૂડના ભાવ ૧૧૧થી ૧૧૨ ડોલર રહ્યા હતા. બ્રેન્ટના ભાવ સામાન્યપણે ઉંચા રહેતાં હોય છે પરંતુ હવે બ્રેન્ટના ભાવ નીચા તથા યુએસ ક્રૂડ મૈકસના ભાવ ઉંચા જેવી સ્થિતિ સર્જાતાં જાણકારો આશ્ચર્ય બતાવી રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૧૦૦થી વધી ઉંચામાં ૧૦૦.૨૨ થઈ ૧૦૦.૧૯ છેલ્લે રહ્યાના નિર્દેશો હતા. વિશ્વ બજાર પાછળ મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતા અટકી રૂ.૯૨.૬૩થી વધી રૂ.૯૩ પાર કરી રૂ.૯૩.૦૨થી ૯૩.૩૦ બોલાતા થયાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૨૦૦ વધી ૯૯૫ના રૂ.૧૪૮૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૮૫૦૦ રહ્યા હતા.

જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૫૦૦ વધી રૂ.૨૩૪૫૦૦ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, ભારતમાં આયાતકારો માટે સરકારે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દર રૂ.૯૪.૨૫થી ઘટાડી રૂ.૯૩.૮૦ કર્યાના સમાચાર હતા. આના પગલે દેશમાં આયાત થતા સોના-ચાંદીની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટી ઘટી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

દરમિયાન, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા મુજબ ફેબ્રુરઆરીમાં રશિયા તથા તુર્કીએ સરકારે પોતાના હસ્તકનું સોનું વેંચ્યું હતું. જ્યારે સામે પોલેન્ડ તતા ઉઝબેકિસ્તાનની સરકારે વધુ સોનાની ખરીદી કરી હતી. ચીન તથા કમ્બોડીયાએ પ્રત્યેકે ૧-૧ ટન સોનું ખરીદયું હતું. મલેશિયાએ પણ એક ટન સોનું ખરીદયું હતું. રશિયાએ છ ટન તથા તુર્કીએ ૮ ટન સોનું વેંચ્યું હતું.

## RBI મીટિંગમાં વ્યાજ દરમાં ફેરફારની શક્યતા ઓછી

# SBI રિસર્ચ- ગ્લોબલ નિશ્ચિતતા અને ક્રૂડ ઓઈલના ભાવ તેનું કારણ, હાલમાં રેપો રેટ 5.25%

નવી દિલ્હી, તા.05

ભારતીય રિઝર્વ બેંક (RBI) ની મોનેટરી પોલિસી કમિટી (MPC) ની બેઠક 6-8 એપ્રિલના રોજ યોજાવાની છે. બજારને આશા હતી કે આ વખતે કદાચ વ્યાજ દરોમાં થોડી રાહત મળશે, પરંતુ પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા) માં વધતા તણાવે સમીકરણો બદલી નાખ્યા છે. SBI રિસર્ચના હાલના રિપોર્ટ અનુસાર,ગ્લોબલ અનિશ્ચિતતા અને ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળાને જોતા RBI હાલમાં રેપો રેટમાં કોઈ ફેરફાર કરશે નહીં. આ પહેલા ફેબ્રુઆરીમાં થયેલી મીટિંગમાં પણ વ્યાજ દરમાં કોઈ ફેરફાર થયો ન હતો. હાલમાં વ્યાજ દર 5.25% પર છે.



SBI રિસર્ચના રિપોર્ટમાં જણાવાયું છે કે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષે સમગ્ર વિશ્વને સંકટમાં મૂકી દીધું છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવા જેવી સ્થિતિથી ગ્લોબલ ઓઈલ માર્કેટમાં 1973 પછીનો સૌથી મોટો અવરોધ ઊભો થયો છે. યુદ્ધની શરૂઆત પછી આ પ્રથમ પોલિસી સમીક્ષા છે, તેથી RBI ખૂબ જ સાવચેતીપૂર્વક પગલાં લેશે.

ભારત આ વૈશ્વિક સંકટથી બહાર નથી. ક્રૂડ ઓઈલના ભાવ $100 પ્રતિ બેરલથી ઉપર રહ્યા છે, જેના કારણે ભારતમાં 'ઈમ્પોર્ટેડ ઈન્ફ્લેશન' (આયાતી મોંઘવારી) વધી રહી છે.

રિપોર્ટ અનુસાર, ડોલર સામે રૂપિયો 93ના સ્તરને પાર કરી ગયો છે. આ સાથે 'સુપર અલ નીનો'નો ખતરો પણ યથાવત છે, જે આવનારા સમયમાં મોંઘવારીની સ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. ઘરેલું મોરચે પણ પડકારો ઓછા નથી. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે આયાતી મોંઘવારી પહેલેથી જ 5.4% પર પહોંચી ગઈ છે અને તેના આગળ પણ વધવાની શક્યતાઓ છે. અનુમાન છે કે આગામી ત્રણ ત્રિમાસિક ગાળા સુધી કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) આધારિત મોંઘવારી 4.5% થી ઉપર રહી શકે છે. આવા માહોલમાં RBI માટે વ્યાજ દરોમાં ઘટાડો કરવો જોખમી હોઈ શકે છે. રિપોર્ટ સૂચવે છે કે RBI હાલમાં ફક્ત વ્યાજ દરો પર ધ્યાન આપવાને બદલે માર્કેટ લિક્વિડિટી અને માઈક્રોસ્ટ્રક્ચર સુધારવા પર કામ કરી શકે છે. સરકારી બોન્ડની યીલ્ડને મેનેજ કરવા માટે કેન્દ્રીય બેંક 'ઓપરેશન ટ્વિસ્ટ' (લાંબા ગાળાના બોન્ડ ખરીદવા અને ટૂંકા ગાળાના બોન્ડ વેચવા) જેવા પગલાં લઈ શકે છે. આ ઉપરાંત, નાણાં બજારમાં સટ્ટાબાજી રોકવા માટે હાલમાં લેવાયેલા કડક પગલાંથી બેંકો માટે કેટલીક ઓપરેશનલ પડકારો પણ આવી શકે છે.

# રૂ પરની આયાત ડયૂટી નાબુદ કરવા ગારમેન્ટ ઉદ્યોગ દ્વારા કરાયેલી રજૂઆત

## ઘરઆંગણે રૂના ભાવ ઊંચકાતા નિકાસ બજારમાં સ્પર્ધાત્મકતામાં થયેલો ઘટાડો

મુંબઈ, તા.05

ઘરઆંગણે રૂના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખી ગારમેન્ટ તથા ટેકસટાઈલ નિકાસકારોએ રૂ પરની ૧૧ ટકા આયાત ડયૂટી દૂર કરવા સરકારને અનુરોધ કર્યો છે.

ઘરઆંગણે રૂના ભાવ ઊંચકાતા ગારમેન્ટ તથા ટેકસટાઈલ ઉદ્યોગમાં માર્જિન પર અસર પડી છે એટલુ જ નહીં નિકાસ બજારમાં સ્પર્ધાત્મકતા ઘટી ગઈ છે.



ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે સિન્થેટિક ફાઈબર્સના ભાવ વધી ગયા છે જેને કારણે મિલોએ કુદરતી કાચા માલ તરફ વળવું પડયું છે પરિણામે રૂના ભાવમાં છેલ્લા એક મહિનામાં ૮ ટકા જેટલો વધારો થયો છે.

કોટન એસોસિએશન ઓફ ઈન્ડિયાના સુત્રોના જણાવ્યા પ્રમાણે જિનિંગ કરેલા રૂના ભાવમાં એક મહિનામાં ૧૦થી ૧૨ ટકા વધારો થયો છે. ભારત ઉપરાંત રૂના વૈશ્વિક ભાવમાં પણ યુદ્ધને કારણે ૧૫ ટકા જેટલો વધારો થયો છે.

ગારમેન્ટની નિકાસ માટે ભારતના ઉત્પાદકોએ લોન્ગ આયાતી સ્ટેપલ તથા રૂ પર આધાર રાખવો પડે છે.

ટેકસટાઈલની ૭૦ ટકા મૂલ્ય સાંકળ રૂ પર આધાર રાખતી હોવાથી રૂની આયાત પર કસ્ટમ ડયૂટી પાંચથી છ મહિના સુધી રદ કરવા સરકાર સમક્ષ રજૂઆત કરાઈ હોવાનું કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીઝના સુત્રોએ જણાવ્યું હતું.

# ટોપ-10 કંપનીઓમાંથી 6ની વેલ્યુ 64,734 કરોડ ઘટી: એરટેલ ટોપ લુઝર રહી, વેલ્યુ ₹30 હજાર કરોડ ઘટી, ICICI બેંકનું માર્કેટ કેપ પણ ઘટ્યું

નવી દિલ્હી, તા.05

માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 6 કંપનીઓની વેલ્યુ છેલ્લા અઠવાડિયાના કારોબારમાં 64,734.46 કરોડ રૂપિયા ઘટી ગઈ. મિડલ ઈસ્ટમાં તણાવ અને ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને કારણે આ ઘટાડો જોવા મળ્યો છે.

આ સમયગાળા દરમિયાન ભારતી એરટેલની વેલ્યુ સૌથી વધુ ઘટી. ભારતી એરટેલનું માર્કેટ કેપ 29,993.07 કરોડ રૂપિયા ઘટીને 10.20 લાખ કરોડ પર આવી ગયું. ICICI બેંકની માર્કેટ વેલ્યુ 12,845.81 કરોડ ઘટીને 8.70 લાખ કરોડ પર આવી ગઈ.

બજાજ ફાઈનાન્સનું માર્કેટ કેપ 11,169.36 કરોડ રૂપિયા ઘટીને 5.14 લાખ કરોડ પર આવી ગયું. જ્યારે HDFC બેંકની માર્કેટ વેલ્યુ 7,822.79 કરોડ ઘટીને 11.56 લાખ કરોડ પર આવી ગઈ.




આ ઉપરાંત હિન્દુસ્તાન યુનિલિવર અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું માર્કેટ કેપ પણ ઘટ્યું. જ્યારે TCS, ઈન્ફોસિસ, લાર્સન એન્ડ ટુબ્રો અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ વેલ્યુ વધી છે.

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ વચ્ચે ગયા અઠવાડિયે સેન્સેક્સ 264 અને નિફ્ટી 106 પોઈન્ટ ઘટ્યા હતા. જ્યારે શેરબજારમાં 2 એપ્રિલ એટલે કે ગુરુવારે ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે શુક્રવારે ગુડ ફ્રાઈડેની રજાના કારણે બજાર બંધ હતું.

સેન્સેક્સ તેના દિવસના નીચલા સ્તરથી 1,773 પોઈન્ટ વધીને બંધ થયો હતો. સવારે તે ભારે દબાણ સાથે ખુલ્યો અને ઘટીને 71,545 ના સ્તર સુધી પહોંચી ગયો હતો. બાદમાં બજારમાં ખરીદી આવી અને તે 185 પોઈન્ટ (0.25%) વધીને 73,320 પર બંધ થયો.

જ્યારે નિફ્ટીમાં પણ 22,182 નો નીચલો સ્તર બનાવ્યા પછી 531 પોઈન્ટની રિકવરી જોવા મળી. તે 34 પોઈન્ટ (0.15%) વધીને 22,713 ના સ્તર પર બંધ થયો હતો.

માર્કેટ કેપ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર, એટલે કે તે બધા શેર જે હાલમાં તેના શેરધારકો પાસે છે, તેમનું મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણાકાર કરીને કરવામાં આવે છે.

ધારો કે... કંપની 'A' ના 1 કરોડ શેર બજારમાં લોકોએ ખરીદ્યા છે. જો એક શેરની કિંમત 20 રૂપિયા છે, તો કંપનીની માર્કેટ વેલ્યુ 1 કરોડ x 20 એટલે કે 20 કરોડ રૂપિયા થશે.

કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપનીઓ હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે.

રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તેમજ, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેના કારણે રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે.

ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડથી વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે, અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે. પરંતુ જો માર્કેટ કેપ ઘટે છે તો તેનું નુકસાન થઈ શકે છે.

# ક્રૂડના વાયદાએ ₹10 હજારની સપાટી કુદાવી

## સોનાનો વાયદો સાપ્તાહિક ધોરણે ₹7200 તથા ચાંદી વાયદો ₹12600 ઉછળ્યો

મુંબઈ, તા.05

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ પર ૨૭ માર્ચથી ૨ એપ્રિલના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૩૫૫૪૮૫.૯૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૩૦૧૫.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં રૂ.૮૭૬૨૬.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૫૬૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૫૫૦ અને નીચામાં રૂ.૪૫૨૫ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૭૦૬ વધી રૂ.૫૨૬૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્ડ તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૮૮૬૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૬૪૦ અને નીચામાં રૂ.૮૮૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૯૯૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૪૦૯ની તેજી સાથે રૂ.૧૦૪૦૮ના ભાવે બંધ થયો હતો.

ક્ડ તેલ-મિની એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૪૦૪ વધી રૂ.૧૦૪૦૩ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૭.૧ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૬૪ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૭.૨ ઘટી રૂ.૨૬૪ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો.




સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૭૪૦૧.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૫૪૫૦૦ અને નીચામાં રૂ.૧૪૩૬૫૨ના મથાળે અથડાઈ, રૂ.૧૪૨૫૧૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૭૧૬૬ના ઉછાળા સાથે રૂ.૧૪૯૬૮૦ના ભાવે બોલાયો હતો.

ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૦૯૪ ઊછળી રૂ.૧૧૯૩૧૨ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૬૪૨ની તેજી સાથે રૂ.૧૪૯૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯૦૦ની વૃદ્ધિ સાથે રૂ.૧૪૮૧૪૦ થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૫૩૧૦૦ અને નીચામાં રૂ.૧૪૨૨૩૯ના મથાળે અથડાઈ, રૂ.૧૪૧૫૪૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૬૯૯૨ના ઉછાળા સાથે રૂ.૧૪૮૫૩૯ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૨૪૨૪૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૪૩૯૮૧ અને નીચામાં રૂ.૨૨૧૨૦૯ના સ્તરને સ્પર્શી, રૂ.૨૧૯૮૭૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૨૬૨૧ના ઉછાળા સાથે રૂ.૨૩૨૪૯૫ના સ્તરે પહોંચ્યો હતો.

સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૧૨૭૯ની વૃદ્ધિ સાથે રૂ.૨૩૫૬૪૫ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૧૩૬૦ની તેજી સાથે સપ્તાહના અંતે રૂ.૨૩૫૭૫૯ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૭૯૦૧.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૧૬.૨ વધી રૂ.૧૧૫૫.૧ના સ્તરે પહોંચ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧૩.૩૫ વધી સપ્તાહના અંતે રૂ.૩૨૩.૨ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૮.૨ વધી રૂ.૩૫૪.૩૫ના ભાવે બોલાયો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૨.૮ વધી રૂ.૧૯૫.૨૫ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો.

# નાના ઉદ્યોગો દ્વારા લોનની માંગમાં વધારો

## વર્કિંગ કેપિટલની જરૂરિયાતને પહોંચી વળવા ઉદ્યોગોની બેન્કો તરફ નજર

મુંબઈ, તા.05

યુદ્ધને કારણે ઊભી થયેલી લિક્વિડિટીની ખેંચને પરિણામે દેશના માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ) દ્વારા વર્કિંગ કેપિટલ માટે લોનની માગમાં વધારો થયાનું બેન્કરો જોઈ રહ્યા છે.



યુદ્ધને એક મહિના કરતા પણ વધુ સમય પસાર થઈ ગયો છે અને નાના ઉદ્યોગોને વેચાયેલા માલ પેટે પેમેન્ટસ ઢીલમાં પડતા તેમણે ચૂકવવાના રહેતા નિશ્ચિત ડયૂસ તથા ખર્ચની જવાબદારી અદા કરવા લોન લેવાની ફરજ પડી રહી છે.

હાલમાં ચાલી રહેલા યુદ્ધને પરિણામે આ ક્ષેત્ર પર સૌથી ગંભીર અસર જોવા મળી રહી છે. માર્ચ ત્રિમાસિકમાં ભંડોળની અછત ખાસ જોવા મળી નહોતી પરંતુ હવે યુદ્ધ લંબાઈ ગયું છે અને નજીકના ભવિષ્યમાં તે શાંત પડવાના ચિહ્નો નજરે પડતા નથી ત્યારે વર્તમાન ત્રિમાસિક ગાળામાં એમએસએમઈ તરફથી વર્કિંગ કેપિટલ માટે લોનની માગ વધવાની શકયતા નકારાતી નથી એમ એક બેન્કરે જણાવ્યું હતું.

આ અગાઉ અમેરિકાના ઊંચા ટેરિફનો પણ નાના ઉદ્યોગોને મોટો માર પડયો છે ત્યારે યુદ્ધથી તેમની સ્થિતિ વધુ કફોડી બની ગઈ હોવાનું જોવા મળી રહ્યું છે.

દેશના અનેક નાના મોટા ઉદ્યોગો જેમ કે સિરામિક ટાઈલ્સ, ગ્લાસ ઉદ્યોગ, ચોખાના નિકાસકારો સહિતના ક્ષેત્રો જે પશ્ચિમ એશિયામાં વેપાર હાજરી ધરાવે છે તેમને મોટી અસર પડી છે.

કાચા માલના ભાવમાં વધારાને કારણે પણ નાના ઉદ્યોગોના માર્જિન પર અસર પડી છે. નાના ઉદ્યોગો પર યુદ્ધની અસરને ધ્યાનમાં રાખી સરકારે તેમને લોન પર મોરેટોરિઅમ જાહેર કરવા બાબતે વિચારવું રહ્યું એમ અન્ય એક બેન્કરે ભારપૂર્વક જણાવ્યું હતું.

હાલના સંજોગોને જોતા બેન્કરો પણ નાના ઉદ્યોગોને જલદીથી લોન છૂટી કરતા ખચકાઈ રહ્યા છે. બેંકરોના મતે, કાચા માલ, નૂર અને શિપિંગ જેવા વધતા ઈનપુટ ખર્ચ એક પડકાર બની શકે છે. ડીઝલના ભાવમાં વધારો થવાથી સ્થાનિક પરિવહન ખર્ચમાં વધારો થઈ શકે છે. પેકેજિંગ સામગ્રીના ખર્ચમાં પહેલાથી જ વધારો થઈ ગયો છે, અને પ્લાસ્ટિક અને રસાયણો જેવા ક્રૂડ ઓઈલ-સઘન ઉદ્યોગોમાં ખર્ચનું દબાણ સ્પષ્ટપણે દેખાય છે. આના પરિણામે કાર્યકારી મૂડીની જરૂરિયાતોમાં વધારો થઈ શકે છે.

# ક્રુડ 100 ડોલરથી ઉપર રહેશે તો ફુગાવો 6 ટકા પહોંચવાની ધારણા

મુંબઈ, તા.05

ક્રુડ તેલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની ઉપર ચાલુ રહેશે તો દેશમાં ફુગાવો ૬ ટકા સુધી પહોંચી શકે છે જેને પરિણામે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) પર રેપો રેટમાં વધારો કરવાનું દબાણ આવી શકે છે. દેશમાં ફુગાવો બે ટકા ઉપર નીચે સાથે ૪ ટકા જાળવવાનો રિઝર્વ બેન્કને ટાર્ગેટ અપાયો છે. છ ટકાની સ્થિતિમાં ફુગાવો રિઝર્વ બેન્કની મહત્તમ મર્યાદા સુધી જોવા મળશે, એમ એચએસબીસીના એક રિપોર્ટમાં જણાવાયું છે. ક્રુડ તેલના



સરેરાશ ભાવ ૧૦૦ ડોલરની નીચે રહેશે તો ફુગાવો પણ ૬ ટકાની અંદર જોવા મળશે. પરંતુ ૧૦૦ ડોલરથી ઉપરની સ્થિતિમાં ફુગાવો ૬ ટકાથી આગળ જઈ શકે છે જેને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક પર વ્યાજ દરમાં વધારો કરવાનું દબાણ આવી શકે છે.ભારત હાલમાં ખાંડાની ધારે છે. માર્ચમાં બ્રેન્ટ ક્રુડ સરેરાશ ૧૦૦ ડોલર રહ્યું હતું. સોમવારથી શરૂ થનારી નવા નાણાં વર્ષની પ્રથમ બેઠકમાં રિઝર્વ બેન્કની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) નવા નાણાં વર્ષમાં ફુગાવાની સ્થિતિ તથા રેપો રેટ બાબતે સંકેત આપશે તેવી ધારણાં રાખવામાં આવી રહી છે. યુદ્ધને કારણે હાલમાં આર્થિક પ્રવૃત્તિઓ પર અસર પડી છે ત્યારે રેપો રેટમાં વધારો કરવાનું જોખમ રિઝર્વ બેન્ક નહીં લે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# ઘરઆંગણે સારા વેચાણથી FMGC કંપનીઓ પર યુદ્ધની અસર નહીંવત

મુંબઈ, તા.05

સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ત્રિમાસિક ગાળામાં દેશની ફાસ્ટ મુવિંગ કન્ઝયૂમર ગુડસ (એફએમસીજી) કંપનીઓ પર ઈરાન યુદ્ધની અસર પડી છે, પરંતુ ઘરઆંગણે સારા વેપારને કારણે વિદેશમાં મંદ વેચાણની અસર હળવી થઈ શકી છે. યુદ્ધ લાંબુ ચાલશે તો નવા નાણાં વર્ષમાં ઉત્પાદન ખોરવાઈ જવાની ચિંતા રહેલી છે. સ્થિર બૃહદ્ આર્થિક વાતાવરણને કારણે એફએમસીજી કંપનીઓ માટે માર્ચ ત્રિમાસિકમાં વૃદ્ધિની ગતિ જળવાઈ રહી છે. માર્ચ ત્રિમાસિકમાં એફએમસીજીના ઘરઆંગણે વેચાણમાં ૮થી ૯ ટકા વૃદ્ધિ થયાનો અંદાજ મુકાઈ રહ્યો છે. ઘરઆંગણે મજબૂત સ્થિતિને કારણે નિકાસ બજારમાં વેચાણમાં ઘટાડાની અસર ધોવાઈ ગઈ હતી. મધ્ય પૂર્વમાં યુદ્ધને કારણે દેશની એફએમસીજી કંપનીઓની નિકાસ પર અસર પડી છે. અમારા વિદેશ વેચાણ ખાસ કરીને મધ્ય પૂર્વના દેશોમાં વેચાણ પર માર્ચમાં અસર પડી હતી. ફેબ્રુરઆરીના છેલ્લા દિવસે યુદ્ધ શરૂ થયા બાદ માર્ચના પ્રારંભથી જ માગ તથા પૂરવઠા સાંકળમાં ખલેલ ઊભી થઈ હતી, એમ એક એફએમસીજી કંપનીના સેલ્સ મેનેજરે જણાવ્યું હતું. જો કે લગ્નસરાની તથ તહેવારોની મોસમને પરિણામે માર્ચ ત્રિમાસિકમાં ઘરઆંગણે મજબૂત માગથી વિદેશ વેપારની પ્રતિકૂળ અસર ધોવાઈ ગઈ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. ૨૦૨૫માં દેશમાં સારા ચોમાસાને કારણે ખરીફ તથા રવી મોસમના પાકપાણી સારા રહેતા ગ્રામ્ય સ્તરે રોજબરોજના વપરાશની ચીજવસ્તુઓની માગ ઊંચી રહેવા પામી હતી એમ અન્ય એક કંપનીના પ્રવકતાએ જણાવ્યું હતું. યુદ્ધ લાંબુ ચાલશે તો નવા નાણાં વર્ષમાં નિકાસ વેચાણ પર અસર જોવા મળી શકે છે એટલું જ નહીં કાચા માલનો પૂરવઠો ખોરવાતા ઘરઆંગણે ઉત્પાદન પર અસર પડવાની શકયતા નકારાતી નથી. યુદ્ધને કારણે ઘરઆંગણે ઈંધણનો પૂરવઠો ખોરવાઈ ગયો છે.



# TCS પાસે લક્ઝુરિયસ કારમાં ચાલતા આઈપીએલ સટ્ટા બેટિંગનો પર્દાફાશ

## મહેસાણાનો બુકી 5.30 લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો, GT અને RRની મેચ પર જુગાર રમાડતો હોવાનું ખૂલ્યું



**ગાંધીનગર, તા.05**

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પૂર્વ બાતમીના આધારે ઈન્ફોસિટી સર્કલ નજીક TCS રોડ પરથી એક લકઝુરીયસ કારમાં બેસીને IPL ક્રિકેટ મેચનો ઓનલાઈન સટ્ટો રમી રમાડતા વિજાપુરના બુકી ચિરેન જયંતીભાઈ પટેલને રોકડ રકમ, મોબાઈલ અને કાર મળીને રૂ.5.30 લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ સટ્ટા બેટિંગનો પર્દાફાશ કર્યો છે.

ગાંધીનગરના ઈન્ફોસીટી સર્કલ પાસે શનિવારની મોડી રાત્રે એલસીબી પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ઓનલાઇન ક્રિકેટ સટ્ટાના મોટા કારોબારનો પર્દાફાશ કર્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડી.બી. વાળાની ટીમ રાયસણ સહિતના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, ઈન્ફોસિટી સર્કલ નજીક ટાટા કન્સલટન્સી કંપની પાસેના રોડ પર લક્ઝુરિયસ કારમાં બેસી એક શખ્સ મોટાપાયે ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટિંગ કરી રહ્યો છે.

જે બાતમીના આધારે પોલીસ ટીમે દરોડા પાડતા જ બ્લુ કલરની મારૂતિ સુઝુકી ફ્રોનક્ષ ગાડીમાં બેઠેલો બુકી ચિરેન જયંતીભાઈ પટેલ (રહે. રાજેશ્વરી સોસાયટી, મણિપુરા રોડ, વિજાપુર) ફફડી ઉઠ્યો હતો. જેણે પોલીસ કાર્યવાહીથી બચવા હવાતીયા પણ માર્યા હતા.બાદમાં પોલીસે તપાસ કરતા તે મોબાઈલમાં ENGLISH777 નામની વેબસાઈટ પર ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ પર હારજીતનો જુગાર રમતો અને રમાડતો હોવાનું ખૂલ્યું હતું. જેના આઈડી પર લાખોના વ્યવહારો પણ બતાવતા હતા.

જેના પગલે પોલીસે ઘટનાસ્થળેથી વિજાપુરના બુકી ચિરેન પટેલ પાસેથી મોબાઈલ ફોન, 15,000 રૂપિયાની રોકડ તેમજ કાર મળીને કુલ રૂ.5.30 લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ક્રિકેટ સટ્ટાની દુનિયામાં વિજાપુરના ચિરેન જયંતીભાઈ પટેલનું નામ ખાસુ પ્રચલિત છે. જે મોટા બુકીઓ સાથે સીધો સંપર્કમાં હોવાનું કહેવાઈ રહ્યું છે. જેના ઓનલાઈન સટ્ટા બેટિંગના આઈડી પાસવર્ડની ઊંડાણપૂર્વક તપાસ કરાય તો સારા ઘરના નબીરા - બિલ્ડરો ના નામ પણ ખુલવાની સંભાવના છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી 3 દિવસમાં બીજી વખત ગાંજો ઝડપાયો

## બેંગકોકથી બેગમાં છુપાવીને આવેલા ભારતીય પાસેથી 1.107 કિલો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત, મુસાફરની ધરપકડ

**અમદાવાદ, તા.05**

અમદાવાદ એયરપોર્ટ પરથી નશાકારક પદાર્થોની દાણચોરીનો સિલસિલો યથાવત છે. ત્યારે ગત 4 એપ્રિલના રોજ બેંગકોકથી આવેલા ભારતીય મુસાફર પાસેથી હાઈડ્રોપોનિક ગાંજાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.આ જથ્થાની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત એક કરોડથી વધુ થવા જાય છે.



હેન્ડ બેગ સ્ક્રીનિંગ દરમિયાન શંકાના આધારે, કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ વિયેટ જેટ એરલાઈન્સની ફ્લાઈટ નં. VZ-750 દ્વારા બેંગકોક (ડોન મુઆંગ) થી આવતા ભારતીય નાગરિકને અટકાવ્યો હતો. મુસાફરના હેન્ડ બેગની વિગતવાર તપાસ કર્યા પછી, લીલાશ પડતા પદાર્થવાળા ચાર વેક્યુમ-સીલબંધ પ્લાસ્ટિક પેકેટ મળી આવ્યા.

આ પ્લાસ્ટિકના પેકેટનું તાત્કાલિક પરીક્ષણ કરવામાં આવ્યું. ત્યારે આ પેકેટમાં જે પદાર્થ છે તે હાઈડ્રોપોનિક ગાંજા (કેનાબીસ) હોવાની પરીક્ષણમાં પુષ્ટિ મળી, જેનું વજન 1.107 કિલો હતું.પ્રતિબંધિત સામાન જપ્ત કરવામાં આવ્યો હતો અને NDPS એક્ટ, 1985ની જોગવાઈઓ હેઠળ મુસાફરની ધરપકડ કરવામાં આવી છે.પ્રાથમિક પૂછપરછમાં આ મુસાફર મહારાષ્ટ્રના ઉલ્લાસનનગરનો હોવાનું જાણવા મળ્યું છે. તે કોની પાસેથી અને કોને આપવા ગાંજો લાવ્યો હતો તે અંગે વધુ તપાસ ચાલુ છે.


ઉલ્લેખનીય છે કે અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હેડ્રોપોનિક ગાંજાની દાણચોરીના કિસ્સાઓ સતત વધતાં જઈ રહ્યાં છે. આ ગુનામાં સજાની કડક જોગવાઈ હોવા છતાં આ ગાંજાની ડિમાન્ડને કારણે દાણચોરીના કેસો ઘટવાનું નામ લેતાં નથી. આ દરમિયાન બે દિવસ પહેલા પણ વિયેટ જેટ એરલાઈન્સની ફ્લાઈટ નં. વીઝેડ- 750 દ્વારા બેંગકોક (ડોન મુઆંગ)થી અમદાવાદ આવી રહેલા બે મુસાફર ગાંજાના જથ્થા સાથે ઝડપાયા હતા.

# વિના વરસાદે રસ્તા પર તળાવ ભરાયું: સેક્ટર 5-13માં પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ, હજારો લિટર પાણીનો વેડફાટ

**ગાંધીનગર, તા.05**

ગાંધીનગરના સ્માર્ટ સિટી હોવાના દાવાઓ પર આજે સેક્ટર 5-13ની ચોકડી પાસે પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં પડેલા ભંગાણે સવાલો ઉભા કર્યા છે.મુખ્ય રસ્તા પર પાઈપલાઈન તૂટવાના કારણે લાખો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું.આ ઘટનાને કારણે આખો વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હોય એવા દ્રશ્યો સર્જાયા અને રસ્તા પર પાણીની નદીઓ વહેતી હોય તેવું જોવા મળ્યું હતું.તંત્રની ઘોર બેદરકારીના કારણે હજારો પરિવારો સુધી પહોંચતું પાણી ગટરમાં વહી જતાં શહેરીજનોમાં રોષ જોવા મળ્યો છે.

સવારના વ્યસ્ત સમયે પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે સેક્ટર 5-13ને જોડતા મુખ્ય માર્ગો જળમગ્ન થઈ ગયા હતા.રસ્તા વચ્ચે આવેલા ડિવાઈડરો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જેના કારણે વાહનચાલકો માટે



મુશ્કેલી ઉભી થઈ હતી. એક તરફ પાણી બચાવવાના સંદેશા આપવામાં આવે છે, ત્યારે બીજી તરફ તંત્રની નજર સામે લાખો લિટર પાણીના વેડફાટની આ ઘટના સ્માર્ટ વહીવટી તંત્રની નિષ્ફળતા સાબિત કરી રહી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર,પાઈપલાઈન જર્જરિત હોવા છતાં તેનું યોગ્ય સમયે સમારકામ કરવામાં આવતું નથી. જ્યારે આ ભંગાણ સર્જાયું ત્યારે પણ તંત્રને જાણ કરવા છતાં કલાકો સુધી કોઈ એન્જિનિયર કે ટેકનિકલ ટીમ ઘટનાસ્થળે પહોંચી નહોતી. પાણીનો વેડફાટ થવાની સાથેસાથે તાજેતરમાં જ બનેલા નવા રસ્તાઓને પણ ભારે નુકસાન થવાની ભીતિ છે.

સ્થાનિકોના મતે,લાઈનોના મેન્ટેનન્સમાં રાખવામાં આવતી બેદરકારીને કારણે આવી ઘટનાઓ વારંવાર બને છે.કોઈ પણ પ્રકારના પૂર્વ આયોજન વગર કરવામાં આવતા ખોદકામ અથવા ભંગાર પાઈપલાઈનો પર વધતા દબાણને કારણે આવા ભંગાણ સર્જાય છે.

# SP રીંગ રોડ પરથી 456 દારૂની બોટલ સાથે બુટલેગર ઝડપાયો

## કારમા ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની હેરાફેરી કરતો, સરખેજ પોલીસે 4.47 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો




**અમદાવાદ, તા.05**

અમદાવાદ શહેરના મુમતપુરા તરફ જતા એસપી રીંગ રોડ પર આવેલા કેફેની સામે એક અવાવરૂ પ્લોટમાં એક ગાડીમાં દારૂ બિયરનો જથ્થો હોવાની સરખેજ પોલીસને બાતમી મળી હતી. પોલીસે તપાસ કરીને એક આરોપી ગાડી તથા દારૂ બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

આરોપી ખોટી નંબરપ્લેટ લગાવીને ગાડીમાં આ જથ્થો ભરી લાવીને અમદાવાદમાં બુટલેગરને સપ્લાય કરતો હતો.સરખેજ પોલીસે કુલ 4.47 લાખનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી છે.

સરખેજ પોલીસને બાતમી મળી હતી, જેના આધારે બોપલથી મુમતપુરા જતા રોડ પરથી રેડ કરતા જ રાજસ્થાનનો શાંતિલાલ ચૌધરી (રહે. ઘાટલોડિયા) રંગેહાથ ઝડપાયો હતો.પોલીસે આરોપીની ગાડીની તપાસ કરતા ગાડીમાં ખોટી નંબરપ્લેટ લગાવી હોવાનું સામે આવ્યું હતું. સાથે ગાડીમાંથી દારૂ બિયરની 456 બોટલો પણ મળી આવી હતી.

પોલીસે દારૂ સહિત કુલ 4.47 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછપરછ કરતા તે આ જથ્થો ઉદયપુરથી ખેમરાજ પાસેથી લાવ્યો હોવાનું કબૂલાત કરી હતી. અમદાવાદ પહોંચ્યા બાદ દારૂનો જથ્થો કોને આપવાનો હતો તે બાબતે સરખેજ પોલીસે તપાસ હાથ ધરી છે. પકડાયેલો આરોપી અગાઉ વર્ષ 2018માં પણ સોલા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં ઝડપાયો હતો.

# ગાંધીનગર મનપાનો ટીપી સ્કીમ-20 માટે નિર્ણય: કોબામાં રિવરફ્રન્ટ ફેઝ-3 માટે EWS આવાસ અને અર્બન ફોરેસ્ટના પ્લોટ હવે એમ્યુઝમેન્ટ માટે વપરાશે

**ગાંધીનગર, તા.05**

અમદાવાદ બાદ ફેઝ-3 અંતગર્ત હવે ગાંધીનગરમાં સાબરમતી નદીના કિનારે રિવરફ્રન્ટને કોબા સુધી લંબાવવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ માટે ગાંધીનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીએ ટીપી સ્કીમ-20માં જરૂરી સુધારા વધારા કરવાની દરખાસ્તને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. જોકે આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામત રાખવામાં આવેલા આવાસના પ્લોટ અને કુદરતી ફેફસા સમાન અર્બન ફોરેસ્ટના હેતુ બદલીને ત્યાં હવે ફૂડ પ્લાઝા અને મનોરંજન પાર્ક બનાવવાની તૈયારીઓ તેજ કરવામાં આવતા આ નિર્ણય ગરીબો અને પર્યાવરણ માટે વિવાદનું કેન્દ્ર બને તો નવાઈ નહીં. ગાંધીનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીએ ટીપી સ્કીમ-20માં જરૂરી સુધારા-વધારા કરવાની દરખાસ્તને ફેઝ 3 હેઠળ રિવરફ્રન્ટને કોબા સુધી લંબાવવાની સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ નવા આયોજન હેઠળ રિવરફ્રન્ટના માર્ગોના એલાઈનમેન્ટમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં 18




મીટરના રસ્તાને બદલે હવે 12 મીટરના રસ્તાનું આયોજન કરી સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને EWS આવાસ અને અર્બન ફોરેસ્ટ માટે અનામત રાખવામાં આવેલા પ્લોટના હેતુફેર કરીને ત્યાં લોકો માટે મનોરંજન અને હરવા-ફરવાના સ્થળો વિકસાવવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા રસ્તાના એલાઈનમેન્ટમાં કરવામાં આવેલા ફેરફારોને કારણે વર્ષોથી રહેતા લોકોના માથે વિસ્થાપનની તલવાર લટકી રહી છે. 18 મીટરના રસ્તાને બદલે 12 મીટરના રસ્તાનું આયોજન કરીને સાંકડી ગલીઓ ઊભી કરવાનો પ્રયાસ ટ્રાફિકની સમસ્યામાં વધારો કરશે તેવી ભીતિ છે. વળી ટીપી સ્કીમ-20ની હદમાં વિસંગતતા હોવાનું ખુદ તંત્ર સ્વીકારી રહ્યું છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મેનિફેસ્ટોને કોંગ્રેસનું કમિટમેન્ટ નામ અપાયું

## 6-7 એપ્રિલે 15 મહાનગરપાલિકામાં પ્રેસ કોન્ફરન્સ કરી જાહેર કરાશે, ધારાસભ્ય-સાંસદોને હાજર રાખવા સૂચના

**અમદાવાદ, તા.05**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ જનતાનો વિશ્વાસ જીતીને ફરી બેઠી થવા માટેના પ્રયાસ કરી રહી છે. જે માટે મતદારોને વધુ આકર્ષવા જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો જાહેર કરવાની જાહેરાત પ્રદેશ પ્રમુખ દ્વારા કરવામાં આવી હતી. જે બાદ હવે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 15 મહાનગરપાલિકામાં મેનિફેસ્ટો જાહેર કરવાની છે. આગામી 6 અને 7 તારીખે પ્રેસ કોન્ફરન્સ કરીને મેનિફેસ્ટો જાહેર કરવાની પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ તમામ મહાનગરપાલિકાના પ્રમુખોને સૂચના આપી છે. માત્ર એટલું જ નહીં મેનિફેસ્ટો જાહેર કરતા સમયે વિપક્ષ નેતા, ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય, સાંસદોને પણ હાજર રાખવા માટે સૂચના અપાઈ છે.




ગુજરાત કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એ માત્ર ચૂંટણી નથી, પરંતુ સ્થાનિક સ્તર પર બેઠું થવાનો એક ચાન્સ છે. તેમજ 2027ની વિધાનસભા ચૂંટણી માટે પક્ષને મજબૂત કરવાનો મોકો પણ છે. કારણ કે છેલ્લા ઘણા સમયથી રાજ્યમાં ભાજપનું શાસન છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં પણ ભાજપનું શાસન છે. ત્યારે પ્રજાનો વિશ્વાસ જીતીને તમામ બેઠક પર મજબૂતાઈથી ચૂંટણી લડવા માટે કોંગ્રેસ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. તેમજ જનતાનો વિશ્વાસ જીતવા માટે જનતાના મુદ્દાઓ પર કોંગ્રેસ ચૂંટણી લડવાની છે.

મેનિફેસ્ટો માટે કોંગ્રેસના નેતાઓ વોર્ડ, તાલુકા અને જિલ્લાઓમાં મતદારોના ઘર ઘર સુધી ગયા હતા. મતદારોના શું પ્રશ્નો છે તેને લઈને સૂચનો માંગવામાં આવ્યા હતા. જનતાની શું સમસ્યા છે હજુ પણ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેને ધ્યાનમાં રાખીને તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસનું કમિટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે.

ચૂંટણી માટે બનાવેલી મેનિફેસ્ટોની ટીમ દ્વારા કોંગ્રેસનું કમિટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. જે સૌથી પહેલા 15 મહાનગરપાલિકામાં જાહેર કરવામાં આવશે. જેના માટે 15 મહાનગરપાલિકામાં પ્રેસ કોન્ફરન્સ કરી કોંગ્રેસનું કમિટમેન્ટ જાહેર કરવાની સૂચના આપવામાં આવી છે. કોંગ્રેસ ચૂંટણી જીત્યા બાદ ક્યાં ક્યાં કમિટમેન્ટ પૂરા કરશે તેની જાહેરાત કરવામાં આવશે. જો કે તે બાદ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં જાહેરાત કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ જનતાનો વિશ્વાસ જીતીને ફરી બેઠી થવા માટેના પ્રયાસ કરી રહી છે. જે માટે મતદારોને વધુ આકર્ષવા જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો જાહેર કરવાની જાહેરાત પ્રદેશ પ્રમુખ દ્વારા કરવામાં આવી હતી. જે બાદ હવે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 15 મહાનગરપાલિકામાં મેનિફેસ્ટો જાહેર કરવાની છે. આગામી 6 અને 7 તારીખે પ્રેસ કોન્ફરન્સ કરીને મેનિફેસ્ટો જાહેર કરવાની પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ તમામ મહાનગરપાલિકાના પ્રમુખોને સૂચના આપી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

